# શ્રી ગણધરવાદ



સંપાદક

સ્વાધ્યાયપ્રેમી પૂ. આ. શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મ. સા.

ૐ હ્રીં નમો નાણસ્ય

જગત્ પૂજય શ્રી મોહનમુનિશ્વરજી 'સદ્‌ગુરૂભ્યો' નમઃ

# શ્રી ગણધરવાદ

તથા શ્રી ગૌતમસ્વામીજીનાં પૂર્વના પાંચ ભવો તથા
શ્રી કેશિગણધરને પ્રદેશી રાજાએ પૂછેલા પ્રશ્નોત્તરો તથા
શ્રી ગૌતમસ્વામિનો રાસ, શ્રી જ્ઞાનપદ પૂજા વિગેરેથી યુક્ત




સંપા

ગચ્છાધિપતિ પૂ. આચાર



પ્રકા

પદ્માવતી પ્ર

C\o. શ્રી ઝવેરી સ્ટોર્સ

સુરત-૩૯૫૦૦૨.

આર્થિક સહયોગ દાતા :


**શ્રી કોટ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ**

C/o. શ્રી શાંતિનાથ જૈન દહેરાસર પેઢી

પ્રમુખ શ્રી જયંતિલાલ છોટાલાલ શાહ, ઉમતાવાળા

૧૫૦/૧૫૪, બોરાબજાર સ્ટ્રીટ,

કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

ફોન : ૨૬૧૩૧૬૩


...તમાં સર્વેચ્છિતો થાય છે.
...રમાં, ષડ્દર્શકો ગાય છે.
...તમાં, વિઘ્નો સદા જાય છે.
...મીયે, ભાવે સદા ભક્તિથી

કિંમત રૂા. ૩૫/-

## પૂ. આ. શ્રી ચિદાનંદ સૂરિશ્વરજી મ.સા. પ્રેરિત પદ્માવતી પ્રકાશન મંદિરનું ટ્રસ્ટી મંડળ

૧. શ્રી બાબુભાઈ નેમચંદ શાહ - કાંદિવલી - પ્રમુખ (૮૦૮ ૦૭૩૨)

૨. શ્રી ચંપાલાલજી મુલચંદજી મહેતા - મુંબઈ - ઉપપ્રમુખ (૨૪૨ ૩૬૮૦)

૩. શ્રી મનુભાઈ મંગળદાસ વખારીયા - બોરીવલી - સેક્રેટરી (૮૦૫૮૧૯૫)

૪. શ્રી બાબુભાઈ મંગળદાસ શાહ - વડોદરા - ટ્રસ્ટી (૬૪૫ ૦૮૨)

૫. શ્રી સુરચંદ ઠાકોરદાસ ઝવેરી - ગોપીપુરા, સુરત - ટ્રસ્ટી

૬. શ્રી મહેન્દ્રભાઈ જે. શાહ - નવસારી - મંત્રી (૫૪૦૯૭)

૭. શ્રી દિપકભાઈ આર. ઝવેરી - સુરત - કોષાધ્યક્ષ (૪૧૧ ૬૭૪)

૮. શ્રી હર્ષદભાઈ મગનલાલ શાહ - અમદાવાદ - ટ્રસ્ટી (૫૪૬ ૨૪૬૧)

૯. શ્રી સુધીરભાઈ કાંતિલાલ - સાયન - સહમંત્રી (૪૦૭ ૭૩૧૭)

૧૦. પરશુરામ હીંમતલાલ શાહ - વડોદરા - ટ્રસ્ટી (૪૨૬૬૬૮)

૧૧. શ્રી જગદીશચંદ્ર બાબુભાઈ નગરશેઠ - સુરત - સલાહકાર (૪૩૩૧૯૫)



: મુખ્ય કાર્યાલય :

**પદ્માવતી પ્રકાશન મંદિર - ફોન : ૪૧૧ ૬૭૪**

શ્રી ઝવેરી સ્ટોર્સ, ગોપીપુરા, સુભાષચોક,

સુરત-૩૯૫૦૦૨.

# -: પ્રાપ્તિ સ્થાન :-

૧) **દીપક આર. ઝવેરી C/o. પદ્માવતી પ્રકાશન મંદિર**
૧૦/૧૨૭૦, ગોપીપુરા, હાથીવાલા દેરાસર સામે, મેઈન રોડ, સુરત-૨

૨) **મહેન્દ્ર જે. શાહ C/o. પદ્માવતી પ્રકાશન મંદિર**
૫૧/૫૨, મહાવીર સોસાયટી, ઝવેરી સડક, નવસારી-૩૯૬ ૪૪૫.

૩) **નવભારત સાહિત્ય મંદિર**
૧૩૪, શામળદાસ ગાંધી, ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૨૦૧૭૨૧૩

૪) **સોમચંદ ડી. જૈન**
જીવન નિવાસ સામે, પાણીતાણા.

૫) **શા. મુલચંદ માનમલજી C/o. પદ્માવતી પ્રકાશન મંદિર**
૧૬૨, ગુલાલવાડી, મુંબઈ-૪૦૦૦૦૪.
ફોન : ૨૪૨૩૬૮, ૨૪૨૩૭૪૬

૬) **સેવંતિલાલ વી. જૈન**
૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.

૭) **શા. બાબુભાઈ મંગળદાસ C/o. પદ્માવતી પ્રકાશન મંદિર**
૧૫, અશોકવાટિકા, માંજલપુર, લાલબાગ રેલ્વે ક્રોસિંગ પાસે, વડોદરા.
ફોન : ૬૪૫૦૮૨.

૮) **ઝવેરી સ્ટોર્સ C/o. પદ્માવતી પ્રકાશન મંદિર**
ગોપીપુરા, સુભાષચોક, સુરત.

૯) **મનુભાઈ મંગલદાસ વખારીયા C/o. પદ્માવતી પ્રકાશન મંદિર**
૯૦, ગુલાલવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૨૪૨૬૩૭૬, ૮૦૫૮૧૯૫

૧૦) **જૈન પ્રકાશન મંદિર**
દોશી વાડાની પોળ, અમદાવાદ.
ફોન : ૨૪૨૩૬૮, ૨૪૨૩૭૪૬

## પૂ.શ્રી મોહનલાલજી મહારાજના હસ્તે મુંબઈ તથા સુરતમાં થયેલ જીર્ણોદ્ધારો તેમજ પ્રતિષ્ઠાઓ

### : મુંબઈ :

૧. ચિંતામણી પાર્શ્વનાથયની આસપાસ, પ્રતિમાઓ ગુલાલવાડી, મુંબઈ. વિ.સં. ૧૯૫૨ ફા.સુ.૩

૨. શ્રી ગોડીજી જૈન દેરાસર શ્રી શામળા પાર્શ્વનાથય, પાયધુની, મુંબઈ. વિ.સં. ૧૯૫૨ ફા.સુ.૪

૩. શ્રી વાલકેશ્વરજી જૈન દેરાસર, રીજ રોડ, મુંબઈ. શેઠ શ્રી બાબુ અમીચંદ પન્નાલાલ, વિ.સં. ૧૯૬૦ માગ.સુ.૬

૪. શ્રી આદીશ્વર જૈન દેરાસર, થાણા, મુંબઈ. વિ.સં. ૧૯૬૨ વૈ.સુ.૬

૫. ભાયખલા તથા મલાડ સંઘવી દેવકરણ મુલજી જૈન દેરાસરમાં ગુરૂમૂર્તિ છે.

૬. વિ.સં. ૧૯૪૭માં મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રયના આદ્ય પ્રેરક હતા.

---

વિક્રમ સંવત ૨૦૩૪નાં જેઠ સુદ ૩નાં શેઠ મોતીશા લાલબાગ જૈન દેરાસરમાં ગોખલામાં પૂ. બાલ બ્રહ્મચારી વચનસિદ્ધિ સંપન્ન ૧૦૦૮ શ્રી મોહનલાલજી મહારાજની પ્રતિષ્ઠા પૂ.પં. ચિદાનંદમુનિજી મ.ની પ્રેરણાથી સુરતવાલા શેઠ પાનાચંદ ડાહ્યાભાઈ ઝવેરી તથા તેમના કુટુંબીજનો તરફથી કરાવી હતી.

## : સુરત :

૧. વડાચૌટા નગરશેઠની પોળ, સુરત. વિ.સં. ૧૯૪૭ મા.સુ.૩ શ્રી ગોડીજી પાર્શ્વનાથજી દેરાસરમાં ધાતુનું સમવસરણ શીરોહીનાં દીવાન શેઠશ્રી મેલાપચંદ આણંદચંદ.

૨. શ્રી સીમંધર સ્વામી વડાચૌટા તાળાવાળાની પોળ. શેઠ શ્રી ધરમચંદ ઉદયચંદ વિ.સં. ૧૯૪૮

૩. શેઠ શ્રી આદીશ્વર દેરાસર (કાંકરીયા) ગોપીપુરા માળીફળીયા સુરત. શેઠ શ્રી ઘેલાભાઈ લાલભાઈના ધર્મપત્ની શ્રીમતી કંકુબેન

૪. શ્રી મનમોહન પાર્શ્વનાથ ગોપીપુરા ઓસવાલ મોહલ્લો. શેઠ શ્રી રૂપચંદ લલ્લુભાઈ વિ.સં. ૧૯૫૫. વૈ.સુ.૬.

૫. શ્રી શત્રુંજયાવતાર આદીશ્વર ચૈત્ય કતારગામ સુરત. શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી વિ.સં. વૈ.સુ.૧૩

૬. શ્રી સીમંધર સ્વામી નાનપુરા સુરત. શેઠ શ્રી રાજાભાઈ રતનચંદની ધર્મપત્ની શ્રીમતી ઈચ્છાબેન વિ.સં. ૧૯૫૬ માગ.સુ.૬

૭. શ્રી સુરજમંડન પાશ્વનાથજી હાથીવાલો ખાંચો, ગોપીપુરા, સુરત શેઠ જીવણચંદ ધરમચંદ તથા શેઠ શ્રી બાબુભાઈ મુલચંદ વિ.સં. ૧૯૫૬.

૮. શ્રી કુંથુનાથ જૈન દેરાસર ગોપીપુરા મેઈન રોડ, સુરત. શેઠ શ્રી રૂપચંદ લલ્લુભાઈ વિ.સં. ૧૯૫૭

૯. શ્રી સમવસરણ દેરાસર નાણાવટ, સુરત વિ.સં. ૧૯૬૩

# સંપાદકીય નિવેદન

ગણધરવાદમાં જૈન દર્શનનું મૌલિક તત્વજ્ઞાન છે એથી આત્માની સાચી ઓળખાણ થાય છે. આત્મ-લક્ષ્ય વિનાની ક્રિયા એકડા વિનાના મીંડા જેવી છે. તેથી સૌ કોઈ આત્મા-તત્વને સમજે અને દરેક ક્રિયા આત્મ-લક્ષ્ય પૂર્વક કરે એવા શુભાશયથી અને સ્વપરને સ્વાધ્યાયમાં ઉપકારક થાય તે માટે આ ગણધરવાદનું સંકલન કર્યું છે. બાળ જીવો પણ સરળતાથી સમજી શકે એ માટે સાદી સરલ ગુજરાતી ભાષાનો ઉપયોગ કર્યો છે.

બેસતે વર્ષે દિવાળીમાં, શ્રી પર્યુષણપર્વમાં તથા દરરોજ ઉપયોગી થાય તે માટે શ્રી ગૌતમસ્વામીજીનો રાસ તથા શ્રી ગૌતમાષ્ટકમ્ તથા જ્ઞાનપદ પૂજા તથા દિવાળીના દેવવંદન તથા શ્રી ગૌતમ સ્વામીજીનાં પૂર્વના પાંચભવો જે કર્મની થીયરી સમજવામાં ઉપયોગી છે વળી તે બહુ પરિચિત નથી. તેથી તેનો તથા કેશીગણધર તથા પ્રદેશી રાજાના પ્રશ્નોત્તરોનો પણ આ ગ્રન્થમાં સમાવેશ કર્યો છે. શ્રી જિનેશ્વર પ્રભુની આજ્ઞા વિરૂધ્ધ કાંઈપણ લખાયું હોય તો તેને ત્રિવિધે મિચ્છામિ દુક્કડં આપું છું.

ગચ્છતઃ સ્ખલના કવાપિ, ભવત્યેવ પ્રમાદતઃ ।

હસન્તિ દુર્જના સ્તત્ર, સમાદધતિ સજ્જનાઃ ॥

- દા. આ. ચિદાનંદસૂરિશ્વરજી

શ્રી શાંતિનાથજી દેરાસર,

ફોર્ટ, મુંબઈ.

સંવત ૨૦૫૬

ભાદરવા સુદ-૫

# નિમિત્તમાત્રમ્

વિક્રમ સંવત ૨૦૨૫માં વઢવાણમાં પર્યુષણ કરાવવા પૂ. ગુરૂમહારાજની આજ્ઞાથી જવાનું થયું. ભાદરવા સુદ-૨ના ગણધરવાદ વાંચવાના અવસરે ત્યાં વરઘોડાની પ્રથા હતી. શ્રી સંઘને ગણધરવાદનું મહત્ત્વ સમજાવતા વરઘોડો ભા.સુ.૫.નો રાખ્યો. પંડિતજી અમુલખભાઈના સહકારથી ગણધરવાદ પુસ્તકનું ગુજરાતીમાં સંકલન કર્યું.

વિ.સં. ૨૦૨૬માં પં. શ્રી કીર્તિમૂનિજી ગણિવર્યની નિશ્રામાં ચોમાસુ અમદાવાદ વીરના ઉપાશ્રયે થયું અને ગણધરવાદ પુસ્તકનું કામ શરૂ કરાયું. આ ગણધરવાદમાં પ.પૂ. વિનયવિજયજી મહારાજની કલ્પસૂત્ર સુબોધિકા તથા પ.પૂ.પં. શ્રી ભાનુવિજય ગણીવરજીના ગણધરવાદ તથા પં.શ્રી ભદ્રંકરવિજય ગણીવરના ગ્રન્થોનો આધાર લીધો છે, માટે તેઓશ્રીના અમો ઋણી છીએ.

વિક્રમ સંવત ૨૦૫૫નું ચાર્તુમાસ મુંબઈ ફોર્ટમાં થયું. ગણધરવાદની નકલો અપ્રાપ્ય થવાથી ફોર્ટ સંઘના પ્રમુખશ્રી જયંતિભાઈ છોટાલાલ શાહ - ઉમતાવાળાના સહકારથી આ ગણધરવાદનું પુનઃ પ્રકાશન થયું છે. આ ગ્રન્થ અનેક પૂ. સાધુ-સાધ્વીજી મહારાજ તથા શ્રાવક-શ્રાવિકાને પણ ઉપયોગી થશે.

**- આ. ચિદાનંદસૂરીશ્વરજી**

શ્રી બાબાજીપુરા શ્વે.મૂ. જૈન સંઘ
શ્રી ગોડીજી પાર્શ્વનાથ દહેરાસર,
રાજમહેલ રોડ, ડેરા પોળ,
વડોદરા-૩૯૦ ૦૦૧.

સંવત ૨૦૫૬,
ભાદરવા સુદ - ૫

# ગણધરવાદ પ્રસ્તાવના

## પ.પૂ. આચાર્યદેવ નિરંજનસાગરસૂરિ નિશ્રાવર્તિ
## તપસ્વી મુનિ વૈરાગ્યરત્નસાગર

પર્યુષણ મહાપર્વમાં પરમ પવિત્ર કલ્પસૂત્રમાં ગણધરવાદ આવે છે. જેમાં આજથી ૨૫૨૭ વર્ષ પહેલા બનેલી એક અદ્વિતીય અલૌકિક રોમાંચક ઘટના છૂપાયેલી છે.

અહંકારની હિમાલયની ટોચ પર ચઢી ચૂકેલા ઈન્દ્રભૂતિ પ્રમુખ પંડિતો પોતાની જાતને વિદ્વતાના ક્ષેત્રમાં સર્વેસર્વા માનતા હતા, તેઓ સોમીલ બ્રાહ્મણે યોજેલ યજ્ઞ કાર્યમાં એકત્રિત થયા હતા, ત્યારે થોડે દૂર અપાપાપુરીના મહાસેન વનમાં પ્રભુ મહાવીર સમવસરણમાં બિરાજમાન હતા. તે વખતે દેવો આકાશમાર્ગેથી આવી રહ્યા હતા. આ પ્રસંગે ઈન્દ્રભૂતિ આદિ ૧૧ મહાપંડિતો મનોમન ફૂલાઈ જઈ વિચારી રહ્યા હતા કે આ દેવો અમારા યજ્ઞના પ્રભાવે અહીં આવી રહ્યા છે.

પરંતુ જયારે દેવો યજ્ઞ મંડપ છોડી આગળ જવા લાગ્યા ત્યારે ઈન્દ્રભૂતિ આદિ પંડિતો ભોઠાં પડી ગયા, અને મનમાં હર્ષને બદલે વિષાદ છવાઈ ગયો. છેવટે લોકોની વાતચીત ઉપરથી જણાયું કે મહાવીર પ્રભુ પાસે જઈ રહ્યા છે, ત્યારે ઈન્દ્રભૂતિ ગર્વિત થઈ વિચારે છે કે હું હમણાં જ તે ધૂર્તને જીતીને મારૂ સર્વજ્ઞપણું સાબિત કરૂં છું. એમ વિચારી પોતાના પાંચસો શિષ્યો સાથે સમવસરણ તરફ પગરણ માંડે છે. દૂરથી સમવસરણ નિહાળે છે અને તેઓનું અભિમાન ઓગળી જાય છે. આશ્ચર્ય ચકિત થયેલા પ્રભુ નજીક પહોંચે છે. પ્રભુ કહે

છે કે, હે ઈન્દ્રભૂતિ સુખે આવ્યા ! તે અવસરે પણ અહંકારથી ઉન્મત બનેલા તે મનોમન વિચારે છે કે મને આ દુનિયામાં કોણ ન ઓળખે ! પરંતુ પ્રભુવીરે તેના જ વેદ પદથી થયેલી શંકાનું સચોટ અનેકાંત શૈલીથી સમાધાન કર્યું ત્યાં તો ઈન્દ્રભૂતિ નત મસ્તક બની ગયા અને સંપૂર્ણ રીતે પ્રભુને સમર્પિત થઈ ગયા.

જયાં પોતાના વડીલ ઈન્દ્રભૂતિને આ રીતે પ્રભુના ચરણે સમર્પિત થતાં બીજા પંડિતો પણ પ્રભુ સન્મુખ ઉપસ્થિત થયા અને દરેક પંડિતોના વેદ પદોના સંશયો પ્રભુએ બતાવી સ્યાદ્વાદ શૈલીથી યુક્તિ પ્રયુક્તિપૂર્વક સમાધાન કર્યું. આ રીતે બધા પંડિતોની શંકાઓનું પ્રભુ દ્વારા નિરાકરણ થતાં દરેક પંડિતોએ પ્રભુના ચરણોમાં સ્વ શિષ્યો સાથે ઈન્દ્રભૂતિ પંડિતની જેમ પોતાની જાતનું સમર્પણ કર્યું.

આમ એક સાથે ૧૪૪ આત્માઓનું જીવન પરિવર્તન થયું દીક્ષાગ્રહણ કરી પ્રભુના મુખ્ય શિષ્યો ગણધરો બન્યા અને પ્રભુના શાસનની ધૂરાને વહન કરનારા થયા.

સંક્ષેપમાં ૧૧ મહાપંડિતોનો પ્રભુ સાથે જે (સંવાદ) થયો તેનું વિસ્તૃત તાત્વિક માર્મિક, અર્થગંભીર વિવેચન તે ગણધરવાદ. આ જૈન ધર્મનો મૂળભૂત તત્ત્વજ્ઞાનનો અખૂટ અને અમૂલ્ય ખજાનો છે.

આવા તત્ત્વ ભરપૂર, કર્મસંહારક, ભવનિસ્તારક ગણધરવાદના રહસ્યને અંતરમાં ઉતારી આપણે પણ ઈન્દ્રભૂતિ આદિ મહાપંડિતોની જેમ જીવન પરિવર્તન કરી મળેલ જૈનકૂળ અને જૈન શાસનને સાર્થક કરીએ અને પરંપરાએ પરમ સુખના સ્થાનરૂપ મુક્તિપદના ભોકતા બનીએ એ જ મંગલ અભિલાષા.

# ગણધરવાદ - એક સંવાદ

## પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર મુનિ મહારાજ, મુંબઈ.

ગ્રંથ-શિરોમણી શ્રી **'કલ્પસૂત્ર'**ના છઠ્ઠા વ્યાખ્યાનના અંતર્ગત 'ગણધરવાદ'ની એક વિશિષ્ઠતા છે કારણ તેમાં તત્ત્વજ્ઞાનની ચર્ચા છે.

ભગવાન **મહાવીરદેવે** સાથે ૧૧ ગણધરોની આ પ્રશ્નોત્તરીને ગણધર-વાદ કહેવામાં આવે છે. આ એક અદ્ભુત સંવાદ છે.

સર્વજ્ઞ પ્રભુ **મહાવીરદેવ** જ્યારે વેદ-પદોનું વિશ્લેષણ કરીને અને તેનુ યોગ્ય રીતે અર્થઘટન કરીને ગણધરોને સમજાવ્યું ત્યારે તેઓ ભગવાનના અંતેવાસી શિષ્યો બની ગયા. તેઓ વેદપાઠી પ્રકાંડ વિદ્વાનો હોવા છતાં તેમના અંતઃકરણમાં સુષુપ્ત શંકાઓએ તેમને જગાડ્યા. ભગવાન પાસેથી તેમને સમાધાન લાધ્યું.

**ઈન્દ્રભૂતિ ગૌતમને** આત્માના અસ્તિત્વ વિશે શંકા હતી, અગ્નિભૂતિ કર્મ વિશે, **વાયુભૂમિને** જીવ-શર્રીરિક્ય અંગે, **વ્યક્તને** પંચભૂત અંગે, **સુધર્માને** જન્મ-સાદશ્ય માટે, **મંડિતને** કર્મના બંધ માટે, **મૌર્યપુત્રને** સ્વર્ગ (દેવ) વિશે, **અંકપિતને** નારકી વિશે, **અચલભ્રાતાને** પુણ્ય-પાપ માટે, **મેતાર્યને** પુનર્જન્મ (પરભવ) અને પ્રભાસને મોક્ષ અંગેની શંકાઓનું સમાધાન થતાં જ તેમણે ભગવાનના ચરણનું શરણ સ્વીકારી લીધું.

પ્રતિવર્ષ શ્રી સંઘ સમક્ષ સંભળાવવામાં આવતો આ ગણધરવાદ અહિં સંક્ષિપ્તમાં રજૂ કરાયો છે.

આ સંદર્ભમાં જ અને પ્રાચીન રચના પણ પ્રકાશિત કરવામાં આવી છે. તેની ભાષા જુની ગુજરાતી છે.

પરમ પૂજ્ય ગુરૂદેવ, આચાર્યદેવશ્રી ચિદાનંદ સૂરિશ્વરજી મ.ની આજ્ઞાથી થોડુંક પ્રાસંગિક લખી મોકલ્યું છે. દરેક મુમુક્ષુ, સ્વાધ્યાયપ્રેમી સાધકોને આ ઉપયોગી થશે એવી મારી શ્રધ્ધા છે અસ્તુ.

## ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત

## ૧૧ ગણધર નમસ્કાર

### ૧. ઈન્દ્રભૂતિ

પહિલો ગણધર ઈન્દ્રભૂતિ મલ્હાર.
પૃથિવી માતા ગુ x x x ત્રિભુવન આધાર.
ધારણ ધ્યાન સમાધિ શુધ્ધિ મુનિકુલ શ્રૃંગાર,
ગરિવાહત x x x
x x x x x
x x x જિન બૂઝવ્યો પ્રણમેં જસ ઉવઝાય ૧

### ૨. અગ્નિભૂતિ

અગનિભૂતિ બીજો નમું હુઓ ગોબર ગામેં,
x x x વરિઓ ગુણ અભિરામે;
કરમ સંદેહિં દીખીઓ, જિન શુભ પરિણામેં;
વિચરેં સંવર આદરી, બહુ નગર ને ગામે;
ગામ ગામ વિચરતો એ, કરે ભવિક ઉપગાર;
વરસ બિહુત્તર આઉખું, વાચક જસ જયકાર. ૨

## ૩. વાયૂભૂતિ

માત તાતિ ગામ એક, ત્રીજો તસ ભાયા;
સિત્તરિ વરસનું આઉખું, વાયુભૂતિ સુહાયા;
દોય બંધવ દીક્ષીત સુણી, છાંડે મદ માયા;
જિન વંદે સંશય ટલ્યો, તેહ જીવ તે કાયા;
કાયા સોવન વાન ભલીએ, તેજે તરૂણ પ્રકાશ:
શ્રી નયવિજય બુધ સુસીસનેં, દેજો **સુજસ** વિલાસ ૩

## ૪. વ્યક્ત

ધણમિત્તહ વારૂણિ તણો, શ્રી વ્યક્ત તે વંદો;
સંનિવેસ કોલ્લાક જે, જયો સુખકંદો;
ભૂત સંશય દૂરિ કરિઓ, વંદી જિનચંદો;
વરસ એંસીનું આઉખું, ટાલે દુ:ખ-દંદો;
દુ:ખ દંડગ દોહગ હરેએ, એહવા ગુરૂનું ધ્યાન;
વાચક **જસ** કહે વલી વલી, કીજે તસ ગુણગાન. ૪

## ૫. સુધર્મા (સોહમ)

સંનિવેસ કોલ્લાસ ગામ, જાયો લહી ધર્મ્મ;
ઈહ ભવિ પરભવિ તેહવો, હરે સંશય મર્મ્મ;
ધમ્મિલહ ભદ્દિલતણયજ, શ્રી સ્વામિ સુધર્મ્મ;
વર્ષ એકશત આયુ પાલિ, પામ્યા શિવ શર્મ્મ;
શર્મ અનંતા અનુભવે એ, ચિદ્દાનંદ કલ્લોલ;
વાચક **જસ** કહે મુઝ દીઓ, તે શમસુખ રંગરોલ. ૫

## ૬. મંડિત

સંનિવેશ મોરિય વિશેષ, વિજયા ધણદેવ;
અંગજ મંડિત જેહની, પંડિત કરે સેવ;
બંધ મોક્ષ સંશય હરી, દેખ્યો જિનદેવ;
એંસી વરસનું આઉખું, શમ સંવર ટેવ;
ટેવ ઘણી જિન-ભક્તિનીએ, પૂરી શિવપુર પત્ત;
શ્રી નયવિજય સુગુરૂ તણો, સેવક સમરેં નિત્ત ૬

## ૭. મોર્યપુત્ર

મોર્યપુત્ર મૌરીય નિવેસ, મૌર્ય કુલ-હંસ;
વિજયા અંગજ સાતમો, ગણધર અવતંસ;
સુરસંશય જિન બુઝવ્યો, નહી મદનો અંસ;
વરસ પંચાણું આઉખૂં, દીપાવ્યો વંશ;
વંશ ઉદ્યોત સુહંકરૂ એ, જિન શાસન દૃઢ રંગ;
વાચક **યશ** મન તસ ગુણે, રમે કમલ જિમ ભૃંગ. ૭

## ૮. અકંપિત

દેવ જયંતા તનય, મિથિલાઈ જાયો;
નમું અકંપિત આઠમો, સુરનારી ગાયો;
નારક સંશય અપહર્યો, જિનવર સમજાયો;
વરસ અઠોતર આઉખું, પાલી શિવ પાયો;
પાયો શિવ ગણધર ભલો એ, તેહનું લે તું નામ;
વાચક **યશ** કહેં પીમીઈ, વંછિત ઠામોઠામ. ૮

## ૯. અચલભ્રાતા

અચલભ્રાતા કોશિલાઈ, વસુનંદા જાત;
પુણ્ય પાપ સંશય હરેં, પ્રભુ મુગતિ વિખ્યાત;
બહોત્તર વરસનું આઉખું, પાલી શિવ પાયોલિ અવદાત;
મુગતિં પોહતો ગાઈએં, નવમા તે પ્રભાત;
સુપ્રભાત તસ નામથી એ, ટાલેં જનમ જંજાલ;
વાચક **જસ** કહે પામીએ, મંગલ રંગ વિશાલ.

## ૧૦. મેતાર્ય

પુત્ર દત્ત વરૂણા તણો, મેતારજ સ્વામિ;
ગામ તે તુંગીય સન્નિવેસ, જિન સેવા પામી;
પરભવ સંશય નીગમી, થયા થિર પરિણામી;
આઉ વરસ બાસઠિ ધરી, હુઆ શિવ ગયગામી;
ગજગામી સ્વામી નમું એ, દસમા ગણધર તેહ;
વાચક **જસ** કહે તેહસ્યું, ધરીઈ ધરમ-સનેહ. ૧૦

## ૧૧. પ્રભાસ

રાજગૃહે ગણધર પ્રભાસ, સંશય નિર્વાણ;
બલ અતિ ભદ્રાસુત ભલો, દિકખેં જિનભાણ;
વરસ ચ્યાલીસનું આઉખું, પાલી સુપ્રમાણ;
શિવપુર પુહતા તેહની, વહીઈ શિવ આણ;
આણ સુગુરૂની શિર વહીએ, એહ કહે ઉવએસ;
શ્રી નયવિજય સુગુરૂ તણો, સેવક **જસ** સુવિસેસ. ૧૧


**સંગ્રાહક - પ્રવર્તક :**

**શ્રી મૃગેન્દ્રમુનિ**

# ગૌતમ સ્વામીનું પ્રભાતીયું

જેનું અદભૂત રૂપ નિરખતાં, ઉરમાં નહિ આનંદ સમાય
જેનાં મંગલ નામે જગમાં, સઘળા વાંછિત પૂરણ થાય
સુતરરૂ સુરમણિ સુરઘટ કરતાં, જેનો મહમિા અધિક ગણાય
એવા શ્રી ગુરૂ ગૌતમ ગણધર પદ પંકજ નમું શિષ નમાય ...૧
વીર પ્રભુનાં શિષ્ય પ્રથમ જે સકલ લબ્ધિતણાં ભંડાર
વસુભૂતિ દ્વિજ નંદન નવલા પૃથ્વીમાત હૃદયનાં હાર
જગમાં નહિ કોઈ એહવું કારજ જે તસ નામે ના સિધ્ધ થાય
એવા શ્રી ગુરૂ ગૌતમ ગણધર પદ પંકજ નમુ શિષ નમાય ...૨
પંદરસો તાપસ પ્રતિબોધી પળમાં કેવળનાણી કર્યા, નિજ
લબ્ધે અષ્ટાપદ ચડીને ચઉવીશ જિનવર પય પ્રણમ્યા,
જીવનભર પ્રભુ વીર ચરણની જેણે ભક્તિ કરી સુખદાય,
એવા શ્રી ગુરૂ ગૌતમ ગણધર પદ પંકજ નમું શીષ નમાય ...૩
માન થયું જશ બોધ નિમિત્તક ને ગુરૂ ભક્તિ નિમિત્તક રાગ
થયો વિષાદ ખરેખર જેનો કેવલવર દાયક મહાભાગ
નીરખી જસ અદભૂત આ જીવન કોને મન નવિ અચરજ થાય
એવા શ્રી ગુરૂ ગૌતમ ગણધર પદ પંકજ નમું શિષ નમાય ...૪
વીર વદનથી વેદ વચનનાં અર્થ યર્થાથ સુણી તત્કાલ,
બોધ લહી પણસય સહ છાત્રે સ્વીકાર્યુ સંજમ અસરાલ,
ત્રિપદી પામી અંતમુહૂર્તે દ્વાદશ અંગ રચ્યા ક્ષણમાંય
એવા શ્રી ગુરૂ ગૌતમ ગણધર, પદ પંકજ નમું શીષ નમા ...૫

**સંગ્રહકાર - શ્રી ધર્મઘોષમુનિજી મ.**


(ગુરુ ગૌતમસ્વામી)


મુંબઈમાં પ્રથમ પ્રવેશ કરનાર જગત્ પૂજ્ય બાલબ્રહ્મચારી

## પૂ. શ્રી મોહનલાલજી મહારાજા



**જન્મ :** વિ. સં. ૧૮૮૭, વૈશાખ સુદ ૬, ચાંદપુર (મથુરા)
**દીક્ષા :** વિ. સં. ૧૯૦૩, મક્ષીજી
**તપાગચ્છ ક્રિયા :** વિ. સં. ૧૯૪૯
**સ્વર્ગવાસ :** વિ. સં. ૧૯૬૩, ચૈતર વદ ૧૨, સુરત

## ગચ્છાધિપતિ પૂ. ચિદાનંદ સૂરિશ્વરજી મ.સા.



**જન્મ :** વૈશાખ વદ ૧૦ તા. ૧૦-૫-૧૯૧૩ સુરત

**દીક્ષા :** સંવત ૨૦૦૩ વૈશાખ વદ ૧૧ પાંચેટીયા (રાજસ્થાન)

**પન્યાસપદ :** ૨૦૨૬ ફાગણ સુદ ૭ તા. ૧૪-૩-૭૦ પાટણ

**આચાર્યપદવી :** ૨૦૪૦ વૈશાખ વદ ૧૧ તા. ૨૬-૫-૮૪ (સુરત) માંડવી.



જ્ઞાનપ્રાપ્તિ બાદ દેવનિર્મિત 'સમવસરણ'

# શ્રી ગૌતમ સ્વામ્યષ્ટકમ્

શ્રી ઈન્દ્રભૂતિં વસૂભૂતિપુત્રં, પૃથ્વીભવં ગૌતમગૌત્ર રત્નમ્ ।
સ્તુવન્તિ દેવાસુરમાનવેન્દ્રાઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૧

શ્રી વર્ધમાનાત્ ત્રિપદીમવાપ્ય, મુહૂર્તમાત્રેણ કૃતાનિ યેન ।
અંગાનિ પૂર્વાણિ ચતુર્દશાપિ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૨

શ્રી વીરનાથેન પુરા પ્રણીતં, મંત્ર મહાનંદ સુખાય યસ્ય ।
ધ્યાયંત્યમી સૂરિવરાઃ સમગ્રા, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૩

યસ્યાભિધાનં મુનયોऽપિ સર્વે, ગૃહ્ણંતિ ભિક્ષા ભ્રમણસ્યકાલે ।
મિષ્ટાન્નપાનાંબર પૂર્ણકામાઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૪

અષ્ટાપદાદ્રૌ ગગને સ્વશક્ત્યા, યયો જિનાનાં પદવન્દનાય ।
નિશમ્ય તીર્થાતિશયં સુરેભ્યઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૫

ત્રિપંચસંખ્યા શતતાપસાનાં, તપઃકૃશાનામપુનર્ભવાય ।
અક્ષીણલબ્ધ્યા પરમાન્નદાતા, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૬

સદક્ષિણં ભોજનમેવ દેયં, સાધર્મિકં સંઘસર્પયેતિ ।
કૈવલ્યવસ્ત્રં પ્રદદૌ મુનીનાં, સ ગૌતમો યચ્છતું વાંછિતં મે ૭

શિવં ગતે ભર્તરિ વીરનાથે, યુગપ્રધાનત્વમિહૈવ મત્વા ।
પટ્ટાભિષેકો વિદધે સુરેન્દ્રૈઃ, સ ગૌતમો યચ્છતું વાંછિતં મે ૮

ત્રૈલોક્યબીજં પરમેષ્ઠિબીજં, સદ્ધ્યાનબીજં જિનરાજબીજં ।
યન્નામચોક્તં વિદધાતિ સિદ્ધિં, સ ગૌતમો યચ્છતું વાંછિતં મે ૯

શ્રી ગૌતમસ્યાષ્ટકમાદરેણ, પ્રબોધકાલે મુનિપુંગવા યે ।
પઠન્તિ તે સૂરિપદં ચ દેવા-નન્દં લભન્તે નિતરાં ક્રમેણ ૧૦

# શ્રી ગૌતમસ્વામીનો રાસ

## (ઢાળ પહેલી)

વીર જિણેસર ચરણકમલ-કમલા-કય-વાસો, પણમવિ પભણિસુ સામિ, સાર ગોયમગુરૂ રાસો, મણ તણુ વયણ એકંત કરવિ, નિસુણો ભો ! ભવિઆ, જિમ નિવસે તુમ દેહ ગેહ, ગુણગણ ગહગહિઆ. ૧ જંબુદીવ સિરિભરહખિત્ત, ખોણીતલમંડણ, મગધદેશ સેણિય નરેસ, રિઉદલ બલખંડણ, ધણવર ગુવ્વરનામ ગામ, જહિં ગુણગણ સજ્જા, વિપ્પ વસે વસુભૂઈ તત્થ, તસુ પુહવી ભજ્જા. ૨ તાણ પુત્ત સિરિ ઈંદભૂઈ, ભૂવલય પસિદ્ધો. ચઉદહ વિજ્જા વિવિહ રૂવ, નારિ રસ વિદ્ધો (લુદ્ધો), વિનય વિવેક વિચાર સાર, ગુણગણહ મનોહર, સાત હાથ સપ્રમાણ દેહ, રૂપે રંભાવર. ૩ નયણ વયણ કર ચરણ જિણવિ, પંકજ જળે પાડિઅ, તેજે તારા ચંદ સૂર, આકાશે ભમાડીઅ, રૂવે મયણ અનંગ કરવિ, મેલ્હિઓ નિરધાડિઅ, ધીરમેં મેરૂ ગંભીર સિંધુ, ચંગિમ ચયચાડિઅ. ૪ પેખવિ નિરૂવમ રૂવ જાસ, જણ જંપે કિંચિઅ, એકાકી કલિ ભીતે ઈત્થ, ગુણ મેહલ્યા સંચિઅ, અહવા નિશ્ચે, પુવ્વ જમ્મે, જિણવર ઈણે અંચિઅ, રંભા પઉમા ગૌરિ ગંગા રતિ, હા વિધિ વંચિઅ. ૫ નહિ બુધ નહિ ગુરૂ કવિ ન કોઈ, જસુ આગળ રહિઓ, પંચસયાં ગુણપાત્ર છાત્ર, હીંડે પરિવરિઓ; કરે નિરંતર યજ્ઞ કર્મ, મિથ્યામતિ મોહિઅ; ઈણે છલિ હોસે ચરણનાણ; દંસણ વિસોહિઅ. ૬

## વસ્તુ છંદ

જંબુદીવહ, જંબુદીવહ, ભરહવાસંમિ, ભૂમિતલમંડણ, મગધદેસ, સેણિયનરેસર, વર ગુવ્વર ગામ તિહાં, વિપ્પ વસે વસુભૂઈ સુંદર, તસુ ભજ્જા પુહવી, સયલ ગુણગણ રૂવનિહાણ, તાણ પુત્ત વિજ્જાનિલો, ગોયમ અતિહિ સુજાણ. ૭.

## ભાષા (ઢાળ બીજી)

ચરમ જિણેસર કેવળ નાણી, ચઉવિહ સંઘ પઈઠ્ઠા જાણી; પાવાપુરી સામી સંપત્તો, ચઉવિહ દેવ નિકાયે જુત્તો. ૮. દેવે સમવસરણ તિહાં કીજે, જિણ દીઠિ મિથ્યામતિ ખીજે; ત્રિભુવન ગુરૂ સિંહાસણે બેઠા, તતખિણ મોહ દિગંતે પેઠા ૯. ક્રોધ, માન, માયા, મદ પુરા, જાએ નાઠા જિમ દિન ચૌરા; દેવ દુદુંભિ આકાશે વાજે, ધર્મ નરેસર આવ્યા ગાજે. ૧૦. કુસુમવૃષ્ટિ વિરચે તિહાં દેવા, ચઉસઠ ઈંદ્ર જસુ માગે સેવા; ચામર છત્ર શિરોવરિ સોહે, રૂપેહી જિણવર જગ સહુ મોહે. ૧૧. ઉપસમ રસભર ભરિ વરસંતા, યોજનવાણી વખાણ કરંતા; જાણિઅ વર્ધમાન જિન પાયા, સુરનર કિંનર આવે રાયા. ૧૨. કાંતિસમૂહે ઝલહલકંતા, ગયણ વિમાણે રણરણકંતા; પેખવિ ઈંદભૂઈ મન ચિંતે, સુર આવે અમ્હ યજ્ઞ હોવંતે. ૧૩. તીર તરંડક જિમ તે વહતા, સમવસરણ પુહતા ગહગહતા; તો અભિમાને ગોયમ જંપે, તિણે અવસરે કોપે તણુ કંપે. ૧૪ મૂઢ લોક અજાણ્યો બોલે, સુર જાણંતા ઈમ કાંઈ ડોલે; મૂ આગળ કો જાણ ભણીજે, મેરૂ અવર કિમ ઉપમા દીજે. ૧૫.

## વસ્તુ છંદ

વીર જિણવર વીર જિણવર, નાણસંપન્ન, પાવાપુરી સુરમહિઅ પત્તનાહ સંસાર તારણ, તહિં દેવેહિં નિમ્મવિઅ સમોસરણ બહુ સુખકારણ, જિણવર જગ ઉજ્જોઅકરે, તેજે કરી દિણકાર; સિંહાસણે સામી ઠવ્યો, હુઓ સુજય જયકાર. ૧૬.

## ભાષા (ઢાળ ત્રીજી)

તવ ચડિઓ ઘણમાણગજે, ઈંદભૂઈ ભૂદેવ તો; હુંકારો કરિ સંચરિઓ, કવણસુ જિણવર દેવ તો. ૧૭ યોજન ભૂમિ સમોસરણ, પેખે પ્રથમારંભ તો, દહદિસિ દેખે વિબુધવહૂ, આવંતી સુર રંભ તો, ૧૮ મણિમય તોરણ દંડ ધજ, કોસીસે નવ ઘાટ તો, વયર વિવર્જિત જંતુ ગણ, પ્રાતિહારજ આઠ તો. ૧૯ સુર નર કિંનર અસુર વર, ઈંદ્ર ઈંદ્રાણિ રાય તો; ચિત્તે ચમક્કિય ચિંતવે એ, સેવંતા પ્રભુપાય તો. ૨૦. સહસકિરણ સમ વીર જિણ, પેખવિ રૂપ વિશાલ તો; એહ અસંભવ સંભવે એ, સાચો એ ઈંદ્રજાળ તો. ૨૧ તવ બોલાવે ત્રિજગગુરૂ, ઈંદભૂઈ નામેણ તો; શ્રીમુખે સંશય સામિ સવે, ફેડે વેદપએણ તો. ૨૨. માન મેલ્હી મદ ઠેલી, કરી ભક્તિએ નામી શીષ તો; પંચ સયાંશુ વ્રત લીઓ એ, ગોયમ પહેલો સીસ તો. ૨૩ તવ બંધવ સંજમ સુણવિ કરી, અગનિભૂઈ આવેય તો; નામ લેઈ આભાષ કરે, તે પણ પ્રતિબોધેય તો. ૨૪. ઈણે અનુક્રમે ગણહર રયણ, થાપ્યા વીરે

અગ્યાર તો; તવ ઉપદેસે ભુવન ગુરૂ, સંયમ શું વ્રત બાર તો. ૨૫ બિહું ઉપવાસે પારણું એ, આપણપે વિહરંત તો; ગોયમ સંયમ જગ સયલ, જયજયકાર કરંત તો. ૨૬

## વસ્તુ છંદ

ઈંદભૂઈઅ, ઈંદભૂઈઅ, ચડિઅ બહુમાને, હુંકારો કરિ કંપતો, સમોસરણે પહોતો તુરંત, અહ સંસા સામિ સવે, ચરમનાહ ફેડે ફુરંત, બોધિ બીજ સંજાય મને, ગોયમ ભવહ વિરત્ત; દિક્ખ લેઈ સિક્ખા સહિઅ, ગણહર પય સંપત્ત. ૨૭.

## ભાષા (ઢાળ ચોથી)

આજ હુઓ સુવિહાણ, આજ પચેલિમા પુણ્ય ભરો; દીઠા ગોયમ સામિ, જો નિઅ નયણે અમિય ભરો. ૨૮. (સિરિ ગોયમ ગણધાર, પંચસયાં મુનિ પરિવરિય; ભૂમિય કરે વિહાર, ભવિયણને પડિબોહ કરે.) સમવસરણ મઝાર, જે જે સંશય ઉપજે એ; તે તે પર ઉપકાર, કારણે પૂછે મુનિપવરો. ૨૯. જિહાં જિહાં દીજે દિક્ખ, તિહાં તિહાં કેવળ ઉપજે એ; આપ કન્હે અણહુંત, ગોયમ દીજે દાન ઈમ. ૩૦. ગુરૂ ઉપરિ ગુરૂ ભત્તિ, સામી ગોયમ ઉપનીય; એણિ છળ કેવળનાણ, રાગજ રાખે રંગ ભરે. ૩૧. જો અષ્ટાપદ સેલ, વંદે ચડી ચઉવીસ જિણ; આતમલબ્ધિ વસેણ, ચરમસરીરી સોય મુનિ. ૩૨ ઈય દેસણ નિસુણેવિ, ગોયમ ગણહર સંચલિય; તાપસ પન્નર સએણ, તો મુનિ

દીઠો આવતો એ. ૩૩. તવ સોસિય નિય અંગ, અમ્હ શક્તિ નવિ ઉપજે એ; કિમ ચઢસે દ્દઢ કાય, ગજ જિમ દીસે ગાજતો એ. ૩૪. ગિરૂઓ એણે અભિમાન, તાપસ જો મન ચિંતવે એ; તો મુનિ ચડિઓ વેગ; આલંબવિ દિનકર કિરણ. ૩૫. કંચણ મણિ નિપ્ફન્ન, દંડ કલસ ધજ વડ સહિઅ; પેખવિ પરમાનંદ, જિણહર ભરતેસર વિહિઅ. ૩૬. નિય નિય કાય પ્રમાણ ચઉદિસિ સંઠિઅ જિણહ બિંબ; પણ મવિ મન ઉલ્લાસ, ગોયમ ગણહર તિહાં વસિઅ. ૩૭. વઈર સામિનો જીવ, તિર્યક્જૃંભક દેવ તિહાં. પ્રતિબોધે પુંડરીક, કંડરીક અધ્યયન ભણી. ૩૮. વળતા ગોયમ સામિ, સવિ તાપસ પ્રતિબોધ કરે; લેઈ આપણે સાથ, ચાલે જિમ જૂથાધિપતિ. ૩૯. ખીર ખાંડ ઘૃત આણી, અમિઅ વૂઠ અંગુઠ ઠવિ; ગોયમ એકણ પાત્ર, કરાવે પારણું સવિ. ૪૦. પંચસયા શુભ ભાવિ, ઉજ્જવળ ભરિયો ખીરમીસે, સાચા ગુરૂ સંયોગે, કવળ તે કેવળ રૂપ હુઓ. ૪૧. પંચસયા જિણ નાહ, સમવસરણે પ્રાકાર ત્રય, પેખવિ કેવળનાણ, ઉપ્પન્નું ઉજ્જોય કરે. ૪૨. જાણે જિણ પીયૂષ, ગાજંતી ઘણ મેઘ જિમ, જિણવાણી નિસુણેવિ, નાણી હુઆ પંચસયાં. ૪૩.

## વસ્તુ છંદ

ઈણે અનુક્રમે, ઈણે અનુક્રમે નાણ સંપન્ન પન્નરહ સય પરિવરિય, હરિઅ દુરિઅ, જિણનાહ વંદઈ, જાણેવિ જગગુરૂ વયણ, તીહ નાણ અપ્પાણ નિંદઈ, ચરમ જિણેસર તવ ભણે; ગોયમ મ કરિસ ખેઉ, છેડે જઈ આપણે સહી, હોસ્યું તુલ્લા બેઉ. ૪૪.

## ભાષા (ઢાળ પાંચમી)

સામીઓ એ વીર જિણંદ, પુનિમચંદ જિમ ઉલ્લસિય, વિહરિઓએ ભરહવાસંમિ, વરસ બહોંત્તેર સંવસિઅ; ઠવતો એ કણય પઉમેસુ, પાયકમળ સંઘહિ સહિય, આવિઓ એ નયણાનંદ, નયર પાવાપુરિ સુરમહિય. ૪૫. પેખીઓ એ ગોયમસામિ, દેવસમ્મા પ્રહિબોહ કરે, આપણો એ ત્રિશલાદેવી, નંદન પહોતો પરમપએ; વળતાં એ દેવ આકાશ, પેખવિ જાણ્યો જિણ સમે એ, તો મુનિ એ મન વિષવાદ, નાદભેદ જિમ ઉપનો એ. ૪૬. કુણ સમો એ સામિય દેખી, આપ કન્હે હું ટાળિઓ એ. જાણંતો એ તિહુઅણ નાહ, લોકવિવહાર ન પાલિઓ એ. અતિ ભલું એ કીધલું સામી, જાણ્યું કેવલ માગશે એ, ચિતવ્યું એ બાળક જેમ, અહવા કેડે લાગશે એ. ૪૭ હું કિમ એ વીરજિણંદ, ભગતે ભોળો ભોળવ્યો એ, આપણો એ અવિહડ નેહ, નાહ ન સંપે સાચવ્યો એ; સાચો એ વીતરાગ, નેહ ન જેણે લાલિઓ એ, તિણસમે એ ગોયમ ચિત્ત, રાગ વિરાગે વાળિઓ એ. ૪૮. આવતું એ જે ઉલટ, રહેતું રાગે સાહિયું એ, કેવળ એ નાણ ઉપ્પન્ન, ગોયમ સહેજે ઉમાહિયું એ; ત્રિભુવને એ જય જયકાર, કેવળિ મહિમા સુર કરે એ, ગણધરૂ એ કરે વખાણ, ભવિયણ ભવ જિમ નિસ્તરે એ. ૪૯.

## વસ્તુ છંદ

પઢમ ગણહર, પઢમ ગણહર, વરિસ પચાસ ગિહિવાસે સંવસિઅ, તીસ વરિસ સંજમ વિભૂસિઅ, સિરિ કેવળ નાણ પુણ, બાર વરસ તિહુઅણ નમંસિઅ; રાજગૃહિ નગરી ઠવ્યો, બાણુંવય વરિસાઉ, સામી ગોયમ ગુણનિલો હોસ્યે શિવપુર ઠાઉ.



# ભાપા (ઢાળ છઠ્ઠી)

જિમ સહકારે કોયલ ટહુકે, જિમ કુસુમહ વને પરિમલ મહેકે, જિમ ચંદન સુગંધનિધિ. ૫૧. જિમ ગંગાજળ લહેરે લહકે, જિમ કણયાચળ તેજે ઝળકે, તિમ ગોયમ સોભાગનિધિ, ૫૨. જિમ માનસરોવર નિવસે હંસા, જિમ સુરતરૂવર કણય વતંસા, જિમ મહુયર રાજીવ વને. ૫૩. જિમ રયણાયર રયણે વિલસે, જિમ અંબર તારાગણ વિકસે, તિમ ગોયમ ગુણ કેલિ વને. ૫૪. પુનિમ દિન (નિશિ) જિમ સસહર સોહે, સુરતરૂ મહિમા જિમ જગ મોહે, પૂરવ દિસિ જિમ સહસકરો. ૫૫. પંચાનન જિમ ગિરિવર રાજે, નરવઈ ઘરે જિમ મયગલ ગાજે, તિમ જિનશાસન, મુનિપવરો. ૫૬. જિમ સુરતરૂવર સોહે શાખા, જિમ ઉત્તમ મુખે મધુરી ભાષા, જિમ વન કેતકી મહમહે એ. ૫૭. જિમ ભૂમિપતિ ભૂય બળ ચમકે, જિમ જિનમંદિર ઘંટા રણકે, તિમ ગોયમ લબ્ધે ગહગહે એ. ૫૮. ચિંતામણિ કર ચઢિયું આજ, સુરતરૂ સારે વંછિત કાજ, કામકુંભ સવિ વશ હુઆ એ. ૫૯. કામગવી પૂરે મન કામી, અષ્ટ મહાસિધ્ધિ આવે ધામી, સામી, ગોયમ અણુસરો

એ. ૬૦. પ્રણવાક્ષર પહેલો પભણીજે, માયાબીજ શ્રવણે નિસુણીજે, શ્રીમુખે (શ્રીમતિ) શોભા સંભવે એ. ૬૧. દેવહ ધુરિ અરિહંત નમીજે, વિનય પહુ ઉવજ્ઝાય થુણીજે, ઈણે મંત્રે ગોયમ નમો એ. ૬૨. પરઘર વસતાં કાંઈ કરીજે, દેશ દેશાંતર કાંઈ ભમીજે, કવણ કાજ આયાસ કરો ૬૩. પ્રહ ઉઠી ગોયમ સમરીજે, કાજ સમગ્ગહ તતખિણ સીઝે, નવનિધિ વિલસે તાસ ઘરે. ૬૪. ચઉદહસેં બારોત્તર વરસે, ગોયમ ગણઘર કેવળ દીવસે, (ખંભ નયર પ્રભુ પાસ પસાઓ) કીયો કવિત ઉપગાર પરો ૬૫. આદિ મંગળ એહ ભણીજે; પરવ મહોત્સવ પહિલો દીજે, રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો. ૬૬ ધન્ય માતા જિણે ઉદરે ધરીયા, ધન્ય પિતા જિણ કુળે અવતરિયા, ધન્ય સદ્‌ગુરૂ જિણે દીકિ્ખયાએ ૬૭. વિનયવંત વિદ્યાભંડાર, જસુ ગુણ પુહવી ન લભે પાર, રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો. (વડ જિમ શાખા વિસ્તરોએ) ૬૮. ગોતમસ્વામીનો રાસ ભણીજે; ચઉવિહ સંઘ રલિયાયત કીજે, સયળ સંઘ આણંદ કરો. ૬૯. કુંકુમ ચંદન છડો દેવરાવો માણેક મોતીના ચોક પુરાવો, રયણ સિંહાસન બેસણું એ ૭૦. તિહાં બેસી ગુરૂ દેસના દેસે, ભવિક જીવનાં કારજ વરસે, ઉદયવંત મુનિ એમ ભણે એ. ૭૧. ગૌતમસ્વામિ તણો એ રાસ, ભણતાં સુણતાં લીલવિલાસ, સાસય સુખ નિધિ સંપજે એ ૭૨ એહ રાસ જે ભણે ભણાવે, વર મયગળ લચ્છી ઘર આવે, મન વાંછિત આશા ફલે એ. ૭૩.

**મંત્રઃ ૐ હ્રીં અરિહંત ઉવજ્ઝાય ગૌતમસ્વામિને નમઃ.**

**વિધિ (પ્રભાતે શુધ્ધતાથી એક માલા ગણવી.)**

# શ્રી લક્ષ્મીસૂરિ કૃત જ્ઞાનપદ પૂજા

## કલ્પસૂત્ર-આદિ ગ્રંથ વાંચન શરૂ થતાં પૂજા ભણાવવી

અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવ ભ્રમ ભીતિ,
સત્યધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ. ૧

જ્ઞાનપદ ભજિયે રે. જગત સુહંકરૂં, પાંચ એકાવન ભેદે રે,
સમ્યગ્-જ્ઞાન જે જિનવરે ભાખ્યું, જડતા જનની ઉચ્છેદે રે. ૧
ભક્ષાભક્ષ વિવેચન પરગડો, ખીર નીર જેમ હંસો રે,
ભાગ અનંતમો રે અક્ષરનો સદા, અપ્રતિપાતિ પ્રકાશ્યો રે. ૨
મનથી ન જાણે રે કુંભકરણવિધિ, તેહથી કુંભ કેમ થાશે રે,
જ્ઞાન દયાથી રે પ્રથમ છે નિયમા, સદસદ્ભાવ વિકાસે રે. ૩
કંચન નાણું રે લોચનવંત લહે, અંધોઅંધ પુલાય રે,
એકાંતવાદી રે તત્ત્વ પામે નહીં, સ્યાદ્વાદ-રસ સમુદાય રે. ૪
જ્ઞાનભર્યા ભરતાદિક ભવ તર્યા, જ્ઞાન સકળ ગુણ મૂળ રે,
જ્ઞાની જ્ઞાનતણી પરિણતિ થકી, પામે ભવ જળ કૂળ રે. ૫
અલ્પાગમ જઈ ઉગ્ર વિહાર કરે, વિચરે ઉદ્યમવંત રે,
ઉપદેશમાળામાં કિરિયા તેહની, કાય કલેશ તસ હુંત રે. ૬
જયંત ભૂપો રે જ્ઞાન આરાધતો, તીર્થંકર પદ પામે રે,
રવિશશિ મેહપરે જ્ઞાન અનંત ગુણી, સૌભાગ્યલક્ષ્મી હિતકામ રે. ૭

# શ્રી યશોવિજયજી કૃત સાતમી જ્ઞાનપદ પૂજા

અન્નાણ-સંમોહ-તમો-હરસ્સ, નમો નમો નાણ દિવાયરસ્સ.
હોયે જેહથી જ્ઞાન શુદ્ધપ્રબોધે, યથા વર્ણ નાસે વિચિત્રાવબોધે,
તેણે જાણીએ વસ્તુ ષટ્ દ્રવ્યભાવા,
ન હુયે વિતત્થા નિજેચ્છા સ્વભાવા. ૫
હોયે પંચ મત્યાદિ સુજ્ઞાન ભેદે, ગુરૂપાસ્તિથી યોગ્યતા તેહ વેદે,
વળી જ્ઞેય હેય ઉપાદેય રૂપે, લહે ચિત્તમાં જેમ ધ્વાંત પ્રદીપે.

ભવ્ય નમો ગુણ જ્ઞાનને, સ્વપર પ્રકાશક ભાવે જી,
પરજાય ધર્મ અનંતતા, ભેદાભેદ સ્વભાવે જી.

જે મુખ્ય પરિણતિ સકલ જ્ઞાયક, બોધ ભાવ વિલચ્છના
મતિ આદિ પંચ પ્રકાર નિર્મળ, સિદ્ધ સાધન લચ્છના,
સ્યાદ્વાદસંગી તત્ત્વરંગી, પ્રથમ ભેદાભેદતા,
સવિકલ્પ ને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા.

ભક્ષાભક્ષ ન જે વિણ લહીએ, પેય-અપેય વિચાર,
કૃત્ય અકૃત્ય ન જે વિણ લહીએ, જ્ઞાન તે સકલ આધાર રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો. ૧
પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, શ્રી સિધ્ધાંતે ભાખ્યું :
જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો, જ્ઞાનીએ શિવસુખ ચાખ્યું રે. ભ. ૨
સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહિએ,
તેહ જ્ઞાન નિત નિત વંદીજે, તે વિણ કહો કેમ રહિયે રે. ભ. ૩
પંચ જ્ઞાનમાંહિ જેહ સદાગમ, સ્વપર પ્રકાશક જેહ,
દીપક પરે ત્રિભુવન ઉપકારી, વળી જેમ રવિ શશિ મેહ રે. ભ. ૪
લોક ઉર્ધ્વ અધો તિર્યગ જ્યોતિષ, વૈમાનિક ને સિદ્ધ,

લોકાલોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાન મુજ શુધ્ધ રે.
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો, જેમ ચિર કાલે નંદો રે ભવિકા,
ઉપશમ રસનો કંદો રે ભવિકા, સેવે સુરનર ઈંદો રે ભવિકા.
રત્નત્રયીનો કંદો રે ભવિકા, નાવે ભવ ભય ફંદો રે ભવિકા,
વંદીને આનંદો રે ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો.

**ઢાળ**

જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે,
તો હુએ એહિ જ આતમા, જ્ઞાન અબોધતા જાય રે,
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે,
મહાવીર જિનેશ્વર ઉપદિશે

નિવ્વાણ-મગ્ગે વર-જાણ-કપ્પં, પણાસિયાસેસ-કુવાઈ-દપ્પં
મયં જિણાણં સરણં બુહાણં, નમામિ નિચ્ચં તિજગ-પ્પહાણં
બોધાગાધં સુપદ-પદવી-નીર-પૂરાભિરામં,
જીવાહિંસા-વિરલ-લહરી-સંગમાગાહ-દેહં,
ચૂલા-વેલં ગુરૂ-ગમ-મણિ-સંકુલં દૂરપારં,
સારં વીરાગમ-જલનિધિં સાદરં સાધુ સેવે.
અર્હદ્-વક્ત્ર-પ્રસૂતં ગણધર-રચિતં, દ્વાદશાંગં વિશાલં,
ચિત્રં બહ્વર્થ-યુક્તં મુનિગણ-વૃષભૈર્ધારિતં, બુદ્ધિમદ્ભિ:,
મોક્ષાગ્ર-દ્વાર-ભૂતં વ્રત-ચરણ-ફલં, જ્ઞેય-ભાવ-પ્રદીપં,
ભક્ત્યા નિત્યં પ્રપદ્યે, શ્રુતમહમખિલં સર્વલોકૈકસારમ્
જિન જોજન ભૂમિ, વાણીનો વિસ્તાર,
પ્રભુ અર્થ પ્રકાશે, રચના ગણધર સાર,
સો આગમ સુણતાં, છેદીજે ગતિ ચાર,
પ્રભુ વચન વખાણી, લહીએ ભવનો પાર
પૂજાઓ ભણાવી શક્તિ મુજબ રૂપાનાણાદિકથી વાસક્ષેપ પૂજા કરવી.

# ત્રિપદીનું તત્વજ્ઞાન

તીર્થંકર ભગવાન મહાવીરે કૈવલ્ય પ્રાપ્તિ બાદ ધર્મ-તીર્થની સ્થાપના કરી. તીર્થ વિના તીર્થંકર ક્યાંથી ? અને તીર્થંકર ન હોય તો તીર્થ કેવું ? એકના વિના બીજાની અસ્તિજ નથી. તીર્થ અને તીર્થંકરનો વણથંભ્યો અનાદિ કાલીન આ ક્રમ છે. શ્રી મહાવીર પ્રભુનો ચતુર્વિધ સંઘ તીર્થ તરીકે પ્રસિધ્ધિ પામ્યો. શ્રમણ, શ્રમણી, શ્રાવક અને શ્રાવિકા સંઘના આધાર-સ્તંભ બન્યાં. ઈન્દ્રભૂતિ ગૌતમ વગેરે અગિયાર ભગવાન મહાવીરના પટ્ટશિષ્યો 'ગણધર' બન્યા. આર્યા ચંદનબાલા ભગવાન મહાવીરના આદ્ય શિષ્યા બની.

ગણધર ગૌતમે નત મસ્તકે ભગવાનને પ્રશ્ન કર્યો-''ભગવન્ ! 'किं तत्वं'આ જગતમાં તત્વ શું છે ?''

''उपन्नेइ वा, विगमेइ वा, घुवेइ वा'' ભગવાને આ ત્રણે પદોમાં તત્વજ્ઞાનનો નિચોડ આપતાં કહ્યું.

ત્રિપદીને આપણે Permanence under lying change ના મહાસિદ્ધાંત તરીકે ઓળખી શકીએ. પદાર્થ માત્ર ઉત્પત્તિ અને વિનાશમાં ફેરવવા છતાં તે દ્રવ્ય રૂપે કાયમ રહે છે. પ્રકૃતિના અનિવાર્ય ત્રણ ક્રમો:-ઉત્પત્તિ સ્થિતિ અને વિનાશ વસ્તુમાત્ર આ ત્રણ તબક્કામાંથી પસાર થાય છે અને પ્રત્યેક પદાર્થ આ લક્ષણની કસોટીએ પરખાય છે.

સંગીતનું મૂળ જેમ સ્વર-સપ્તકમાં છે, જ્યોતિષનો પાયો રાશિ અને ગ્રહ છે. તેમ ત્રિપદીઓ શાસ્ત્ર-સરિતાઓનું ઉદ્‌ગમ-પ્રભવસ્થાન છે, આગમો વૃક્ષનું બીજ છે, આગમોને સમજવાની બારાખડી છે.

ત્રિપદીના આ તત્વજ્ઞાનના આધારે ગણધરોએ દ્વાદશાંગી ગૂંથી. ત્રિપદીનું રહસ્ય આગમોમાં વિકસિત કર્યું. એક નાનુ શું તેલબિંદુ પાણીમાં જેમ પ્રસરી જાય તેમ તત્વજ્ઞાનનું આ બિંદુ પણ બીજ-બુદ્ધિના બૃહસ્પતિ સમાન ગણાતાં ગણધરોનાં જ્ઞાનમાં શત-સહસ્ત્ર પ્રકારે પ્રસરી ગયું અને પરિણામે શાસ્ત્રોના સિન્ધુનું સર્જન થયું.

**પ્રભુ મહાવીરના ૨૫૦૦ વર્ષ નિમિત્તે**

**પ્રગટ થનાર ગ્રંથમાંથી**

# શ્રી ગણધર વાંચન સાર

## લેખક શાહ શાંતિલાલ કેશવલાલ

પોતાના આત્માને સાચા સુખનો સ્વામી બનાવવો હોય તો સર્વજ્ઞ શ્રી વીતરાગ પરમાત્માઓએ પ્રમાણ અને નય સાપેક્ષ જે આત્મ-સ્વરૂપ બતાવ્યું છે તેમાં જ શ્રધ્ધા કરવાથી આત્મા શુદ્ધાત્મદશાને પામી શાશ્વત સુખ પામી શકે છે. દ્રવ્યાર્થિક નયથી આત્મા નિત્ય છે અને પર્યાયાર્થિક નયથી આત્મા અનિત્ય પણ છે એટલે જૈન દર્શન આત્માને નિત્યાનિત્ય માને છે.

# શ્રદ્ધા-વિશ્વાસ

શ્રદ્ધા-વિશ્વાસ એ જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. દુનિયામાં સઘળાય વ્યવહાર એથી જ ચાલે છે. દર્દીને ડોકટર ઉપર વિશ્વાસ રાખવો પડે છે. અસીલને વકીલ ઉપર વિશ્વાસ રાખવો પડે છે. વ્યાપારી લાખોની રકમ વિશ્વાસથી મુનિમને સોપે છે. વિશ્વાસ ન રાખે તો માણસ રસોઈ પણ જમી શકે નહિ અને ભૂખ્યા રહેવું પડે. આમ જયારે દુનિયાના સઘળાય વ્યવહારમાં વિશ્વાસ રાખવો પડે છે, તો જ્ઞાની ભગવંતોનાં વચન ઉપર અને ધર્મ ઉપર આપણને કેવો વિશ્વાસ હોવો જોઈએ ?

જગત સ્વાર્થી છે, એટલે દુનિયામાં કેટલીકવાર વિશ્વાસઘાત કરનાર મળે છે. પણ જેને રાગ અને દ્વેષનો લેશ નથી એવા કરૂણામય શ્રી તીર્થંકર પરમાત્મા કષ્ટમય કઠીન તપશ્ચર્યા કર્યા બાદ કેવળજ્ઞાન પામી કેવળ જગતનાં હિત માટે જ જે ધર્મ બતાવે છે તે ધર્મમાં કેવો સચોટ વિશ્વાસ રાખવો જોઈએ ?

ક્રોડો અને અબજો ઉપરાંત ખર્ચના વ્યય તથા વર્ષોની મહેનત પછી વૈજ્ઞાનિકો જે વાત સિધ્ધ કરે છે તે બધીય વાતો હજારો વર્ષ પહેલાં લખાયેલા ધર્મગ્રન્થોમાં જોવા મળે છે કે જે ત્રણે કાળમાં ફેરફાર થતી નથી.

એ મહાપુરૂષો સર્વજ્ઞ હતા. તેઓએ પણ જોયું છે અને ફરમાવ્યું છે કે જડના વિકાસમાં એટલે ભૈતિકવાદમાં જગતનું ભલું નથી અને તેથી

જ ભૌતિકવાદના ગુણગાન ન ગાતાં આત્માના ઉદ્ધારનો અનુપમ અજોડ માર્ગ બતાવ્યો છે, કે જેથી જગતમાં શાંતિ વ્યાપે.

આપણે ધર્મ ઉપર શ્રધ્ધા વિશ્વાસ રાખી જીવનમાં ધર્મનું આચરણ કરીએ તો સર્વ દુ:ખથીં છુટી મોક્ષના સુખ પામીએ.

**- સાભાર શતાબ્દી ગ્રંથમાંથી ઉધૃત**

# કર્મ

આ જગતમાં, ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ, ભાષા, શ્વાસોશ્વાસ, મન અને કાર્મણ એમ આઠ જાતની વર્ગણાઓ (પુદ્દ્ગલ-પરમાણુઓ) છે. તે ઉત્તરોત્તર અધિક અધિક પુદ્દ્ગલ-પરમાણુઓના સમુહવાળી અને સુક્ષ્મ-સુક્ષ્મતર છે. એટલે કે ઔદારિક સૌથી સ્થૂલ વર્ગણા છે. તેથી અધિક પુદ્દ્ગલ-પરમાણુવાળી અને સુક્ષ્મ અનુક્રમે વૈક્રિયાદિ વર્ગણાઓ છે. સૌથી છેલ્લી કાર્મણ વર્ગણા અતિસૂક્ષ્મ અને અનંતા-અનંત પુદ્દ્ગલોની બનેલી છે. જીવ આવી વર્ગણાને મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ વડે ગ્રહણ કરે છે અને તેને જ પોતાના મનના અધ્યવસાય વડે કર્મરૂપે બનાવે છે.

**- ઉધૃત 'દૃષ્ટિવાદ' માંથી**

**શાહ શાંતિલાલ કેશવલાલ**

# ગણધરવાદ

પ્રભુ મહાવીર દેવે દીક્ષા પછી સાડાબાર વર્ષ ઘોર ઉપસર્ગ સહ્યા, અને ઘાતિકર્મ ખપાવી વૈશાખ સુદ ૧૦ના રોજ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. દેવોએ સમવસરણ રચ્યું ત્યાં પ્રભુએ દેશના દીધી પણ તે વખતે કોઈને વિરતિના પરિણામ થયા નહિ તેથી દેશના નિષ્ફલ થઈ ગણાય. ત્યાં ક્ષણવાર દેશના દઈ, પ્રભુ અપાપાપુરીના મહસેન વનમાં પધાર્યા. ત્યાં પણ વૈશાખ સુદ ૧૧ના દિવસે દેવોએ સમવસરણ રચ્યું.

તે અવસરે અપાપામાં સોમિલ નામના બ્રાહ્મણના ઘરે અગીઆર વિદ્વાન બ્રાહ્મણો પોતાના ૪૪૦૦ શિષ્યોના પરિવાર સાથે યજ્ઞ કરાવવા આવ્યા હતા. અગીઆરેય મહાન પંડિતો હતા. તેઓના અંતરમાં એક એક સંશય રહી ગયો હતો. છતાં તેઓ દરેક પોતપોતાને સર્વજ્ઞ માનતા હતા અને અભિમાનથી એકબીજાને તે સંશયનું સમાધાન પુછતા ન હતા.

સમવસરણમાં બિરાજમાન મહાવીર પરમાત્માને વંદન કરવા આવતા આકાશમાંથી ઉતરતા અનેક દેવોને જોઈ આ બ્રાહ્મણોએ માન્યું કે અહો, આ યજ્ઞનો મહિમા કેવો છે ? દેવો પણ સાક્ષાત્ યજ્ઞમાં આવી રહ્યા છે પણ યજ્ઞમંડપ છોડીને દેવોને આગળ જતાં જોઈને

| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નામ | ઈન્દ્રભૂતિ | અગ્નિભૂતિ | વાયુભૂતિ | વ્યક્ત | સુધર્મા | મણ્ડિત | મોર્યપુત્ર | અકમ્પિત | અચલભ્રાતા | મેતાર્ય | પ્રભાસ |
| પરિવાર | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૩૫૦ | ૩૫૦ | ૩૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| સંશય | જીવ | કર્મ | જીવ તેજ શરીર | પાંચ ભૂતનો | આ જન્મ જેવો જ અન્ય જન્મ | કર્મના બંધનો | દેવનો | નારકનો | પુણ્યનો | પરલોકનો | મોક્ષનો |
| દીક્ષા સમયે ઉંમર | ૫૦ | ૪૬ | ૪૨ | ૫૦ | ૫૦ | ૬૫ | ૫૩ | ૪૮ | ૪૬ | ૩૬ | ૧૬ |
| કુલ આયુષ્ય | ૯૨ | ૭૪ | ૭૦ | ૮૦ | ૧૦૦ | ૯૫ | ૮૩ | ૭૮ | ૭૨ | ૬૨ | ૪૦ |

તેઓ ખેદ પામ્યા. લોકોની વાતચીત પરથી જાણ્યું કે આ દેવો તો કોઈ સર્વજ્ઞ પ્રભુને વંદન કરવા જાય છે ત્યારે ઈર્ષ્યા અને સર્વજ્ઞપણાના અભિમાનથી ભરેલા મુખ્ય બ્રાહ્મણ ઈન્દ્રભૂતિ વિચાર કરે છે કે અરે, હું સર્વજ્ઞ હોવા છતાં આ બીજો કોણ પોતાને સર્વજ્ઞ મનાવે છે ? ખુબી તો એ હતી કે એમને પોતાને જ આત્મા છે કે કેમ ? એ સંશય હતો. છતાં વિચારે છે કે ખરેખર સાંભળી ન શકાય એવું આ કડવું વચન હું કેમ સાંભળી શકું ? આવા ધુતારાથી કોઈ મૂર્ખ ઠગાય પણ વિબુધ કહેવાતા દેવો પણ ઠગાયા ? આ દેવો પણ કેમ ભ્રાંતિ પામ્યા ? તીર્થનાં પવિત્ર પાણી મૂકી કાગડો જેમ ખાબોચિયામાં લીન થાય તેમ આ દેવતાઓ મને મુકીને કહેવાતા સર્વજ્ઞ પાસે જઈ રહ્યા છે. ના, ના, મને તો લાગે છે કે જેવો આ સર્વજ્ઞ હશે તેવા જ આ દેવો હશે ? ગમે તે હોય, પણ આકાશમાં બે સૂર્ય ન હોઈ શકે તેમ હું અને આ એમ બે સર્વજ્ઞ એ શી રીતે હોઈ શકે ?

પ્રભુને વંદન કરીને પાછા વળતા લોકોને મજાકમાં ઈન્દ્રભૂતિ પૂછે છે, કેમ ભાઈ સર્વજ્ઞને જોયો ? કેવો છે તમારો એ સર્વજ્ઞ ? ત્યારે લોકો કહે છે.

ત્રણ લોકનાં તમામ જીવો તે મહાપુરૂષનાં ગુણો ગણવા બેસી જાય અને તેમના આયુષ્યની સમાપ્તિ ન થાય તેમજ ગણિત પરાર્ધથી પણ આગળ થઈ જાય તો તે સર્વજ્ઞ પુરૂષમાં બધા ગુણો ગણી શકાય?

ઈન્દ્રભૂતિ લોકો પાસેથી પણ તેમની પ્રશંસા સાંભળીને વિચારમાં પડયા. સાચેજ, આ કોઈ મહાધૂર્ત લાગે છે ! નહીં તો બધા લોકોને વિભ્રમમાં કેમ પાડી શકે ? આ સર્વજ્ઞને હું ક્ષણવાર પણ સહન કરી શકીશ નહીં. જે વાયુએ મોટા હાથીઓને ઉડાડી મુકયા એને રૂનું પુમડું ઉડાડી મૂકવું એમાં શી મોટી વાત ? તલ પીલતાં પીલતાં એક બાજુ એકાદ તલ રહી જાય તેમ આ વાદી રહી ગયો લાગે છે એમ વિચારતા તે પ્રભુ પાસે જવા તૈયાર થયા.

ત્યારે તેમના નાના ભાઈ અગ્નિભૂતિ કહે છે હે બંધુ ? આપ રહેવા દો, કમળને ઉખેડવા ઐરાવણ હાથીની જરૂર પડતી હશે ? ઈન્દ્રભૂતિએ કહ્યું. અરે અગ્નિભૂતિ ! તું તો શું પણ મારો એક શિષ્ય જીતી આવે એમ છે પણ તે સર્વજ્ઞનું નામ સાંભળી મારાથી અહીં રહી શકાતું નથી માટે હું જ જાઉં છું. સતી સ્ત્રી એકાદ વાર પણ શીલભંગ કરે તો સતી કહેવાય નહીં તેમ એકાદ વાદી જીત્યા વગર રહી જાય તો મારી જીત કહેવાય નહીં. એમ કહીને જેના ૫૦૦ શિષ્યો બિરૂદાવલિ બોલી રહ્યા છે એવા ઈન્દ્રભૂતિ વીરપ્રભુ પાસે જવા નીકળ્યા.

રસ્તામાં જતાં જતાં વિચારે છે કે હમણાં જ હું તેને નિરૂત્તર કરી જીતી લઈશ...વિચારમાં વાટ પુરી થઈ અને પ્રભુના સમવસરણ પાસે આવીને ઉભા ! સુવર્ણના સિંહાસન પર બેઠેલા, ઈન્દ્રો થી સેવાતા અને જગત્ પૂજય શ્રી વીરપ્રભુને જોઈને ઈન્દ્રભૂતિ વિચારમાં પડી ગયા કે મેં પૂર્વે

મેળવેલા યશનું રક્ષણ કેમ કરીશ ? એકને ન જીત્યા હોત તો મારી માનહાનિ શી થવાની હતી ? જગદીશના અવતારને ? જીતવા આવ્યો તે મેં વગર વિચાર્યું કામ કર્યું છે. હું એમની પાસે શી રીતે બોલી શકીશ. હવે તો હું સંકટમાં પડ્યો છું હવે શિવ મારૂં રક્ષણ કરો. ?

વિવિધ વિચારોથી મુંઝાયેલા ઈન્દ્રભૂતિને વીરપ્રભુએ તેમના નામ અને ગોત્ર કહેવાપૂર્વક અમૃતસમી વાણીથી બોલાવ્યા કે હે ઈન્દ્રભૂતિ ગૌતમ ? તમે સુખપૂર્વક આવ્યા ? એ સાંભળતાં જ ઈન્દ્રભૂતિ આશ્ચર્યથી વિચારે છે કે અરે ? આ શું મારૂં નામ પણ જાણે છે ? પણ ત્રણે જગતમાં વિખ્યાત મારૂં નામ કોણ નથી જાણતું ? મારૂં નામ જાણે એમાં કાંઈ નવાઈ નથી. પણ મારા હૃદયમાં રહેલા સંશયને કહી આપે તો હું એમને સર્વજ્ઞ માનું ! ઈન્દ્રભૂતિને પ્રભુએ ફરમાવ્યું કે હે ઈન્દ્રભૂતિ ગૌતમ ? તમને જીવના અસ્તિત્વ વિષેનો સંશય છે અને તે સંશય વેદના પદનો અર્થ બરાબર નહીં કરવાથી થયો છે. એમ કહી શ્રી વીર પ્રભુએ મંથન કરાતા સમુદ્ર સરખા અથવા ગંગાના પૂર જેવા અથવા આદિ બ્રહ્મના ધ્વનિ જેવા મધુર અને ગંભીર ધ્વનિથી વેદના પદોનો ઉચ્ચાર કર્યો, તેમજ તેનો અર્થ બતાવ્યો.

## ૧લા ગણધર

હે ઈન્દ્રભૂતિ ? વેદ વાક્યો પરસ્પર વિરોધી લાગવાથી તમને જીવના વિષયમાં સંશય થયો છે પણ એજ વાકયોનો અર્થ બરાબર કરશો

તો તમારી શંકા નિર્મૂળ થશે. ''વિજ્ઞાનઘન એવૈતેભ્યો ભૂતેભ્યઃ સમુત્થાય તાન્યેવાનુવિનશ્યતિ, ન પ્રેત્યસંજ્ઞાઽસ્તિ''

તમે આ વેદપદનો અર્થ એવો કરો છો : પૃથ્વી વિગેરે પાંચ ભૂતોમાંથી ચેતના ઉત્પન્ન થઈને પાંચભૂત વિખરાઈ જવાની સાથે ચેતના પણ પાણીના પરપોટાની જેમ નાશ પામી જાય છે તેથી તેને પરલોક જવાનું હોતું નથી એટલે કે તેનો પુનર્જન્મ નથી. પરલોકમાં જનાર આત્મા જેવો પદાર્થ નથી. પરંતુ આ અર્થ બરાબર નથી. તેથી તમને પાંચભૂતોથી જુદો આત્મા જેવો પદાર્થ નથી એવો ભ્રમ થયો છે. જ્યારે

**સ વૈ અયં આત્મા જ્ઞાનમય.... (૨) સત્યેન લભ્ય સ્તપસા હ્યેષ બ્રહ્મચર્યેણ નિત્યં જ્યોતિર્મયો 'હિ શુદ્ધોઽયં પશ્યન્તિ ધીરા યતયઃ સંયમાત્માનઃ' ! (૩) 'દ દ દ' દમો દાનં દયા ઈતિ દકાર ત્રયં યો વેત્તિ સ જીવ :**

આ વેદ પદોથી આત્માની સિધ્ધિ થાય છે એટલે પરસ્પર વિરોધી અર્થવાળા વેદોનાં જ વાક્યથી તમને સંદેહ થયો છે.

વેદ પદનો સાચો અર્થ : (જ્ઞાનદર્શનનાં ઉપયોગ રૂપ) વિશિષ્ટ જ્ઞાનમય આત્મા *ભૂતોના નિમિત્તે ઉત્પન્ન થાય છે. (સામાન્ય ઉપયોગ રૂપ આત્મા નિત્ય હોવા છતાં કોઈ પદાર્થના ઉપયોગવાળો થાય ત્યારે તે વિશિષ્ટ જ્ઞાનવાળો થયો કહેવાય.)

તે વિશેષ જ્ઞાનવાળા આત્માનો જે ઉપયોગ પંચભૂતમય પદાર્થના જ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે તે ઉપયોગ પંચભૂતમય પદાર્થના નાશ પછી અથવા પદાર્થના દૂર થવાથી કે બીજા ઉપયોગમાં જવાથી વિનાશ પામે છે એટલે તે ઉપયોગ રહેતો નથી. નવા પદાર્થનું જયારે જ્ઞાન થાય ત્યારે નવા ઉપયોગ રૂપે તે જ્ઞાન ઉત્પન્ન થાય છે.* ?

દાખલા તરીકે જેમ ઘડાના જ્ઞાનમાં પંચભૂતમય જે ઘડો છે, તેથી આત્મામાં આ ઘડો છે એવો ઉપયોગાત્મક જ્ઞાન (પર્યાય) ઉત્પન્ન થાય છે. જ્યારે ઘડાનો નાશ થાય છે, અથવા ઘડો દૂર થાય છે ત્યારે તેમાંથી ઉત્પન્ન થયેલો જે જ્ઞાન (પર્યાય) તેનો પણ નાશ થાય છે. 'ન પ્રેત્ય સંજ્ઞાઽસ્તિ' એનો અર્થ એજ થયો કે ઘડાનો નાશ થયા પછી એ ઘડા સંબંધી આત્માનો જ્ઞાન પર્યાય નાશ પામે છે. (જ્ઞાન

* અહિં ભૂત શબ્દનો અર્થ પાંચ ભૂત જ કેવલ નથી, પણ અહિં અર્થ છે : 'પ્રમેય' અર્થાત્ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ માત્ર જ નહિ પરંતુ જડ-ચેતન સમસ્ત જ્ઞેય પદાર્થો એ ભૂત શબ્દનો અર્થ લેવો.

* ૧. આત્માના દરેક પ્રદેશે જ્ઞાન-દર્શનનાં ઉપયોગરૂપ અનંતા પર્યાયો રહેલા છે. ૨. આત્માના ત્રણ સ્વભાવ છે : પર્યાય રૂપે ઉત્પત્તિ અને વિનાશરૂપે છે અને દ્રવ્ય રૂપે નિત્ય છે.

એ આત્માનો પર્યાય છે) પણ તમને એમ સમજાયું કે આત્મા નામની કોઈ વસ્તુ નથી. જયારે "અગ્નિ હોત્રં જુહુયાત્ સ્વર્ગકામઃ" આ વેદવાકયથી સ્વર્ગની ઈચ્છાવાલા જીવે અગ્નિહોત્ર કરવો જોઈએ. તેથી સ્પષ્ટ જણાય છે કે આત્મા અહીંથી આ દેહ છોડી પરલોક જનારો સિધ્ધ થાય છે માટે પરસ્પર વિરૂધ્ધ અર્થવાલા વાકયોથી તમને સંશય થયો છે કે આત્મા છે કે નહિ ? તો શું સ્વરચિત એક જ શાસ્ત્રમાં વેદમાં પરસ્પર વિસંવાદી પ્રરૂપણા હોઈ શકે ? અને હોય તો તે શાસ્ત્ર સાચું ગણાય ? માટે વેદ વાકયોનો સમન્વય કરવાથી આત્માનું અસ્તિત્વ (૧) **આગમ** પ્રમાણથી સાબિત થાય છે તેમ (૨) પ્રત્યક્ષ (૩) અનુમાન (૪) ઉપમાન (૫) અર્થાપત્તિ (૬) સંભવ (ઐતિહ્ય) પ્રમાણોથી પણ આત્મા આ રીતે સિધ્ધ થાય છે.

**(૨) પ્રત્યક્ષ પ્રમાણ**

(૧) જે વસ્તુ જગતમાં વિદ્યમાન ન હોય તેનો સંશય જ ન થાય. આત્મા સંબંધી સંશય તમને પોતાને થયો છે તેથી તે આત્મ પ્રત્યક્ષ ગણાય છે. સંશયવાળી વસ્તુનો અભાવ હોતો નથી. કોઈપણ જગ્યાએ તે ચીજ હયાત હોય છે.

(૨) જેમ સંશય જ્ઞાનનો પ્રકાર છે તેમ સ્મૃતિ, ઈચ્છા, તર્ક, જિજ્ઞાસા, બોધ વગેરે જ્ઞાનના પ્રકારો પણ પ્રત્યક્ષ સિદ્ધ છે તેના

આધાર-ભૂત ગુણી આત્મા પણ પ્રત્યક્ષ માનવો જોઈએ. જ્ઞાન આત્માનો સહભાવી ગુણ છે માટે જ્ઞાન હોય ત્યાં આત્મા હોય જ!

(૩) સુખદુ:ખનો જે અનુભવ થાય છે તે પણ આત્માને જ સિધ્ધ કરે છે તેથી જ મૃતદેહને હર્ષ, શોક, સુખ, દુ:ખ સ્મરણાદિ થતું નથી.

(૪) શરીરની હલનચલનાદિ ક્રિયાઓનો પ્રેરક પણ આત્મા જ છે. આત્મા વિનાનું મૃતક કોઈપણ ક્રિયા કરી શકતું નથી.

(૫) હું છું, હું હતો, હું હોઈશ, આમ ત્રણ કાળની સૌને પ્રતીતિ થાય છે તે પણ આત્માના અસ્તિત્વની સાખ પુરે છે.

(૬) ઈન્દ્રિયથી અનુભવેલો પદાર્થ ઈન્દ્રિયના અને પદાર્થના અભાવમાં અંધત્વાદિ પ્રસંગે પણ જે યાદ રહે છે તે જ આત્માની સાબિતી છે.

(૭) 'આત્મા નથી' એ વાક્ય આત્મા છે એમ સિધ્ધ કરે છે. જેમ કહે કે 'દેવદત્ત નથી', 'ઘડો નથી' એનો અર્થ એ કે તે ઘરે નથી પણ સર્વથા નથી એમ સિધ્ધ થતું નથી.

(૮) તલમાં તેલ, પુષ્પમાં ગંધ, લાકડામાં અગ્નિ, દુધમાં ઘી, ચન્દ્રકાંતમાં સુધા હોવા છતાં પ્રત્યક્ષ દેખાતા નથી તેમ આત્મા શરીરમાં હોવા છતાં પ્રત્યક્ષ દેખાતો નથી.

(૯) જેમ ઓરડામાંથી, ભોંયરામાંથી કે કોઠીમાંથી અવાજ બહાર

નીકળી શકે છે છતાં તે અવાજ દેખાતો નથી તેમ શરીરમાંથી નીકળી જતો આત્મા અરૂપી હોવાથી પ્રત્યક્ષ દેખાતો નથી.

(૧૦) વાયુથી ભરેલી કોથળીને ખાલી કરીને તોળવા છતાં સ્થૂલ રીતે વજન ન ઘટે તેમ મૃતકના વજનમાં ઘટાડો ન થાય કેમકે આત્મા અગુરૂલઘુ ગુણવાળો છે.

(૧૧) ગાઢ અંધકારમાં જ્યાં પોતાનું શરીર દેખાતું નથી ત્યાં તથા સ્વપ્નમાં પણ આત્મા 'હું છું' એવો પ્રત્યક્ષ અનુભવ કરે છે. અંધારામાં અમુક વસ્તુ છે કે નહિ એવો સંદેહ થાય છે પણ ક્યારે ય હું છું કે નહિ એવો સંદેહ થતો નથી.

(૧૨) માંદગીમાં શરીર કૃશ થતા, તથા કોઈ અકસ્માતમાં શરીરનો રંગ ફરી જતાં સંદેહ પડી જાય કે આ મારૂં શરીર ? વળી શરીરના અવયવો કપાઈ જવા છતાં તે અવયવોએ કરેલ અનુભવ યાદ રહે છે તો તે કોણ યાદ રાખે છે ? અનુભવ કરનાર અવયવ તો નાશ પામી ગયો છે ? એજ આત્મા સિધ્ધ કરે છે.

(૧૩) ગુણના પ્રત્યક્ષથી ગુણી પ્રત્યક્ષ કહેવાય. છે. દા.ત. ઘડાનું રૂપ દેખાતા ઘડો દેખાય છે. તેમ સ્મરણ, સુખ, દુઃખ વગેરે ગુણથી આત્મા પ્રત્યક્ષ ગણાય છે. વળી 'હું છું' આ જ્ઞાન પણ ગુણ છે એટલે એ જ્ઞાન રૂપ ગુણનો ગુણી જીવ સિવાય કોઈ હોઈ શકે નહિં.

(૧૪) સર્વજ્ઞને આત્મા પ્રત્યક્ષ દેખાય છે. જેમ મને આત્મા પ્રત્યક્ષ છે તેમજ તારા મનનાં સંદેહને પણ હું પ્રત્યક્ષ જાણી શકું છું. વળી સિંહ વાઘ વગેરે અનેક વસ્તુઓ હોવા છતાં દરેક મનુષ્યને દરેક વસ્તુ પ્રત્યક્ષ હોતી નથી. છતાં સંસારમાં સિંહ વાઘ વગેરે નથી એમ કોઈ નથી માનતું. તેમજ પરમાણુ અતીન્દ્રિય હોવાથી પ્રત્યક્ષ ન દેખાવા છતાં પરમાણુના કાર્યરૂપ ઘડાને સૌ કોઈ જોઈ શકે છે. એમ કર્મ ભલે પ્રત્યક્ષ ન હોય પરંતુ એનું ફળ તો સૌ કોઈને પ્રત્યક્ષ છે જ. પરમાણુ રૂપી છતાં પ્રત્યક્ષ નથી તો અરૂપી અમૂર્ત એવો આત્મા છદ્મસ્થને પ્રત્યક્ષ શી રીતે હોઈ શકે ?

**(૩) અનુમાન પ્રમાણ :**

(૧) જેમ અગ્નિ વિના ધૂમ ન હોય તેમ ભોગી વિના ભોગ્ય ન હોય. શરીર ભોગ્ય છે માટે ભોગી આત્મા પણ છે જ. (ભોગ્ય હોય ત્યાં જ, તે જ વેળાએ તે જ સ્થાને ભોગી હોવો જોઈએ તેવો નિયમ નથી. અન્ય ક્ષેત્રમાં પણ હોઈ શકે જેમ વસ્ત્રાદિ બીજે હોય અને પહેરનાર બીજે હોય.)

(૨) કાયા એ બે થાંભલાના મહેલ જેવી છે તો એનો માલિક એમાં વસનાર હોવો જોઈએ અને તે આત્મા છે : એ શરીર રૂપી મહેલમાં આત્માને મઝા માનવા આંખ, કાન, નાક, જીભ, સ્પર્શ રૂપી પાંચ ઝરૂખા છે. ગળામાં અવાજ કરવાનું યંત્ર, હૃદયમાં જીવનની શક્તિ, નીચે કોઠાર રસોડું, એની નીચે મુતરડી, પાયખાનું છે. આનો

સંચાલક આત્મા છે. કોઈ ઈશ્વર કહે તો એ ઈજનેર અધુરો કહેવાશે. એણે ખાવાપીવાની લપવાળું અને મળમૂત્રને ઉંચકી ફરવુ પડે. આવું અધુરૂં શરીર કેમ બનાવ્યું ? પાછળ ન દેખાય એવી ખામીવાળી આંખ કેમ બનાવી. ? કોઈનું રૂપાળું, કોઈનું બેડોળ, કોઈનું સાજુ, કોઈનું માંદુ, કોઈનું દેખાતું, કોઈનું આંધળુ આવું વિચિત્ર શરીર કેમ બનાવ્યુ ? માટે કહો કે આ જીવ માળી છે તો દેહ બગીચો છે. શરીર યંત્ર છે તો આત્મા એ યંત્રને ચલાવનાર છે. શરીર મહેલ છે તો એનો માલિક-રાજા એ આત્મા છે પણ મન નથી કેમકે મનને ના પસંદ એવું પણ કાર્ય આત્માને કરવું પડે છે, માટે સાધુ-સંત યોગીઓ તપસ્યા, લોચ વિહારાદિ કષ્ટમય સાધન વડે આત્મા પ્રસન્ન હોવાથી શરીરને કષ્ટ પસંદ નથી છતાં આપે છે.

(૩) 'મનુષ્ય જેમ સાણસી રૂપ સાધનથી કામ લે છે તેમ ઈન્દ્રિયો એ સાધન છે.' આત્મા રૂપ માલિક એ ઇન્દ્રિયોથી કામ લે છે. જેમ ચપ્પુથી કલમ ઘડાય છે, દાતરડાથી કપાય છે, દીવાથી જોવાય છે. આમાં ઘડનાર કાપનાર જોનાર જુદા છે. તેમ ઈન્દ્રિયો અને વિષયોને ગ્રહણ કરનાર એ જુદા છે. સાધક ને સાધનથી અપેક્ષા છે પણ સાધક અને સાધન એ બે એક હોઈ શકે નહિ.

(૪) આત્મા સ્વતંત્ર માલિક, શેઠ કે પ્રોપ્રાયટર છે, મન વ્યવસ્થાપક, મેનેજર છે. કડવી દવા નથી ગમતી છતાં પીવી પડે છે. બિમારીમાં મિઠાઈ ખાવા મન કુદે છે એને કોણ અટકાવે છે ? આત્મા જ.

(૫) છીંક આવતી અટકાવનાર કોણ ? આંખ કોણે બંધ કરી ? અધવચ્ચે માર્ગમાં ચાલતા પગને કોણે રોકયા ? લઘુશંકાને કોણે રોકી ? ક્રોધ ન કરતાં ક્ષમા કોણે કરી ? આ બધુ કરનાર તો આત્મા જ છે.

(૬) ઈન્દ્રિયો વચ્ચે ઝગડો પડે ત્યારે ન્યાયાધીશ કોણ ? આંખ જેને સાકર કહે એને જ જીભ મીઠું કહે ત્યારે ફેંસલો આપનાર પણ આત્મા જ છે.

(૭) શરીર એ પણ સ્ત્રી, પુત્ર, ધન વગેરેની જેમ મૂડી છે. મમત્વ કરવાની ચીજ છે તો એ 'શરીરનું મમત્વ કરનાર કોણ' ? સ્ત્રી, ઘર, પૈસા, તિજોરી, શરીર એ પોતે જ પોતાથી ઉપર મમત્વ કરતા નથી હું થાકયો છું, હું ધક્કો નહીં ખાઉં એવું બોલનાર-શરીરનું મમત્વ કરનાર આત્મા જ છે.

(૮) જન્મ થતાં જ બાળકને આહારાદિ સંજ્ઞા તથા મમત્વ આદિ કેમ થાય છે ? કહેવુ પડશે કે પૂર્વજન્મ અને આ જન્મ વચ્ચે અનુસંધાન કરનાર સ્વતંત્ર આત્મા છે.

(૯) પકવાન જમવા બેઠા, નુકસાનીનો તાર આવ્યો; દુઃખ કોને થયું ? આત્માને ! શરીર તો સુખમાં હતું.

(૧૦) સડેલી આંગળી કપાવી આગળ સડો થતો અટક્તો છતાં

જીંદગી સુધી હાય મારી આંગળી ગઈ, દુઃખી કોણ થયું ? આત્મા જ.

(૧૧) તરત જન્મેલા બાળકને સ્તનપાન કરતાં કોણે શીખવ્યું ? અને ધરાઈ જતાં એ છોડી દે છે એ સંસ્કારનો અનુભવ કરાવનાર કોણ ? આત્મા જ.

(૧૨) માતા ક્રોધી અને પુત્ર શાંત હોય એવું કેમ ? માતા પિતાને દરિદ્રતા, અંધાપો, લોભ, અહંભાવ વગેરે દુર્ગુણો હોય છે, ત્યારે કેટલાક પુત્રમાં તેથી ઉલટા શ્રીમંતાઈ, નિર્મળ, ચક્ષુ, નિસ્પૃહતા, નમ્રતા વગેરે ગુણો દેખાય છે. એ સુચવે છે કે આત્મા જુદા સંસ્કાર લઈને આવ્યો છે.

(૧૩) માતાના ઉદરમાં એક સાથે પોષાઈને જન્મેલા બે બાળકોમાં સ્વભાવ, રૂચી, લાગણીમાં ફેર કેમ ? બંને આત્મા જુદા છે માટે.

(૧૪) શરીર એનું એ હોવા છતાં અશુભભાવો છોડી શુભ ભાવો લાવનાર કોણ ? આત્મા.

(૧૫) પ્રતિપક્ષ-વિરોધી પણ સત્-વિદ્યમાન પદાર્થનાં જ હોય છે. જેમકે આર્ય-અનાર્ય, દયા-નિર્દયતા તેમ જીવનો પ્રતિપક્ષ અજીવ. એજ આત્માની સાબિતી છે.

(૧૬) વેપાર માટે આરામ જતો કરાય છે, બિમાર છોકરા માટે

વેપાર જતો કરાય છે, પત્ની માટે છોકરાને જુદો કરાય છે, આગ લાગે તો શરીર માટે પત્ની, પુત્રને છોડી પોતાનો જીવ બચાવવા ભાગે છે. એટલે અંતિમ પ્રિય તરીકે આત્મા સિદ્ધ થાય છે. એને સુખ, શાંતિ, માનપાન ગમે છે. કંકાસ, ઝગડા, ત્રાસ, માનહાનિ કે અપકીર્તિ ગમતી નથી અને તેથી જ અવસરે આપઘાત પણ કરવા તૈયાર થાય છે. તો કોની ખાતર શરીર જતું કરે છે ? જીવ (આત્મા) માટે શું શું ન કરે ?

(૧૭) દંભી અંદરથી નારાજ હોય છે, ઉપરથી મોં હસતું રાખે છે, તો અંદરથી નારાજ રહેનાર કોણ ? આત્મા જ.

(૧૮) જાતિસ્મરણ જ્ઞાનવાળા પૂર્વભવ યાદ કરે છે. અહીં શરીરતો આ ભવનુ છે. પણ આત્માએ પૂર્વના શરીરમાં વ્યવહાર કર્યો છે અને તેથી જ કોઈને ક્રૂરતાના, કોઈને મૂર્ખતાના તો કોઈને વિદ્વત્તાના આવા જુદા જુદા પ્રસંગો પૂર્વકર્મવાળા આત્માને સાબિત કરે છે.

(૧૯) ભૂતાવેશ થવાથી ભૂતને આધીન ચેષ્ટા થાય છે, તેમ શરીરમાં થતી ચેષ્ટા આત્માને આધીન છે. ભૂત નાસી ગયા પછી ચેષ્ટા થતી નથી, તેમ આત્મા ચાલી જવાથી શરીરમાં ચેષ્ટા દેખાતી નથી.

**(૪) ઉપમાન પ્રમાણ :**

(રોઝ ગયવ નામના પ્રાણીને જેઓએ ન જોયું હોય તેઓને ગાયની

ઉપમા આપી ગવય રોઝની ઓળખ અપાય છે. એટલે સરખામણી કરવી પડે છે. પરંતુ અહીં આત્મા જેવો બીજો પદાર્થ જગતમાં નથી. છતાં આત્માની સરખામણી વાયુ સાથે કરી શકાય છે. શરીરમાં થતા ઈષ્ટ અનિષ્ટ તરફ પ્રવૃત્તિ નિવૃત્તિથી મોં ઉપર ક્રોધ, ક્ષમા, અભિમાન આદિ વિવિધ લાગણીથી નિશ્ચિત થઈ શકે છે કે અંદર કોઈ અદશ્ય આત્મદ્રવ્ય હોવું જ જોઈએ. જગતમાં પણ એકદેશીય સમાનતા હોય તેની ઉપમા આપી શકાય છે.

**(૫) અર્થાપત્તિ પ્રમાણ :**

દિવસે નહીં જમનાર દેવદત્ત પુષ્ટ છે, ત્યાં રાત્રીભોજન વિના પુષ્ટતા ઘટતી નથી. તેમ મૃત્યુ પછી હીલચાલ બંધ થતાં અર્થાપત્તિથી આત્મા સાબિત થાય છે.

**(૬) સંભવ પ્રમાણ :**

આ પ્રમાણમાં પણ અનુમાન કરવું પડે છે. વૃધ્ધ માણસને જોઈને કહી શકાય કે આ પુરૂષે યુવાની જોઈ છે તેમ બાળકને જન્મ વખતે દેખાતી સ્તનપાન ચૈતન્ય વગેરે પ્રવૃત્તિ જોઈ તે કાર્ય પાછળ કોઈ અદશ્ય હેતુ સાબિત થાય છે અને તે જ આત્મા છે.

**ઐતિહ્ય પ્રમાણ :**

વિદ્વાન લોકો આત્મા માને છે તેમ બિમાર માટે અજ્ઞાન માણસો

કહેતા જ હોય છે કે હજી જીવ ગયો નથી, શરીરમાં હજી જીવ છે અને એ જ આત્મા છે.

આ રીતે બધા પ્રમાણોથી આત્મા-જીવ સિદ્ધ થાય છે, જીવના સ્વરૂપ બાબતમાં બીજા દર્શનકારો એકાંત દષ્ટિને લીધે જુદું જુદું માને છે જેમ કે :

**૧. વેદાન્ત દર્શન : (અદ્વૈતવાદ) :**

'બધામાં એક જ આત્મા માને છે.' પરંતુ તે ઘટતું નથી કેમકે જગતમાં સુખી દુ:ખી વગેરે જે ભિન્ન ભિન્ન વિચિત્રતા દેખાય છે તે જો આત્મા એક જ હોય તો ન જ ઘટે અને બંધ મોક્ષ પણ ન ઘટે.

**૨. સાંખ્ય-યોગ-દર્શન :**

'આત્મા અનેક છે અને તે પણ ફૂટસ્થ-સ્થિર નિત્ય છે, એટલે કે ત્રણેય કાળમાં કોઈપણ પરિવર્તનને અયોગ્ય છે. જ્ઞાનાદિગુણ વિનાનો નિર્ગુણ છે એમ તેઓ માને છે' તો પ્રશ્ન થાય છે કે આ જીવને મોક્ષનો પ્રયત્ન શા માટે ?

**૩. ન્યાય-વૈશેષિક દર્શન :**

"આત્મામાં જ્ઞાનાદિ ગુણ માને છે પણ તે આગંતુક નવા ઉત્પન્ન થતા માને છે" તો પ્રશ્ન થાય છે કે જ્ઞાન રહિત કાળમાં ચેતનનું સ્વરૂપ શું હશે ? મોક્ષમાં જડ પત્થર જેવી મુક્તિ તેઓના મતે મળશે. તેઓ

આત્માને એકાંત નિત્ય વિશ્વવ્યાપી કહે છે. આમ જો એકાંતે આત્માને નિત્ય જ માનીએ તો પરિવર્તન-ફેરફાર કાંઈ થઈ શકે જ નહીં. તો પછી ભિન્ન ભિન્ન અવસ્થાઓ કેમ બની શકે ? મોક્ષમાર્ગ શા માટે ? કારણ કે એમના મતે આત્મામાં પરિવર્તન તો થાય જ નહીં તો આત્માનું વિશ્વવ્યાપિત્વ અને ભવાંતર કે દેશાંતર ગમનાગમન શી રીતે મનાય ? અને સુખ દુઃખ, જ્ઞાન એ શરીરમાં જ કેમ ?

**૪. બૌદ્ધ દર્શન :**

''આત્માને વિજ્ઞાન સ્વરૂપ માને છે પણ પાછા ક્ષણિક કહે છે''એટલે આત્મામાં પરિવર્તન તો થાય પણ બીજી જ ક્ષણે આત્મા ગુમ માનવો પડે. એમ બીજી ક્ષણે આત્માને નષ્ટ થતો માનીએ તો કરેલું કર્મ ભોગવે કોણ ? અને જે આત્મા હાલ કર્મ ભોગવે છે એ તો પૂર્વે હતો જ નહીં. તો એ કર્મ કર્યો કોણે ? પહેલાં તત્વજ્ઞાન, પછી મનન-ધ્યાન, આમ જાણવું ઈચ્છવું, પ્રવૃતિ કરવી. આવી ક્રમિક ક્રિયાઓ આત્મા ક્ષણિક હોય તો કેમ ઘટે ?

**૫. ચાર્વાક (નાસ્તિક) દર્શન :**

ખાઓ, પીઓ, મઝા કરો, આત્મા, પરભવ, પુણ્ય, પાપ કાંઈ નથી. આ લોકનાં પ્રત્યક્ષ સુખ છોડી પરોક્ષ અદષ્ટ સુખની આશા કેમ રાખો છો ? આમ આત્માના વિચારમાં બીચારા ચાર્વાકની તો મતિ જ મુઝાંઈ ગઈ છે. એની શું વાત કરવી ?

## ૬. જૈન દર્શન - (અનેકાન્ત દર્શન)

**યઃ કર્તા કર્મભેદાનાં, ભોક્તા કર્મફલસ્ય ચ,**
**સંસર્ત્તા પરિનિર્વાતા, સ હ્યાત્મા નાન્યલક્ષણઃ ।।૧।।**

આત્મા અનેક છે, દેહ પરિમાણવાળા છે. આત્મા દ્રવ્યથી નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે. કર્મનો કર્તા અને તેના ફળનો ભોકતા પણ છે. સંસારમાં પરિભ્રમણ કરનારો છે અને દયા ઈન્દ્રિય દમનાદિ ઉપાયો દ્વારા કર્મરહિત થઈ મોક્ષમાં પણ જાય છે. આ રીતે જ્ઞાનાદિ સ્વરૂપવાળો આત્મા સિદ્ધ છે.

અને એ સ્વરૂપ છે માટે બીજા દદદ' વગેરે વેદ પદોનો અનેકાંત દ્રષ્ટિએ સમન્વય થઈ શકે છે. આમ ઈન્દ્રભૂતિ ગૌતમનો સંદેહ ટળી જતાં 'મારે પ્રભુ વીરનું શરણ હો'. એમ નક્કી કરી ૫૦૦ વિદ્યાર્થીઓ સાથે પ્રભુ પાસે ત્યાંને ત્યાં જ ચારિત્ર લીધું. ઘરવાસ ત્યજી મુનિ બન્યા. પ્રભુએ ''ઉપન્નેઈવા, વિગમેઈવા, ધુવેઈવા'' એ ત્રિપદીનું દાન કર્યું. તત્કાલ શ્રી ઈન્દ્રભૂતિજીને જ્ઞાનાવરણીય કર્મનો અપૂર્વ ક્ષયોપશમ થયો તેઓ શ્રુત કેવળી થયા અને બાર અંગ સ્વરૂપ દ્વાદશાંગી શાસ્ત્રોની રચના કરી. પ્રભુએ એના ઉપર મહોર છાપ સ્વરૂપ અનુમતિ આપી. દ્રવ્ય ગુણ પર્યાયથી તીર્થની અનુજ્ઞા આપી, આમ શ્રી ગૌતમ ઈન્દ્રભૂતિજી પ્રથમ ગણધર થયા ।। ઈતિ ગણધર ૧ ।।

## ૨ જો ગણધર

અગ્નિભૂતિએ સાંભળ્યું કે ઈન્દ્રભૂતિએ પ્રભુનું શરણ સ્વીકારીને તેમની પાસે દીક્ષા લીધી છે ત્યારે તે વિચાર કરવા લાગ્યા કે કદાપિ પર્વત પીગળે, બરફ સળગી ઉઠે, અગ્નિ શીતલ થઈ જાય અને વાયુ સ્થિર થઈ જાય એ કદાચિત્ સંભવે પણ મારા મોટાભાઈ હારે એ સંભવે નહિ. અગ્નિભૂતિએ નિર્ણય કર્યો કે ત્યાં જઈને તે ધૂર્તને જીતીને હું મારાભાઈને પાછો લાવું. પોતાના ૫૦૦ વિદ્યાર્થીઓ સાથે અગ્નિભૂતિ પ્રભુ પાસે આવ્યા, પ્રભુએ પણ તેમને નામ ગોત્રના ઉચ્ચારપૂર્વક બોલાવ્યા અને તેમના મનમાં રહેલ સંદેહ પ્રગટ કર્યો.

હે ગૌતમ અગ્નિભૂતિ ! તમને કર્મનો સંદેહ છે અને તે સંદેહ વેદ વાકયનો જુદો અર્થ કરવાથી થયો છે. ''પુરૂષ એવેદં ગ્નિં યદ્ભૂતં યચ્ચ ભાવ્યં'' આ વેદ વાકયનો તમે આવો અર્થ કરો છો કે જે થયું અને જે થશે એ સર્વ આત્મા જ છે. કર્મ, ઈશ્વરાદિ જેવી કોઈ વસ્તુ જ જગતમાં નથી. વળી બીજી બાજુ વેદ વાકય ''પુણ્યઃ પુણ્યેન કર્મણા, પાપઃ પાપેન કર્મણા'' પુણ્ય કાર્યથી જીવ પુણ્યશાળી થાય છે અને પાપ કાર્યો કરવાથી પાપી થાય છે. આ અર્થ મુજબ કર્મ જેવી વસ્તુ છે એમ સિદ્ધ થાય છે. તેથી પરસ્પર વિરોધી દેખાતા વેદ વાકયથી તમને સંદેહ થયો છે પણ હે અગ્નિભૂતિ ! આ વેદ પદોનો અર્થ તમે બરાબર કરશો તો કર્મ જેવી વસ્તુ પણ છે, એમ તમને બરાબર સમજાશે.

"પુરૂષ એવેદં..." એ વેદ પદ આત્માની સ્તુતિ રૂપ છે.

(૧) વેદ વાક્યો ત્રણ પ્રકારે છે (૧) કેટલાક વિધાન કરનારા. દા.ત. સ્વર્ગની ઈચ્છાવાળાએ યજ્ઞ કરવો જોઈએ. વગેરે (૨) કેટલાક અનુવાદ કરનારા. દા.ત. બાર માસનું એક વર્ષ હોય છે. (૩) કેટલાક સ્તુતિ કરનારા. દા.ત. જે દેખાય છે તે આત્મા જ છે. (આત્માની કૃતિ છે) આ વેદ વાક્ય આત્માની અચિન્ત્ય શક્તિ બતાવનારા છે. પણ કર્મનો નિષેધ કરનાર નથી. જેમ :

**જલે વિષ્ણુઃ સ્થલે વિષ્ણુઃ, વિષ્ણુ પર્વત મસ્તકે ।**
**સર્વ ભૂતમયો વિષ્ણુસ્તસ્માદ્ વિષ્ણુમયં જગત્ ॥૧॥**

અર્થાત્: જલમાં વિષ્ણુ, સ્થલમાં વિષ્ણુ, પર્વત ઉપર વિષ્ણુ અને સર્વભૂતમય વિષ્ણુ, અહિં વિષ્ણુનો મહિમા ગાયો છે. તેથી બીજી વસ્તુનો અભાવ જણાતો નથી. તેમ "પુરૂષ એવેદં..." એ વાક્ય આત્માની સ્તુતિ-મહિમાનું વાક્ય છે, પણ કર્મનો નિષેધ કરનારૂં નથી.

(૨) વળી અરૂપી આત્માને રૂપી કર્મ કેમ અસર કરે એ શંકા તમે કરતા હો તો તે પણ અનુચિત છે કારણ કે અરૂપી જ્ઞાનનો રૂપી "મદિરા" થી ઉપઘાત અને "બ્રાહ્મિ" વગેરેથી ઉપકાર થાય છે. આ અનુભવ સિધ્ધ છે.

(૩) વળી જો કર્મ ન હોય તો એક સુખી બીજો દુ:ખી, એક સ્વામિ બીજો સેવક વગેરે કેમ ઘટે ?

(૪) જેમ તમારો અરૂપી પણ સંશય મેં જાણ્યો છે તેમ સર્વ જીવોના કર્મને પણ હું જ્ઞાનચક્ષુ વડે પ્રત્યક્ષ જાણું છું અને સુખદુ:ખની અનુભૂતિ રૂપ કર્મનું ફળ તો તમને પણ પ્રત્યક્ષ છે.

(૫) સર્વનો આત્મા સ્વરૂપે નિર્મળ છતાં રાગ, દ્વેષ, ક્રોધ, માન વગેરે દોષોનો સૌને અનુભવ થાય છે, તેના નિમિત્તે જીવ નવા નવા કર્મ બાંધે છે, અને સંસારમાં ભટકે છે, માટે કર્મ સ્વીકારવું જોઈએ.

(૬) દરેક કાર્યનું કારણ હોય છે, જેમ અંકુર કાર્ય છે, તો તેનું કારણ બીજ છે. તેવી જ રીતે સુખદુ:ખ કાર્ય છે તો કર્મ તેનું કારણ છે. સમાન કારણ હોવા છતાં ફળમાં વિષમતા દેખાય છે તે વિષમતાનો સર્જક જે હેતુ તેજ કર્મ છે.

પ્રભુના યુક્તિ સંગત અર્થથી અગ્નિભૂતિનો સંશય ટળી ગયો, અને પોતાના શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષા લઈ બીજા ગણધર થયા.



## ૩ જા ગણધર

પોતાના બે મોટાભાઈ ઈન્દ્રભૂતિ અને અગ્નિભૂતિ મહાવીર પ્રભુના શિષ્ય બની ગયા એ વાત સાંભળી વાયુભૂતિએ વિચાર્યું કે મારા બે ભાઈઓ જેમના શિષ્ય થયા તે મારે માટે પણ પૂજ્ય છે. માટે હું પણ ત્યાં જાઉં અને સંશયનું નિવારણ કરીને તેમનું શરણ સ્વીકારૂં. પોતાના ૫૦૦ શિષ્યો સાથે વાયુભૂતિ પ્રભુ પાસ આવ્યા. પ્રભુએ પહેલાંની જેમ નામ અને ગોત્રના ઉચ્ચારપૂર્વક સંબોધન કરીને કહ્યું; હે ગૌતમવાયુભૂતિ આ શરીર એ જ જીવ છે કે શરીરથી જીવ કોઈ જુદી વસ્તુ છે. આવો સંદેહ તમને વેદ વાકયના જુદા જુદા અર્થથી થયો છે. ''વિજ્ઞાનઘન...'' એ વેદં વાકયથી આત્મા નથી એમ તમને સમજાય છે. વળી ''સત્યેન લભ્ય સ્તપસા હ્યેષ બ્રહ્મચર્યેણ નિત્યં જયોતિર્મયો હિ શુદ્ધો યં પશ્યન્તિ ધીરા યતયઃ સંયતાત્માનઃ'' અર્થઃ - આ જ્યોતિમય શુદ્ધ આત્મા, સત્ય, તપ અને બ્રહ્મચર્ય વડે મેળવાય છે. એટલે જણાય છે આ વેદ વાકયથી આત્માની પ્રતિતી થઈ છે. આમ પરસ્પર વિરોધી જણાતા વાકયોથી તમને સંદેહ થયો છે. પણ તે અયોગ્ય છે. ''વિજ્ઞાનઘન...'' ઈત્યાદિ પદોથી ઈન્દ્રભૂતિને સમજાવેલ અર્થ સમજાવ્યો અને કહ્યું કે જો શરીર અને આત્મા ભિન્ન ન હોય તો જીવન-મરણનો ભેદ કેમ ઘટે ?

(૧) આજે પણ કોઈ કોઈને પૂર્વજન્મનું જ્ઞાન થતું દેખાય છે માટે

પ્રત્યેક ભવમાં સુખદુ:ખ સહન કરનાર શરીરથી જુદો આત્મા છે.

(૨) ૨૧ કારણોથી વસ્તુ ન દેખાવાનાં કારણો : ૧ દુર હોવાથી, ૨ સુક્ષ્મ હોવાથી, ૩ અતિ નજીક હોવાથી, ૪ મન અસ્થિર હોવાથી, ૫ મતિ મંદતાથી, ૬ ઈન્દ્રિય મંદતાથી, ૭ આવરણ આવવાથી, ૮ પરાભવ થવાથી, ૯ સમાનતા હોવાથી, ૧૦ બીજુ લક્ષ્ય હોવાથી, ૧૧ વિસ્મરણ થવાથી, ૧૨ અંધ થવાથી, ૧૩ ગેરસમજ (વ્યુદ્ગ્રાહ) થવાથી, ૧૪ મિથ્યાત્વ (મોહ)થી, ૧૫, વૃધ્ધાવસ્થાથી ૧૬ સન્નિપાતાદિ વિકારથી ૧૭ દહીંમાંથી માખણ કાઢવાની જેમ ક્રિયા નહીં કરવાથી, ૧૮ દૂધપાણીની જેમ સંયુક્ત ભેગા મળવાથી ૧૯ અશિક્ષણ (ઓળખ) ન હોવાથી, ૨૦ વાયુ-આકાશ પિશાચાદિની જેમ સ્વભાવથી, ૨૧ દેવમાયાથી આદિ એકવીશ કારણોથી વસ્તુ હોવા છતાં દેખાતી નથી. તેમ છદ્મસ્થને શરીરથી આત્મા જુદો હોવા છતાં બાહ્ય દષ્ટિથી દેખાતો નથી.

(૩) આત્મા જેમ મને શરીરથી જુદો દેખાય છે, તેમ સર્વ કેવલજ્ઞાની જોઈ શકે છે. જયારે અજ્ઞાની માટે એક ગંભીર કોયડો છે. તેઓને માટે આત્મા સુક્ષ્માતિસૂક્ષ્મ અને ગૂઢાતિગૂઢ પદાર્થ ગણાય છે, છતાં અનુમાનથી આત્મા શરીરથી જુદો જાણી શકાય છે.

(૪) અનાદિ કાળથી જડ-ચેતન બંને દૂધ અને ઘીની જેમ એક

બીજામાં મળેલા છે. આપણે દૂધને જોઈને અંદર ઘી નું અનુમાન કરી શકીએ છીએ, તેમ ચેષ્ટાવાળા શરીરને જોઈને શરીરથી અલગ આત્માનું અનુમાન કરવું જોઈએ.

(૫) જીવતા સુધી જે શરીર સડતું નથી તેજ શરીર મૃત્યુ બાદ પ્રતિ સમયે સડે છે અને તેમાંથી દુર્ગંધ ઉછળે છે. વળી હલન ચલન આદિ ચેષ્ટા પણ બંધ થાય છે તો તે ચેષ્ટા કરનાર શરીરમાં જુદો આત્મા છે તે સિદ્ધ થાય છે.

વાયુભૂતિનો સંદેહ ટળી જતાં પોતાના ૫૦૦ શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષિત થઈ ત્રીજા ગણધર થયા ॥ ઈતિ ગણધર ૩ ॥

## ૪ થા ગણધર (શૂન્યવાદ)

હવે પાંચભૂતના સંદેહ (શૂન્યવાદ) વાળા વ્યક્ત નામના પંડિતને પ્રભુએ કહ્યું કે તું વેદના અર્થને બરાબર વિચારે તો સંશય ટળી જાય. ''યેન સ્વપ્નોપમં વૈ સકલં ઈત્યેષ બ્રહ્મવિધિ રંજસાવિજ્ઞેય'' આનો અર્થ તમે એમ સમજયા છો કે પૃથ્વી પાણી આદિ પ્રત્યક્ષ દેખાતા સઘળાં પદાર્થો સ્વપ્ન જેવા અસત્ છે. વળી બીજી બાજુ ''પૃથ્વી દેવતા આપો દેવતા'' પૃથ્વી દેવ છે. પાણી દેવ છે. આ વેદ વાકયથી પાંચ ભૂતની સત્તા સિદ્ધ થાય છે. પણ આમ પરસ્પર વિરૂધ્ધ લાગતા વેદના પદોથી તમને સંશય થયો છે, પણ તે બરાબર નથી કેમકે ''યેન

સ્વપ્નોપમં...'' એ પદ મુમુક્ષુ જીવો માટે આત્મધ્યાન કરવા પ્રસંગે સ્ત્રી, પુત્ર, ધન, સંપત્તિ વગેરે સંબંધો જાગ્રત અવસ્થાના સ્વપ્નની જેમ અસત્ છે તે જણાવવા માટે છે. વળી તે જીવો આ અસાર પદાર્થોમાં આસક્ત બની મૂઢ ન બને ! રાગદ્વેષ ન કરે ? અને અંતે મોક્ષ પ્રાપ્ત કરે એ માટે આ ઉપદેશ વાક્ય છે. પાંચ ભૂતો પ્રત્યક્ષ છતાં તને સંદેહ થયો તો, સંશય કરનાર હશે કે નહિ ? તથા વેદ, તેના વચનો, તેના વાચક વગેરેનો પણ સંશય થશે ! અને તે પણ અસત્ ઠરશે. પરિણામે સઘળું શૂન્ય માનવું પડશે.

હે આર્ય વ્યક્ત ! જે વસ્તુ વિદ્યમાન હોય તેનો જ સંશય થાય છે માટે તેના જ્ઞેય પદાર્થનું અસ્તિત્વ અનુમાનથી સિદ્ધ છે. સ્વપ્નમાં જે સંદેહ થાય છે તે પૂર્વે જાગ્રત અવસ્થામાં અનુભૂત વસ્તુના સ્મરણથી થાય છે. જો વસ્તુનો અભાવ હોત તો સ્વપ્નમાં પણ સંદેહને સ્થાન ન જ હોત ! વળી સ્વપ્ન એ પોતે ભાવરૂપ છે એટલે સર્વશૂન્ય ન જ કહેવાય ? પ્રભુના આવા યુક્તિ સંગત વચનો સાંભળી સંશય ટળી જતાં આર્ય વ્યક્ત પંડિત ભગવાનનાં ચરણમાં નમી પડ્યા અને ગદ્‌ગદ્ સ્વરે બોલ્યા ભગવંત ! આપ મારા તારણહાર બનો...મને પણ આપના ચરણમાં સ્થાન આપો. એ જ વખતે પોતે પોતાના ૫૦૦ શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષિત થઈ ચોથા ગણધર થયા. ।। ઈતિ ગણધર ૪ ।।

## ૫ મા ગણધર

"આ જન્મમાં જેવો હોય તેવો જ અન્ય જન્મમાં થાય કે કેમ ?" આવા સંશયવાળા સુધર્મ નામના પાંચમાં પંડિતને પ્રભુએ કહ્યું કે "પુરૂષો વૈ પુરૂષત્વમશ્નુતે..." એ વેદ વાક્યનો અર્થ તમે એવો કર્યો છે કે મનુષ્ય હોય તે ફરી મનુષ્યપણાને પામે અને પશુઓ પશુપણાને પામે. વળી વેદમાં "શૃગાલો વૈ એષ જાયતે યઃ સપુરીષો દહ્યતે"એમ કહ્યું છે. એટલે જેને વિષ્ટા સહિત બાળવામાં આવે તે શીયાળ થાય છે આમ બે વાક્યોનો પરસ્પર વિરોધી અર્થ કરવાથી તમને સંશય થયો છે, પણ તે બરાબર નથી. ક્ષમા, સરળતા, મૃદુતા આદિ ગુણવાળો હોય તે મરીને પુનઃ મનુષ્ય થાય છે. પરંતુ બધાય મનુષ્ય મરીને મનુષ્ય જ થાય એવો નિયમ નથી. કારણ કે (૧) વિષ્ટામાંથી કીડા પેદા થાય છે. (૨) છાણમાંથી વીંછી થાય છે. (૩) શૃંગથી શર નામની વનસ્પતિ થાય છે અને તેને જ (૪) જો સરસવનો લેપ કરવામાં આવે તો તેનાથી જુદા પ્રકારનું ઘાસ થાય છે. (૫) ગાય અને બકરીના વાળથી દુર્વા-ધ્રો થાય છે. (૬) વળી જુદા જુદા દ્રવ્યોના સંમિશ્રણથી સર્પ, સિંહ, મત્સ્ય આદિ પ્રાણીઓ અને રત્નો મણિ વગેરે ઉત્પન્ન થઈ શકે છે. આમ કારણથી વિલક્ષણ કાર્ય જગત પ્રસિદ્ધ જ છે. એટલે વસ્તુ સદશ પણ થાય છે અને વિસદશ પણ થાય છે એ અનેકાન્ત સ્વીકારવું જોઈએ. આમ પ્રભુના શાસ્ત્ર અને યુક્તિ સંગત વચનો સાંભળી શ્રી સુધર્મા પંડિતનો સંશય દૂર થતાં ૫૦૦

શિષ્યો સાથે દીક્ષા લઈ પ્રભુના પાંચમાં ગણધર બન્યા.
॥ ઈતિ ગણધર ૫ ॥

## ૬ ઠ્ઠા ગણધર

''બંધ મોક્ષ'' ના સંદેહવાળા છઠ્ઠા મંડિત નામના પંડિતને પ્રભુએ કહ્યું કે ''સ એષ વિગુણો વિભુર્ન બધ્યતે સંસરતિ વા ન મુચ્યતે મોચયતિ વા નવા એષ બાહ્યાભ્યંતરં વેદ'' આ વેદ પદોનો અર્થ તમે એવો કર્યો છે કે સત્ત્વાદિ ગુણ રહિત અને વિભુ એટલે વ્યાપક આ જીવ પુણ્ય પાપથી સંસારમાં પરિભમ્રણ કરતો નથી. કર્મરૂપી બંધન ન હોવાથી તેનો મોક્ષ પણ નથી અને અન્યને છોડાવતો નથી. બાહ્ય પુષ્પ, ચંદનના સુખને તથા અભ્યંતર આભિમાનિક સુખને અનુભવતો નથી. આ વેદ પદથી જીવને બંધ મોક્ષ નથી એમ તમને સમજાયું છે. બીજા વેદ પદમાં કહ્યું છે કે ''ન હ વૈ સશરીરસ્ય પ્રિયાપ્રિયોરપહતિરસ્તિ, અશરીરં વા વસન્તં પ્રિયાડપ્રિયે ન સ્પૃશતઃ'' અર્થાત્ નિશ્ચે દેહધારી આત્માને સુખ દુઃખની નિવૃતિ નથી. એટલે કે સુખદુઃખ હોય છે. પરંતુ દેહરહિત પણે રહેલા મુક્ત આત્માને સુખદુઃખ સ્પર્શતાં નથી. આ પદોથી દેહધારી જીવને કર્મ બંધન હોય છે એમ સિદ્ધ થાય છે. આ રીતે પરસ્પર વિરોધી લાગતા વેદ પદોથી તમને આ સંશય થયો છે પણ તે બરાબર નથી. કારણ કે પહેલા વેદ પદો વિગુણ અને વિભુ એ શબ્દોનો તમે ખોટો અર્થ કર્યો છે, ખરો અર્થ આ છે કે વિગુણઃ


મતિ શ્રુતજ્ઞાન વગેરે ક્ષયોપશમિક અથવા સત્વ, રજસ, તમસ વગેરે ઔદયિક, છાદ્મસ્થિક ગુણો જેના નષ્ટ થાય છે તેવો અને વિભુઃ જ્ઞાન દર્શનના ઉપયોગ રૂપે જગતમાં વ્યાપક આવો આત્મા નવા કર્મથી બંધાતો નથી.

જો બંધ મોક્ષ ન હોય તો મુક્તિના પ્રરૂપક શાસ્ત્રો અને તેમાં કહેલી સર્વ ક્રિયાઓ નિષ્ફળ થાય. વળી પ્રત્યક્ષ દેખાતા જન્મ-મરણ, સુખ-દુઃખ, પુણ્ય-પાપ, ધર્મ-અધર્મ વગેરે અસત્ય ઠરે વળી શરીર અને કર્મનો સંબંધ અનાદિ છે. બીજ અને અંકુરની માફક તે બંનેમાં પરસ્પર કાર્ય કારણ ભાવ રહેલો છે. બીજથી અંકુર અને અંકુરથી બીજ આ ક્રમ જેમ અનાદિ કાળથી ચાલુ છે એ જ પ્રમાણે દેહથી કર્મ અને કર્મથી દેહ આ ક્રમ પણ અનાદિથી ચાલુ છે. એટલે કર્મ પહેલું કે જીવ પહેલો, પક્ષી પહેલું કે ઈંડુ પહેલું એ વિકલ્પોને અવકાશજ રહેતો નથી. શરીરથી કર્મ ઉત્પન્ન થાય છે અને પૂર્વકર્મનુ પરિણામ શરીરની ઉત્પત્તિ છે. આમ કર્મ અને દેહ પરસ્પર કાર્ય કારણ હોવાથી બંનેનો સંબંધ અનાદિ છે. તેથી કર્મનો સંબંધ અનાદિ છે. વળી ઊંડો વિચાર કરતા સમજાશે કે જીવ કર્મ દ્વારા શરીરને ઉત્પન્ન કરતો હોવાથી શરીરનો કર્તા છે અને શરીર દ્વારા કર્મને ઉત્પન્ન કરતો હોવાથી તે કર્મનો પણ કર્તા છે. જેમ ઘટને ઉત્પન્ન કરનાર કુંભાર એ ઘટનો કર્તા કહેવાય છે. આ રીતે સિદ્ધ થયું કે જીવ અનાદિનો છે અને કર્મનો બંધ પણ અનાદિ છે.

દુશ્મનનું અહિત કરવાના વિચાર કરતા ઉપકારથી તેને વશ કરવો.

આર્યમંડિતે ઘડી વિચાર કરી ફરી પૂછ્યું કે હે ભગવંત ! કર્મ અને તેનો બંધ અનાદિ હોઈ શકે, પણ તેનો મોક્ષ શી રીતે ઘટે ?

ભગવંતે કહ્યું હે પંડિત ! બીજ અને અંકુરમાંથી ગમે તે એકનો પોતાના કાર્યો પહેલાં જ જો નાશ થઈ જાય તો બીજ અંકુરની પરંપરાનો અંત આવી જાય છે. એ જ રીતે સુવર્ણ અને માટીનો ખાણમાં સંયોગ અનાદિનો હોવા છતાં અગ્નિનાં યોગ વડે તે સંયોગનો નાશ થાય છે. તેજ પ્રમાણે જીવ અને કર્મનો સંયોગ અનાદિ હોવા છતાં દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધના તથા દેવગુરૂ ધર્મની ભક્તિ દ્વારા અંત આવી શકે છે અને બંધમાં પડેલો જીવ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. જ્યાં જન્મ, મરણ, દુ:ખ, સંતાષ, રોગ શોક, ભય, જરા, રાગ, દ્વેષ એવા કોઈ તત્વો નથી અને જેનું સ્વરૂપ શબ્દોમાં ન બતાવી શકાય એવું અનંત સુખ જયાં છે તે મોક્ષનું સ્વરૂપ સમજાવતાં આર્ય મંડિતના મનનો સંદેહ દૂર થયો એટલે તે પણ પોતાના સાડા ત્રણસો શિષ્યો સાથે દીક્ષા લઈ પ્રભુના છઠ્ઠા ગણધર બન્યા. ॥ ઈતિ ગણધર ૬ ॥



## ૭ મા ગણધર

દેવો અને દેવગતિના સંદેહવાળા સાતમા મૌર્યપુત્ર નામના પંડિતને પ્રભુએ કહ્યું : તમે વેદના અર્થને કેમ વિચારતા નથી ? ''કો જાનાતિ માયોપમાન્ ગીર્વાણાન્ ઈન્દ્ર યમ વરૂણ કુબેરાદીન્'' અર્થાત્ ઈન્દ્રજાળ સ્વરૂપ એવા ઈન્દ્ર, યમ, વરૂણ, કુબેર વગેરે દેવોને કોણે જોયા જાણ્યા છે ? આવો અર્થ કરી તમે દેવો નથી એમ સમજ્યા છો અને ''સ એષ યજ્ઞાયુધી યજમાનોંડજસા સ્વર્ગલોકં ગચ્છતિ'' અર્થાત્ તે આ યજ્ઞ કરનાર યાજ્ઞિક તુર્ત દેવલોકમાં જાય છે. આ વેદ પદથી દેવો છે એમ લાગ્યું. આ પરસ્પર વિરોધી જણાતા વેદપદોથી તમને સંદેહ થયો છે પણ તે બરાબર નથી.

(૧) કારણ કે તમે અને હું આ અહીં આવેલા દેવોને પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ.

(૨) પહેલા વેદપદમાં દેવોને ઈન્દ્રજાળ સ્વરૂપ કહ્યા તે દેવભવ પણ માયાજાળની જેમ અનિત્ય છે. દેવોનાં સુખ પણ શાશ્વતા નથી. એ દર્શાવતું ઉપદેશ વાકય છે.

(૩) પૂર્વ દેવનો ભવ અને ત્યાંના ભોગો જાતિસ્મરણવાળા પ્રત્યક્ષ દેખે છે.

(૪) દેવભવની પ્રાપ્તિની ક્રિયા પણ વેદ શાસ્ત્રમાં કહી છે.

(૫) અતિ પુણ્યવાનને પુણ્ય ભોગવવાનું સ્થાન હોવું જોઈએ એ અનુમાનથી પણ દેવગતિ સિધ્ધ થાય છે.

(૬) લોકો અતિ પુણ્યશાળીને દેવની ઉપમા આપે છે.

(૭) લોકો દેવતાઓનો અનુગ્રહ અને પીડા અનુભવતા દેખાય છે. કેટલીક વાર દેવો રાજાની જેમ વૈભવ આપે છે, જયારે કોઈનો વૈભવ વેડફી પણ નાંખે છે.

(૮) સૂર્ય, ચંદ્રના વિમાનોમાં વસનારા કોઈ હોવા જોઈએ અને તે વસનારા દેવો છે.

(૯) સંસારમાં એવો કોઈ દેખાતો નથી કે જે સર્વ રીતે સદા સુખી જ હોય અને જેને દુઃખનો લેશ માત્ર સ્પર્શ જ ન થયો હોય ! મનુષ્ય ગમે તેટલો સુખી હોવા છતાં આધિ-વ્યાધિ, જરા, ઈષ્ટ વિયોગ આદિ દુઃખ ભોગવતો હોય છે. એટલે દાનાદિ ધર્મથી બંધાયેલા ઉત્કૃષ્ટ પુણ્યના ફળ તરીકે ઉત્કૃષ્ટ પુણ્યના ફળ તરીકે ઉત્કૃષ્ટ સુખ ભોગવવાની યોનિ હોવી જોઈએ અને તે દેવલોક છે.

મૌર્યપુત્ર ક્ષણવાર વિચાર કરી બોલ્યા તો પછી તેઓ મનુષ્યની જેમ સાક્ષાત્ સ્વેચ્છા વિહારી હોવાથી અહીં વારંવાર આવતા કેમ નથી?

ભગવંત કહે મહાનુભાવ ! તેઓ સ્વર્ગના સુખ અને વિષય ભોગમાં આસકત થવાથી કાર્ય વગર આજે જેમ આવેલા દેખાય છે તેમ વારંવાર આવતા નથી, તેના ઘણાં કારણો છે. (૧) અહીં આવવાનું ખાસ


કોઈ પ્રયોજન વારંવાર આવતું નથી. (૨) સ્વર્ગના સુખ આગળ માનવ લોક દુઃખ ભર્યો અને દુર્ગંધમય લાગે છે. (૩) તેઓ પોતે સ્વાધીન છે. મનુષ્ય પાસે તેઓને સ્વાર્થ નથી છતાં અહિં આવવાનાં પણ કેટલાક કારણો હોય છે. (૧) તીર્થંકરના જન્મ, દીક્ષા, કેવલ અને નિર્વાણ વગેરે મહોત્સવ સમયે (૨) કેવલીને પોતાના સંશય પૂછવાને માટે (૩) પૂર્વભવના સંબંધના મમત્વના કારણે (૪) વચનથી બંધાયેલા હોવાને કારણે (૫) કેટલાકના વિશિષ્ટ તપ-અનુષ્ઠાન, મંત્ર આદિને આધીન થવાના કારણે, (૬) કેટલાક ક્રીડા-કૌતુક અર્થે અને (૭) કેટલાક સાધુ અને સત્વ શીલ પુરૂષોની પરીક્ષા અર્થે મનુષ્ય લોકમાં આવતા પણ હોય છે. પ્રભુની વાણીથી તેમનો સંશય દૂર થયો અને પોતાના ત્રણસો શિષ્યો સાથે દીક્ષા લઈ પ્રભુના શિષ્ય થયા. ॥ ઈતિ ગણધર ૭ ॥

## ૮ મા ગણધર

નારકી હશે કે નહીં એવા સંશયવાળા અંકપિત નામના આઠમા પંડિતને પ્રભુએ કહ્યું તમે વેદ વાકયોને યથાર્થ વિચારતાં નથી. ''ન હ વૈ પ્રેત્ય નરકે નારકાઃ સન્તિ'' એ પદોથી તમે સમજયા કે નરકમાં નારકીઓ ઉપજતાં નથી. બીજી બાજુ ''નારકો વૈ એષ જાયતે યઃ શુદ્રાન્નમશ્નાતિ'' એ વાકયથી જે શુદ્રનું અન્ન ખાય છે તે મરીને નારકી થાય છે, એમ પરસ્પર વિરોધી જણાતા વેદ વાક્યોથી તમે સંશયમાં

પોતાનાથી નાનાને માન આપવું એજ પોતાની ખરી મોટાઈ છે.

પડયા પણ તે બરાબર નથી. કેમકે પહેલા વેદ વાકયનો અર્થ એવો છે કે (૧) નારકીઓ મેરૂ પવર્તની જેમ શાશ્વતા રહેતા નથી. (૨) જે કોઈ પાપ આચરે છે તે નારકી થાય છે પણ નારકી મરીને ફરી બીજા ભવમાં નારકીપણે ઉત્પન્ન થતા નથી. એટલે સર્વથા નારકીઓનો અભાવ નથી. (૩) અતિ પાપનો બદલો ભોગવવાનું સ્થાન નરકગતિ માનવી જ જોઈએ. અહિં પણ અતિ દુઃખીઓને નરકની પીડાની ઉપમા અપાય છે. (૪) આ લોકમાં આપ્ત પુરૂષનાં પ્રત્યક્ષને સ્વપ્રત્યક્ષ જેવું જ સ્વીકારાય છે. જેમ હંસ, શરભ, સિંહ આદિનું પ્રત્યક્ષ સર્વ કોઈને થતું નથી, છતાં તેને અપ્રત્યક્ષ કોઈ કહેતું નથી. વળી તમે તમારો જ વિચાર કરી જુઓ ! તમે કાંઈ બધા જ દેશ,



કાલ, નગર, ગામ, નદી કે સમુદ્રને પ્રત્યક્ષ જોયા નથી. છતાં તે બધા બીજાઓને પ્રત્યક્ષ હોવાથી તમો પણ તે બધાને પ્રત્યક્ષ જ માનો છો. એ જ રીતે નારકીઓ મને પ્રત્યક્ષ છે. તો તમે તેને અપ્રત્યક્ષ કેમ કહી શકો ? ખરી રીતે ઈન્દ્રિય પ્રત્યક્ષ બધું સાચું નથી. એ એક જાતનો ભ્રમ છે. ઈન્દ્રિય પ્રત્યક્ષ એ તો ઉપરથી પ્રત્યક્ષ કહેવાય છે. સાચું પ્રત્યક્ષ તો અતીન્દ્રિય (ઈન્દ્રિયની મદદ વિનાનું સીધું આત્માને થનારૂં) જ્ઞાન છે. કારણ કે તે આત્માને સાક્ષાત્ થાય છે. ઝરૂખો પોતે કશું જોઈ શકતો નથી પણ જેમ ઝરૂખામાં ઉભેલા દેવદત્ત આદિ જુએ છે તેમ ઈન્દ્રિયો સાધન છે અને તે સાધન દ્વારા જીવ પોતે જુએ છે એટલે ઈન્દ્રિયોને જોનાર માની શકાય નહિ અને ઈન્દ્રિયથી થતાં જ્ઞાનને પ્રત્યક્ષ પણ કહી શકાય નહિં. જયારે ઈન્દ્રિયોના ઉપયોગ વિના બીજા પદાર્થોની જેમ હું નારકીઓને આત્મ-પ્રત્યક્ષ જોઈ શકું છું.

આ રીતે વેદ વાકયના અર્થનો સમન્વય થવાથી આઠમા અકંપિત પંડિતનો નારકનો સંશય દૂર થયો અને પોતાના ત્રણસો શિષ્યો સાથે દીક્ષા લઈ પ્રભુના આઠમા ગણધર થયા. ।। ઈતિ ગણધર ૮ ।।

## ૯ મા ગણધર

પુણ્ય હશે કે નહિ ? એવા સંશયવાળા નવમા અચલભ્રાતા પંડિતને પ્રભુએ કહ્યું ''પુરૂષ એવેદં ગ્નિં સર્વં એ વેદ વાકયને તમે બરાબર કેમ વિચારતાં નથી ? બીજા પંડિત શ્રી અગ્નિભૂતિજીની જેમ તમને

પણ એ જ વાકયથી પુણ્યનો સંશય થયો છે. પણ એ બરાબર નથી. ત્યારબાદ પ્રભુએ અગ્નિભૂતિજીને આપેલી સમજૂતિ તેમને આપી વળી ''પુણ્યઃ પુણ્યેન કર્મણા, પાપઃ પાપેન કર્મણા'' એ વેદ વાકયથી પણ પુણ્ય-પાપ છે તે સિદ્ધ થાય છે. વળી હે અચલભ્રાતા, તમે કર્મ, ક્રિયા, સત્ (વિદ્યમાન) છે એમ તો માનો જ છો તો તે કર્મ શુભ અને અશુભ બે રીતે હોવાથી પુણ્ય-પાપ ઘટે છે અને આ બેના યોગે જ સંસાર છે. બેમાંથી એકની હાજરી નહિ હોય તો સંસાર અને મોક્ષ એકેય ન ઘટે.

અચલભ્રાતા - હે ભગવંત ! પાપનો જેમ જેમ નાશ થાય તેમ તેમ સુખ થાય, અને સર્વથા નાશ થાય તો મોક્ષ થાય ! એમ કેવળ એક પાપને જ માનીએ તો શી હરકત છે ? પુણ્યને જુદુ માનવાની શી જરૂર છે. ?

ભગવંતે ફરમાવ્યું હે અચલભ્રાતા ! 'પુણ્યનું પરિણામ સુખ છે, અને પાપનું પરિણામ દુઃખ છે...' એક જ વસ્તુના બે વિરોધી પરિણામો કલ્પવા એ તો સામાન્ય દષ્ટિએ પણ અવ્યવહારૂ છે. વળી હે સૌમ્ય ! પાપ અને પુણ્ય સંકીર્ણ રહી શકે નહિ. ઝેર અને અમૃત અથવા તો દહીં અને દૂધ બે મિશ્ર રહી શકે નહિ. પાપ અને પુણ્યનું કારણ તો કર્મ જ છે. કોઈ કર્મ એવું ન હોય કે એક જ સમયે બંનેનું સાથે ઉપાર્જન થાય. કર્મનું કારણ યોગ છે. એ યોગ એક સમયે શુભ યા અશુભ હોય, પરંતુ શુભાશુભ રૂપે ન હોય.

અચલભ્રાતા કહે - હે પ્રભુ ! હવે મને સમજાય છે કે પાપ અને પુણ્ય બંને સ્વતંત્ર છે. તો એ બંનેનું લક્ષણ શું હશે ?

ભગવંતે ફરમાવ્યું કે - હે મહાનુભાવ ! જેનો વિપાક શુભ હોય તે પુણ્ય અને તેથી જે વિપરીત છે તે પાપ છે. પુણ્ય અને પાપ એ બંને પુદ્ગલ છે, જેમ કોઈ ઉઘાડા શરીરે તેલ ચોળીને બેસે તો તેલના પ્રમાણમાં તેને દેહ ઉપર રજ ચોંટે છે, તેમ રાગદ્વેષથી સ્નિગ્ધ બનેલા જીવ ઉપર પાપ-પુણ્ય કર્મ રૂપી રજ ચોંટે છે.

પ્રભુના યુક્તિયુકત વચનોથી પ્રતિબોધ પામી પોતાના ત્રણસો શિષ્યો સાથે દીક્ષા લઈ નવમા અચલભ્રાતા પંડિત પ્રભુના નવમા ગણધર બન્યા. ॥ ઈતિ ગણધર ૯ ॥

## ૧૦ મા ગણધર

પરભવ હશે કે નહિ ! એવા સંદેહવાળા મેતાર્ય નામના દશમા પંડિતને પ્રભુએ ફરમાવ્યું કે ઈન્દ્રભૂતિજીની જેમ તમને પણ "વિજ્ઞાનઘન..."એ વેદ વાકયથી પરલોકનો સંદેહ થયો છે. ત્યારબાદ પરમાત્માએ ઈન્દ્રભૂતિજીને સમજાવેલ યુક્તિઓથી એમને પણ સમજાવ્યા. વળી પ્રભુએ સમજાવ્યું કે (૧) બાળકને જન્મતાંની સાથે જ સ્તનપાનની ઈચ્છા થાય છે અને વિના શિક્ષણે તે કરે છે. આ સૌને અનુભવ સિદ્ધ છે. વાસના વિના ઈચ્છા થાય નહીં. અને અભ્યાસ વિના ક્રિયા આવડે નહીં. માટે વાસના અને ક્રિયાનું શિક્ષણ જીવે પૂર્વભવમાં પ્રાપ્ત

કર્યું છે. (૨) વળી પૂર્વજન્મ ન હોય તો જીવોનું વૈચિત્ર્ય દેખાય છે તે કેમ ઘટે ? કારણ વિના કાર્ય કદી સંભવે નહીં. સંસારમાં વૈચિત્ર્ય પ્રત્યક્ષ છે તે તેના કારણભૂત પૂર્વે બાંધેલા કર્મો પણ છે (૩) અને તે કર્મ જયાં બાંધ્યા તે પૂર્વજન્મ પણ છે, અને તેનો પણ પૂર્વજન્મ, તેનો પણ પૂર્વજન્મ એમ ભૂતકાળના અનંતા ભવો અને તે દરેકની પછીના ઉત્તરભવો પણ છે જ. (૪) જાતિસ્મરણ જ્ઞાન પણ પરભવને જ સાબિત કરે છે. આવા પ્રભુના યથાર્થ વચનોથી મેતાર્ય પંડિતનો સંશય દૂર થયો અને પોતાના ત્રણસો શિષ્યો સાથે દીક્ષા લઈ પ્રભુના દશમા ગણધર થયા. ॥ ઈતિ ગણધર ૧૦ ॥

## ૧૧ મા ગણધર

નિર્વાણ-મોક્ષ હશે કે નહિ ? એવા સંશયવાળા માત્ર ૧૬ વર્ષની ઉમરનાં છતાં મહા પંડિત ગણાતા અગીઆરમા પંડિતને પ્રભુએ કહ્યું કે તમે વેદના અર્થને યથાર્થ કેમ વિચારતા નથી ? ''જરામર્યં વા યદગ્નિહોત્રં'' આ વેદ પદનો અર્થ તમે એવો કરો છો કે જરા-વૃદ્ધત્વ અને મરણ સુધી યાવજ્જીવે યજ્ઞ ક્રિયા કરવી જોઈએ એમ કર્યો છે, તેથી તમો ભ્રમમાં પડયા કે જો મરણ સુધી યજ્ઞ કર્મ કરે તો તેના ફળો ભોગવવા પુનર્ભવ કરવો જ પડે તેથી મોક્ષ (નિર્વાણ) ન થાય. જો મોક્ષ હોય તો તે મોક્ષસાધક ક્રિયા માટે જુદો કાળ હોવો જોઈએ પણ તે શાસ્ત્રમાં કહ્યો નથી. મરતાં સુધી અગ્નિહોત્ર જ કરવાનું કહ્યું

છે માટે મોક્ષ હોય એમ મનાતું નથી. જયારે બીજુ એવું વેદ વાક્ય આવ્યુ છે કે 'દ્વે બ્રહ્મણી વેદિતવ્યે પરમપરં ચ, તંત્ર પરં સત્ય-જ્ઞાનં અનન્તરં અપરં બ્રહ્મેતિ' આ વેદ વાકય મોક્ષનો સદ્‌ભાવ જણાવે છે તેથી તમને સંશય થયો છે.

(૧) 'જરામર્યં વા યદગ્નિહોત્રં' આ વાકયમાં 'વા' પદ છે તે 'અપિ' અર્થમાં છે તેથી તેનો ખરો અર્થ એમ થાય કે કોઈ સ્વર્ગનો અર્થી હોય તો જીવતાં સુધી યજ્ઞ પણ કરે. અર્થાપત્તિએ 'મોક્ષનો અર્થી યજ્ઞ કર્મ ત્યજી મોક્ષ માટેની પણ ક્રિયા કરે.' માટે મરતાં સુધી યજ્ઞ કર્મ કરવાનો એકાન્તે નિયમ ન રહ્યો.

પ્રશ્ન - હે ભગવંત ? અનાદિ સંસારનો નાશ કેમ થાય ?

ઉત્તર - હે સૌમ્ય ? આ વિચાર પણ બરાબર નથી. કેમકે દ્રવ્ય રૂપે અનાદિનો નાશ ન થાય. પણ પર્યાય રૂપે અનાદિનો નાશ થઈ શકે છે. જેમકે પ્રત્યેક મનુષ્યનો વંશ અનાદિ છે કેમકે પિતા વિના પુત્ર હોય નહીં. છતાં દરેકને પુત્ર થાય જ એવો નિયમ નથી. કોઈનો વંશ પુત્ર ન થતાં કે મરી જતાં અટકી પણ જાય છે તેમ સંસાર પણ પ્રવાહથી અનાદિ છે. વળી 'અભવ્યો' અને 'જાતિભવ્યો' વગેરેનો સંસાર કદી અટકવાનો નથી પણ ભવ્યોને કાળ, સ્વભાવ, પુરૂષાર્થ, કર્મ અને ભવિતવ્યતા રૂપ પાંચ કારણોનો પરિપાક થતાં અટકે છે. પૂર્વ અનંતા ભવ્યો મોક્ષ પામ્યા છે, અને ભવિષ્યમાં અનંતા ભવ્ય જીવો મોક્ષ પામશે.

પ્રશ્ન - હે ભગવંત ? મુક્ત આત્માઓને પરમ જ્ઞાન અને સર્વ દુઃખનો અભાવ છે એમ કેમ મનાય ?

ઉત્તર - હે સૌમ્ય જ્ઞાનનો સંબંધ આત્મા સાથે છે, ઈન્દ્રિયો સાથે નથી. કારણ જ્ઞાન એ આત્માનો ગુણ છે. જેમ પરમાણુ રૂપાદિ રહિત હોય નહિ, તેમ આત્મા કદી જ્ઞાન રહિત હોઈ શકે નહિ. આત્મા ચૈતન્યવાન-જ્ઞાનવાન છે. સંસારી આત્માના કર્મના તમામ આવરણો નષ્ટ થવાથી મુક્ત આત્માઓ પરમ જ્ઞાન વાળા હોય છે અને બાધા કે પીડાનું કોઈ કારણ ન હોવાથી સદા અવ્યાબાધ અવસ્થા હોય છે.

પ્રશ્ન - હે ભગવંત ? સર્વ કર્મના નાશ સાથે પાપ-પુણ્યનો પણ નાશ થશે ? પછી સુખ ક્યાંથી ? વળી સુખ દુઃખની પ્રાપ્તિનો આધાર દેહ છે, મુક્તને દેહ કે ઈન્દ્રિય નથી તો સુખ કેમ ઘટે ?

ઉતર - હે સૌમ્ય ? તું પુણ્યના ફળને સુખ કહે છે, ત્યાં જ તારો મોટો ભ્રમ છે, વસ્તુતઃ પુણ્યનું ફળ પણ દુઃખ જ છે એ પણ કર્મનો ઉદયજ છે. જે જે કર્મ જન્ય હોય તે તે દુઃખ રૂપ જ હોય. સંસારમાં રચ્યા પચ્યા રહેલા જીવને કયાંક સાચું સુખ મળી શકતું નથી. જેને દુનિયા સુખ કહે છે તે એક જાતનો વ્યાધિનો પ્રતિકાર છે. જેમ કોઈ માનવીને ખરજવું થયું હોય, અને મીઠી ચળ આવતી હોય તો તેને ખંજવાળતાં જે સુખનો અનુભવ થાય છે, તે વાસ્તવિક રીતે સુખ નથી, પણ સુખનો આભાસ છે... દુઃખછે. અવિવેકને કારણે જીવ

સુખાભાસને પણ સુખ માની લે છે. ખંજવાળથી તે પરિણામે ખરજવું વધે છે. એટલે જેના પરિણામે દુ:ખ હોય તેને સુખ નહિ પણ દુ:ખ જ કહેવું જોઈએ. સંસારના તમામ સુખો આ રીતે માત્ર સુખાભાસજ છે. જયારે મોક્ષમાં જીવ આત્મ સ્વરૂપે રહે છે. ત્યાં કોઈ પુદ્ગલનો સંગ રહેતો નથી એટલે મોક્ષનું સુખ સહજ સ્વાભાવિક, અનંત અને સંપૂર્ણ છે. માટે નિર્વાણ (મોક્ષ) છે અને તેનો માર્ગ ઉપાદેય છે. પ્રભુના આ વચનોથી સંશય દૂર થતાં પ્રભાસ પંડિત પોતાના ૩૦૦ શિષ્યો સહિત દીક્ષા લઈ પ્રભુના અગીઆરમાં ગણધર થયા. ॥ ઈતિ ગણધર ૧૧ ॥

આમ કુલ ૪૪૧૧ બ્રાહ્મણોને પ્રભુએ દીક્ષા આપી અને ત્રિપદી સંભળાવી. એ ત્રિપદીના શ્રવણથી અગીઆરે ગણધરોએ સંપૂર્ણ દ્વાદશાંગીની રચના કરી. એ દ્વાદશાંગી શબ્દોથી ભિન્ન ભિન્ન પણ અર્થથી એક હતી.

પ્રભુએ તે સર્વને ગણધર પદે સ્થાપ્યા. પ્રભુએ સિંહાસનથી ઉતરી ઈન્દ્રે વ્રજ રત્નના થાળમાં ધરેલા વાસચૂર્ણમાંથી મુઠી ભરીને ચૂર્ણ લીધું. પછી શ્રી ઈન્દ્રભૂતિ વગેરે અગીઆરે ગણધરો નતમસ્તકે ક્રમશ: ઉભા હતા, તેઓના મસ્તકે તે ચૂર્ણવાસને નાંખતા પ્રભુએ ફરમાવ્યું કે 'પ્રત્યેકને હું દ્રવ્ય ગુણ અને પર્યાય વડે તીર્થની અનુજ્ઞા કરૂં છું.' તીર્થ વ્યવસ્થા શ્રી ઈન્દ્રભૂતિને સોંપુ છું. દેવો પણ દૈવી વાજીંત્ર વગેરેનો

અવાજ બંધ કરાવીને મૌન પણે તે સાંભળી રહ્યા અને પ્રભુની પછી તેઓએ પણ શ્રી ઈન્દ્રભૂતિજી આદિના મસ્તક ઉપર સુગંધી ચૂર્ણ અને ગંધની વૃષ્ટિ કરી.

શ્રી ઈન્દ્રભૂતિજીને શાસન નાયક તરીકે સ્થાપ્યા, અને શ્રી સુધર્મ ગણધર દીર્ઘાયુષી હોવાથી સર્વ સાધુ સમુદાયનો ગણ તેમને સોંપ્યો. એમ બંનેને મુખ્ય બનાવી તીર્થની અને ગણની અનુજ્ઞા કરી.

આ ગણધરવાદમાં જૈન આગમોનું વિશિષ્ટ તત્વજ્ઞાન છે.

**'શ્રી કલ્પસૂત્રના આધારે'**

**'યુગ પ્રધાન શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ સ્વામી કૃત્'**

## દીક્ષાને અયોગ્ય

(૧) બાળક (૨) વૃધ્ધ (૩) નપુંસક (૪) કાયર (૫) જડ (૬) રોગી (૭) ચોર (૮) રાજાનો અપરાધી (૯) ઉન્મત્ત (૧૦) કુરૂપ (ઈન્દ્રિય હીન) (૧૧) દાસ (૧૨) દુષ્ટ (૧૩) મૂઢ (૧૪) અસ્થિર ચિત્તવાળો (૧૫) નીચ જાતિવાળો (૧૬) ઉપદ્રવ કરનાર (૧૭) ભયભીત (૧૮) ચોરીથી ગ્રહણ કરાયેલ.

# શ્રી ગૌતમસ્વામીનાં પૂર્વનાં પાંચ ભવો

(પ્રભુ મહાવીરદેવ અઢારમાં ભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ હતા, ત્યારે ગૌતમસ્વામીનો જીવ તેમના સારથિ તરીકે હતો, તે વાત કલ્પસૂત્રમાં આવે છે. ત્યાર પછીના ભવોની માહિતી મળતી નથી. પરંતુ ચાણસ્મા ગામના જ્ઞાનભંડારમાં હસ્તલિખિત પાના ઉપરથી નીચેના પાંચ ભવોની માહિતી મળે છે. જે પ.પૂ. શ્રી અભયસાગરજી ગણીવરશ્રી દ્વારા પ્રકાશમાં આવી છે.)

## પહેલો ભવ

આ જંબુદ્વીપના પૂર્વ મહાવિદેહ ક્ષેત્રના પુષ્પકલાવતી વિજયમાં બ્રહ્માપુરી નગરમાં મંગલ નામે શેઠ હતા. તેમને સુમંગલા નામે ધર્મપત્ની અને મંગલાનંદ નામે પુત્ર હતો.

શેઠે બાર વ્રતો ગ્રહણ કર્યા હતા અને સુંદર રીતે તેનું પાલન કરતા હતા પર્વદિવસોમાં શેઠ પૌષધ કરી પોતાના જીવનને ધન્ય બનાવતા હતા.

શેઠને સુધર્મ નામે મિત્ર હતો એ સામાન્ય સ્થિતિનો હોવા છતાં મંગલ શેઠ તેના ઉપર ખૂબ સદ્ભાવ રાખતા અને ધર્મકરણી સદા સાથે કરતા હતા.

એક વખતે પૂર્વ કર્મના ઉદયે શેઠને શરીરમાં રોગ ઉત્પન્ન થયો અનેક ઉપચારો કરાવવા છતાં રોગ વધવા લાગ્યો. ખોરાક બંધ થયો, તૃષા વધવા લાગી. શેઠે પોતાના અંત સમય નજીક જાણી (અનશન) ચારે આહારનો ત્યાગ કર્યો, અને ઉપચાર બંધ કરી દીધા.

કુટુંબીજનો શેઠની ભાવના નિર્મલ રીતે ટકાવવા, ચાર શરણા તથા નમસ્કાર મહામંત્ર નિરંતર સંભળાવવા લાગ્યા તથા વિપુલ પ્રમાણમાં ધર્મ-મહોત્સવ કરવા લાગ્યા.

હવે શેઠને તૃષાની વેદના અસહ્ય થઈ પડી. પાણી માંગી શકતો નથી અને વેદના સહન થતી નથી. તૃષાની વેદનામાં શેઠનો આત્મા મુંઝાવા લાગ્યો અને યોગ્ય વિવેકનું નિયંત્રણ મન પર ન રહ્યું. અનાદિકાલીન સંસ્કારોને વશ થઈને દુર્ધ્યાનથી વિચારવા લાગ્યા કે 'ધન્ય છે માછલાઓને કે જેઓ સદા પાણીમાં રહે છે, તેમને તૃષાનું દુઃખ સહેવું પડતું નથી.' અંતિમ પળે સુયોગ્ય નિમિત્ત ન મળવાથી આલોચના કર્યા વગર 'અંતે યથા મતિ તથા ગતિ' તે મુજબ દુર્ધ્યાનનાં યોગે શેઠ મૃત્યુ પામી શહેરની બહાર નદીમાં માછલાં તરીકે ઉત્પન્ન થયા. અહા...? શી કર્મોની વિચિત્ર ગતિ...? ઉત્કૃષ્ટ શ્રાવક ધર્મનું શ્રીમંતાઈમાં પણ અદ્‌ભુત રીતે પાલન કરનાર અને ભવિષ્યમાં શ્રી ગૌતમસ્વામી થનાર મહાપુરૂષ પણ કર્મના ઝપાટામાં કેવા અટવાઈ ગયા.

## બીજો ભવ

ભવસુલભ હિંસકવૃત્તિને આધીન થઈ માછલા તરીકે ઉત્પન્ન થયેલો શ્રી ગૌતમસ્વામીજીનો જીવ જન્મ પછી મચ્છોનો આહાર કરતા મોટો થવા લાગ્યો. નળીયા અને વલયના આકાર સિવાયનાં દરેક આકારના મત્સ્યો સમુદ્રમાં હોય છે, તેથી એક વખતે જૈન મુનિના આકારને જોતા જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાનો પૂર્વભવ જોયો. પોતાની ભૂલનો પશ્ચાતાપ કરવા લાગ્યા. પોતાની નાનકડી ભૂલને પશ્ચાતાપથી શુદ્ધ ન કરવાના કારણે હિંસક વૃત્તિવાળા ભવ બદલ અત્યંત દુ:ખ થયું. જૈન ધર્મનો ભાવથી સ્વીકાર કર્યો. ગતભવના સુસંસ્કારોના આધારે હિંસા બંધ કરી. હિંસા કર્યા સિવાય જે આહાર મળે તેનાથી નિર્વાહ કરવા લાગ્યો. સુસંસ્કાર પણ ભવાંતરમાં કેવો આત્માને બચાવી લે છે.

આ બાજુ શેઠનો મિત્ર સુધર્મ વ્યાપાર માટે વહાણમાં મુસાફરી કરી રહ્યો છે. ત્યાં વહાણ તૂટી જાય છે. સુધર્મ પાણીમાં ડૂબવાની તૈયારીમાં છે. ત્યાં મંગલ મત્સ્યે તેને જોયો અને ગત ભવના સાધર્મિક મિત્રને જોઈ સાધર્મિક ભક્તિનાં સંસ્કાર તાજા થયા. એને બચાવવાનાં શુભ આશયથી પોતાની પીઠ ઉપર લઈને કીનારે ઉતારી દીધો. પછી મંગલ મત્સ્યે અનશન કર્યું. પંદર દિવસ ક્ષુધા પીપાસાને સમભાવે સહન કરી નવકારમંત્રના ધ્યાનમાં મૃત્યુ પામી પહેલા દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા.

## ત્રીજો ભવ

શ્રી ગૌતમસ્વામીજીનો જીવ સૌધર્મ દેવલોકમાં એક વિમાનના અધિપતિ દેવ થયા. ત્યાં તેમનું નામ જ્યોતિર્માલી હતું. સુધર્મ મિત્ર પણ સમાધિ પૂર્વક મૃત્યુ પામી બાજુના વિમાનમાં દેવ થયા. અવધિજ્ઞાનથી પૂર્વભવ જાણી પરસ્પર કલ્યાણમિત્રો બને છે. શાશ્વતા નંદીશ્વર આદિ તીર્થોની યાત્રા, શ્રી જિનેશ્વર ભગવંત કલ્યાણકોની ઉજવણી વગેરેમાં કાલ વ્યતીત કરે છે.

એક વખત સુધર્મદેવ અપરિગૃહતા દેવીના મોહમાં પડ્યો, ત્યારે જ્યોતિર્માલી દેવે પોતાના કલ્યાણ મિત્ર સુધર્મદેવને સમજાવીને સન્માર્ગે લાવ્યો. જ્યોતિર્માલી દેવ પોતાનું ચાર પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ થતાં ચ્યવે છે.

## ચોથો ભવ

આ જંબુદ્વીપનાં પૂર્વ મહાવિદેહની પુષ્પકલાવતી વિજયનાં વૈતાઢય પર્વતની દક્ષિણ શ્રેણીમાં વેગવતી નગરીમાં શ્રી ગૌતમસ્વામીનો જીવ સુવેગ વિદ્યાધર રાજાના વેગવાન નામે પુત્ર થાય છે. યુવાન થતાં અનેક વિદ્યાધર કન્યા પરણે છે. અનેક વિદ્યાઓ સિધ્ધ કરે છે.

મિત્ર સુધર્મનો જીવ દેવલોકથી ચ્યવી પશ્ચિમ મહાવિદેહમાં ધનદેવ શેઠની ધનમાલા નામે પુત્રી પણે થાય છે.

એકવાર વેગવાન વિદ્યાધરને આકાશમાર્ગે જતાં ધનમાલાને જોતાં રાગ થયો અને બલાત્કારે ઉપાડી પોતાના સ્થાને લાવ્યો. ધીસખા મંત્રીએ વેગવાનને સમજાવ્યું કે 'અવિવાહીત કન્યા સાથે બળાત્કારે સંબંધ બાંધનારની સર્વ વિદ્યાઓ નષ્ટ થાય છે.' આવો લેખ શ્રી ઋષભદેવ પ્રભુના કાળમાં ભુવનપતિનાં અધિપતિ નાગેન્દ્રે વૈતાઢ્ય પર્વની ભીંત ઉપર લખેલો કેમ ભૂલી જાય છે ?

વેગવાન આથી બળાત્કાર નહિ કરતા તેને સમજાવે છે, એક મહિને ધનમાલા સમજવાથી લગ્ન કરે છે.

સુવેગ વિદ્યાધર વેગવાનને રાજય ઉપર સ્થાપન કરી દીક્ષા લે છે. એક વખત કોઈ વિદ્યાધર ધનમાલા ઉપર મોહિત થતાં ઉપાડી જાય છે.

વેગવાને પ્રજ્ઞપ્તિ વિદ્યાથી જાણ્યું કે ધનમાલા બીજા વિદ્યાધર સાથે વ્યભિચારી થઈ છે. આ પ્રસંગથી સંસારનાં સ્વાર્થી પ્રેમ તરફ ખૂબ અરૂચી થવાથી વેગવાનને વૈરાગ્ય થયો. ધીસખા મંત્રી સાથે ગુરૂ મહારાજ પાસે દીક્ષા લીધી, અને સુંદર પ્રકારે તપ જપ ધ્યાનપૂર્વક સંયમનું પાલન કરવા લાગ્યા. આ બાજુ ધનમાલાને પણ પાછળથી પોતાના અકાર્યનો પશ્ચાતાપ થયો અને તેને પણ વૈરાગ્યવાસિત થઈ દીક્ષા ગ્રહણ કરી. ક્રમે ત્રણે જણાં (વેગવાન, ધીસખા મંત્રી અને ધનમાલા) આઠમા દેવલોકમાં દેવ થયા.

## પાંચમો ભવ

વેગવાન આઠમાં દેવલોકના એક વિમાનમાં અધિપતિ દેવ બન્યા. ધીસખા મંત્રી તથા ધનમાલા પણ તેજ દેવલોકમાં દેવો બન્યા.

આયુષ્ય પૂર્ણ થતા વેગવાનનો જીવ આ ભરતક્ષેત્રમાં મગધ દેશના ગોબર ગામમાં વસુભૂતિ બ્રાહ્મણની પૃથ્વી નામે પત્નીની કુક્ષીએ ઈન્દ્રભૂતિ (ગૌતમ) નામે થયા અને સર્વ કર્મક્ષય કરી મોક્ષે ગયા.

ધીસખા મંત્રીનો જીવ ચંપા નગરીમાં તિલક શેઠની શીલવતીની કુક્ષીએ પિંગલ નામે પુત્ર થયો. ભગવંતનાં પરિચયમાં આવી દીક્ષા લીધી.

ધનમાલાનો જીવ સંવર ગામમાં સિદ્ધ રાજાની સમૃધ્ધિ રાણીની કુક્ષીએ સ્કંદક તરીકે જન્મે છે. યુવાવસ્થામાં પરિવ્રાજકના પરિચયમાં આવતા પરિવ્રાજક બને છે.

શ્રી મહાવીર પ્રભુ પિંગલ સાધુને સ્કંદક પાસે પ્રતિબોધ માટે મોકલી જીવાદિ તત્વોનાં ચાર પ્રશ્નો પૂછાવે છે. સ્કંદક પરિવ્રાજક તેનો ઉત્તર નહી આપી શકવાથી ભગવંત પાસે સંશય નિરાકરણ કરવા આવે છે. પ્રભુ ઈન્દ્રભૂતિને પૂર્વ ભવનો સંબંધ બતાવે છે અને સ્કંદકના સંશયનું નિરાકરણ કરે છે. સ્કંદક પ્રભુ પાસે સાધુપણું સ્વીકારી આત્મકલ્યાણ કરે છે.

**પૂર્વભવો**

| **ગૌતમસ્વામી** | **સ્કંદક મુનિ** | **પિંગલ મુનિ** |
|---|---|---|
| પ્રથમ ભવે-મંગલશેઠ | સુધર્મા શ્રાવક | |
| બીજા ભવે-મત્સ્ય | | |
| ત્રીજા ભવે-સૌધર્મ દેવ | સૌધર્મ દેવલોક | |
| ચતુર્થ ભવે-વેગવાન વિદ્યાધર | ધનમાલા | ધીસખા મંત્રી |
| પંચમ ભવે-આઠમો દેવલોક | આઠમો દેવલોક | આઠમો દેવલોક |
| શ્રી ગૌતમસ્વામી | શ્રી સ્કંદક મુનિ | શ્રી પિંગલ મુનિ |

# કેશી ગણધરને પ્રદેશી રાજાએ પૂછેલા પ્રશ્નો

## શ્રી રાયપસેણી સૂત્ર

(નાસ્તિક એવા પ્રદેશી રાજાને જૈન ધર્મી ચિત્ર નામે મંત્રી શ્રી પાર્શ્વનાથ પ્રભુ સંતાનીય કેશી ગણધર પાસે યુક્તિથી લાવે છે. ત્યારે પ્રદેશી રાજા આસ્તિક બની જૈન ધર્મ પાળી આરાધના કરી વિષમ પરિસ્થિતિમાં પણ સમભાવ રાખી સ્વર્ગે જાય છે.)

પ્રદેશી રાજા : હે ગુરૂ મહારાજ ? મારા દાદા અધર્મી હતા, તે તમારે મતે નરકમાં જવા જોઈએ. તેઓને મારી ઉપર ઘણો રાગ હતો. તો તે મને આવીને પાપ કરવાનો નિષેધ કેમ ન કરે ?

ગુરૂ મહારાજ : હે રાજન્ ! તમારી રાણી સાથે દુરાચાર કરતા કોઈ પુરૂષને તમે જુઓ તો તમે તેને દેહાંત દંડની શિક્ષા કરો ત્યારે તે કદાચ પોતાના કુટુંબને ઉપદેશ આપવા જવા ઈચ્છે તો તમો તેને જવાની રજા આપો ખરા ? ન જ આપો. તેમ નારકીના જીવો પરાધીન હોવાથી આવવાની ઈચ્છા હોય તો પણ અહિં આવી શકતા નથી.

પ્રદેશી રાજા : મારી દાદીમા જૈન ધર્મી હતા. તે તમારા મતે સ્વર્ગે જવી જોઈએ. તેમને હું અત્યંત વલ્લભ હતો. તો તે અહીં આવી મને ધર્મમાર્ગે કેમ ન જોડે ?

ગુરૂ મહારાજ : હે રાજન ! તમે સ્નાન કરી શૃંગાર સજી દેવપૂજા કરવા જતા હો, તે વખતે તમને કોઈ અશુચિ સ્થાનમાં બોલાવી બેસવાનું કહે તો તમે તેમ કરો ખરા ? ના, તેમ સ્વર્ગમાં દિવ્ય શરીરને ધારણ કરનારા દેવો અશુચિ જેવા આ મનુષ્યલોકમાં ગાઢ કારણ વિના આવે નહિ.

પ્રદેશી રાજા : એક ચોરને મેં લોઢાની મજબૂત કુંભીમાં પૂર્યો અને વાયુનો પ્રચાર ન થાય તેમ મજબૂત રીતે બંધ કરી. કેટલેક કાળે

જોતાં ચોર જીવ રહિત હતો. તે જીવ કુંભીને છિદ્ર પાડ્યા વિના શી રીતે બહાર નીકળ્યો ?

ગુરૂ મહારાજ : વાયુ પણ પ્રચાર કરી શકે નહિ એવું શિખરના આકારનું ગૃહ હોય, કોઈ તેમાં રહી બરાબર બંધ કરી શંખ વગાડે તો ગૃહમાં છિદ્ર પડ્યા વિના રૂપી એવો શબ્દ બહાર નીકળી શકે છે. તેમ અરૂપી એવો આત્મા પણ છિદ્ર પાડયા વિના બહાર નીકળી શકે છે.

પ્રદેશી રાજા : એક ચોરનું શબ કુંભીમાં બધી બાજુ બંધ કરી નાંખ્યું. કેટલેક કાળે તે કુંભીમાં જોયું તો શબમાં ઘણા કીડા પડ્યા હતા. છિદ્ર વિનાની કુંભીમાં જીવો શી રીતે પેઠા ?

ગુરૂ મહારાજ : એક લોઢાનો ગોળો અગ્નિમાં તપાવીએ તો તે ગોળાને છિદ્ર નહિ છતાં તેની અંદર જેમ અગ્નિ પ્રવેશે છે તેમ જીવ પણ કુંભીની અંદર જઈ શકે છે અને નીકળી શકે છે.

પ્રદેશી રાજા : એક ચોરને મેં જીવતો તોલી પછી તરત તેને મારી નાખીને જોખ્યો. તો સરખું વજન થયું. જો જીવ હોય તો જીવનું વજન વધારે થાત ?

ગુરૂ મહારાજ : એક ચામડાની ખાલી મશકને તોલી પછી વાયુ ભરી તોલીએ તો સ્થૂલ રીતે વાયુના ભાગનું વજન વધતું નથી. તેમ જીવનું પણ વજન અગુરૂલઘુ સ્વભાવના કારણે વધતું નથી.

પ્રદેશી રાજા : જીવ જોવાને માટે મેં અપરાધી ચોરના તલ તલ જેવડા કકડા કર્યા, તો પણ જીવ દેખાયો નહી, જો જીવ હોય તો નીકળતા દેખાયો કેમ નહિ ?

ગુરૂ મહારાજ : અરણિના કાષ્ઠમાં અગ્નિ રહેલો છે, છતાં તલ તલ જેટલા ટુકડા કરો તો પણ દેખાશે નહિ. પણ તે પરસ્પર ઘસાવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે. તેમ શરીરમાં જીવ દેખાતો નથી પણ તેના કાર્યથી જીવ જાણી શકાય છે.

પ્રદેશી રાજા : શરીરથી જીવ જુદો છે તો નીકળતો કે પેસતો દેખાતો કેમ નથી ?

ગુરૂ મહારાજ : રૂપી એવો વાયુ વૃક્ષને કંપાવે છે તો, વાયુના કાર્યથી વાયુ દેખાતો નથી, છતાં જાણી શકીએ છીએ. તો અરૂપી એવો આત્મા ચર્મ-ચક્ષુથી કેમ દેખાય ? તે તો કેવલજ્ઞાનીના વચનથી અને જીવના કાર્યથી સમજી શકાય છે.

પ્રદેશી રાજા : શરીર અને જીવ બંને જુદા છે ! તો હાથી મરીને કુંથુઓ થાય અને કુંથુઓ મરીને હાથી થાય, તે વખતે હાથીનો મોટો જીવ કુંથુવાના નાના શરીરમાં શી રીતે સમાય ? અને કુંથુવાનો નાનો જીવ હાથીના મોટા શરીરમાં કયે ઠેકાણે રહે ?

ગુરૂ મહારાજ : સર્વ જીવોના અસંખ્યાતા પ્રદેશ હોય છે અને તે જેવડુ

શરીર હોય તેટલા શરીરમાં તે સર્વત્ર વ્યાપીને રહે એવો તેનો સ્વભાવ છે. જેમ દીવાનો પ્રકાશ નાના મોટા ઓરડામાં વ્યાપીને રહે છે. તેજ દીવાને જો તપેલા વગેરેથી ઢાંકીએ તો તેટલાજ ભાગમાં વ્યાપીને રહે છે. તેજ રીતે જીવ પણ જેવડું શરીર હોય તેવડા શરીરમાં વ્યાપીને રહે છે.


પ્રદેશી રાજા : હે ગુરૂદેવ ? હવે મને બરાબર સમજાયું છે. પણ મારા પિતા પિતામહ વગેરેની પરંપરાથી આવતા ધર્મનો ત્યાગ મારે કેમ કરવો ?

ગુરૂ મહારાજ : હે રાજન્ ! કેટલાક પુરૂષો ધન ઉપાર્જન કરવા ચાલતા ચાલતા એક અટવીમાં આવ્યા. ત્યાં ભૂમિમાંથી ઘણું લોઢું મલ્યું. તે લઈ તેઓ આગળ ચાલ્યા. આગળ જતાં સીસાની ખાણ જોઈ તો લોઢું નાખી દઈને સીસુ લઈ લીધું. પરંતુ એક કદાગ્રહી પુરૂષે લોઢું નાખી દીધું નહિ. આગળ ચાલતા તાંબુ, રૂપું, સોનું અને રત્નોની ખાણ જોઈને બધાઓએ નિઃસાર હલકી વસ્તુનો ત્યાગ કરી નવા નવા સાર કીંમતિ પદાર્થો લીધાં. માત્ર એક જ કદાગ્રહી પુરૂષે કાંઈ પણ ન લેતાં લોઢું જ રાખી મુક્યું. આખરે સર્વ સાર સાર લેનાર ધનિક થયા, ત્યારે લોઢું ત્યાગ ન કરી ઠેઠ સુધી રાખી મુકનાર દરિદ્રીજ રહ્યો. આ પ્રમાણે નિઃસાર ધર્મને પકડી રાખનારને પાછળથી પશ્ચાતાપ કરવો પડે છે.

# સવિ જીવ કરૂં શાસનરસી

'સવિ જીવ કરૂં શાસનરસી' આ ભાવનાથી આત્મા શ્રી તીર્થંકર ભગવંત બને છે અને આખા દેશની કલ્યાણની ભાવનાથી આત્મા શ્રી ગણધર ભગવંત બને છે. શ્રી તીર્થંકર ભગવંતનો આત્મા અવશ્ય રાજકુલમાં જ જન્મે છે અને જન્મથી જ મહા વૈરાગી હોય છે. જ્યારે ગણધર ભગવંતનો આત્મા બ્રાહ્મણ આદિ કુળમાં પણ જન્મ લઈ શકે છે સંસારના રંગરાગમાં રંગાવા છતાં પણ કોઈ નિમિત્ત પામીને જાગૃત બને છે અને સંસાર ત્યાગ કરી શ્રી તીર્થંકર પરમાત્માના શરણે આવી તે જ ભવમાં મોક્ષે જાય છે. આ પુસ્તકમાં શ્રી ઈન્દ્રભૂતિજી આદિ ગણધરો કેવી રીતે જાગૃત બન્યા તેનો અપૂર્વ પ્રસંગ આલેખાયો છે.

**- મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ**



# પ્રશ્નોત્તરો

પ્રશ્ન : કર્મ કોણે બનાવ્યા ?

જવાબ : જેમ કડીયા ઈંટ, રેતી, ચુનો, આદિ વિવિધ સામગ્રીથી બીલ્ડીંગ ઉભી કરે છે તેમ, સંસારી જીવ પોતે જ મિથ્યાત્વ, અવિરતિ યોગ, કષાય અને પ્રમાદના સેવનથી કાર્મણ વર્ગણામાંથી કર્મ બનાવે છે.

પ્રશ્ન : કાર્મણ વર્ગણા કોણ બનાવે છે ?

જવાબ : સમસ્ત વિશ્વ (ચૌદ રાજલોક)માં અનાદિ કાળથી કાર્મણ વર્ગણા આદિ આઠ જાતના સૂક્ષ્મ પરમાણુઓ વ્યાપિને શાશ્વત ભાવે રહેલાં જ છે. એને કોઈ બનાવતું નથી પણ જેમ ગાય સૂંકું ઘાસ ખાય છે, અને એમાંથી દુધ બને છે. તેમ મનુષ્ય રાગ-દ્વેષ કરે છે એથી એ વર્ગણાઓ કર્મ બનીને આત્માની સાથે ચોંટે છે.

પ્રશ્ન : જીવ કર્મ વિનાનો થઈ શકે ?

જવાબ : હા, તીર્થંકર પરમાત્મા કેવલજ્ઞાન પામી જે માર્ગ બતાવે છે, તે માર્ગ આચરવાથી અનંતા આત્માઓ મોક્ષમાં કર્મનો નાશ કરીને ગયા છે, અને વર્તમાનમાં પણ મહાવિદેહ ક્ષેત્રમાંથી જઈ રહ્યા છે. આ ભરત ક્ષેત્રમાંથી પણ શ્રી તીર્થંકર પરમાત્માઓના સાનિધ્યમાં અનેક આત્માઓ મોક્ષમાં ગયા છે. તેમાં છેલ્લા જંબુસ્વામીજી મોક્ષે પધાર્યા છે.

પ્રશ્ન : હાલ અહિંથી મોક્ષમાં જઈ શકાય ?

જવાબ : અહિંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ કર્મક્ષય કરી ત્યાંથી મોક્ષે જઈ શકાય છે. બાકી અહિં આ ભરત ક્ષેત્રમાં હાલ પાંચમો આરો ચાલે છે. તે તથા છઠ્ઠો આરો પુરો થયે અહિં પણ ( ઉત્સર્પિણીના બીજા છ આરા પૈકી) ત્રીજા આરામાં ફરી પ્રથમ તીર્થંકર પદ્મનાથ પ્રભુના તીર્થ સ્થાપના પછી ફરી મોક્ષે જવાનું ચાલુ થશે.

પ્રશ્ન : મોક્ષમાં ગયા પછી ફરી એ જીવને કર્મ કોઈ કાળે લાગે ?

જવાબ : ના, સર્વ કર્મ રહિત શુદ્ધ થયેલા મોક્ષના જીવને કદી કર્મ લાગતાં જ નથી. એ સિદ્ધ પરમાત્મા કહેવાય છે.

પ્રશ્ન : આ જીવને કર્મ બંધનની શરૂઆત કયારે થઈ ?

જવાબ : સંસારી જીવ અનાદિ કાળથી કર્મ વડે સહિત જ છે. પૂર્વ કોઈ કાળ એવો ન હતો કે જ્યારે આ જીવને કર્મ લાગેલાં ન હોય. એટલે એકેન્દ્રિયથી માંડી બધા જીવ કર્મ સહિત છે તથા સમયે સમયે નવા કર્મ અજ્ઞાનથી બાંધી રહ્યો છે.

પ્રશ્ન : કર્મ ન બંધાય માટે શું કરવું. ?

જવાબ : કારણ ન હોય તો કાર્ય ન થાય, હિંસા, જુઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, પરસ્ત્રીગમન, ક્રોધ, માન, માયા, લોભ, પાંચે ઈન્દ્રિયના વિષયમાં આસક્તિ રાગ-દ્વેષ આદિ કર્મ બંધનનાં કારણો બંધ કરી

અહિંસા, સત્ય, ક્ષમા, સંતોષ, તપ, સંયમ આદિનું પાલન કરે તો કર્મ ન બંધાય.

પ્રશ્ન : નવા કર્મ તો બંધાતા અટકે પણ અનાદિના બંધાયેલા કર્મનું શું ? તે બંધ છુટી શકે ખરો ?

જવાબ : હા, ખાણમાં સોનું અને માટીનો સંબંધ અનાદિનો હોવા છતાં પણ ત્યાંથી કાઢી યોગ્ય સંસ્કાર ઉપચાર કરવાથી સોનું શુદ્ધ થાય છે તેમ આત્મા ઉપરનાં કર્મો અનાદિનાં હોવા છતાં અહિંસા, તપ, સંયમ આદિથી છુટા થાય છે. અનાદિ મૂળ પદાર્થ દ્રવ્યરૂપે આત્મા નાશ ન થાય, પણ પર્યાયરૂપે નાશ થઈ શકે છે. જેમ કે પ્રત્યેક મનુષ્યનો વંશ પણ અનાદિ છે, કેમકે પિતા વિના પુત્ર હોય જ નહીં. પણ દરેકને પુત્ર થાય જ એવો નિયમ નથી. કોઈનો વંશ પુત્ર ન થતાં કે મરી જતાં અટકી જાય છે. આમ અનાદિના કર્મો પણ નાશ થાય અને નવા બંધાતા અટકી પણ જાય છે.

પ્રશ્ન : તો શું આત્મા સાથે કર્મને કંઈ લાગેવળગે નહિ ?

જવાબ : હા, આત્માનો મૂળ સ્વભાવ તો નિર્મળ સ્ફટિક જેવો છે, એટલે રાગદ્વેષ, મમતા, આસક્તિ છોડી દે તો સિદ્ધ ભગવંત જેવો નિરંજન નિરાકાર શુદ્ધ બુદ્ધ આત્મા મૂળ સ્વભાવમાં આવી શકે છે અને અનંતા જન્મ-મરણના કારમાં દુ:ખથી છુટી મોક્ષના અનંત શાશ્વતા સુખને મેળવી શકે છે. કુમિત્ર જેવા કર્મના સંગથી આ ખરાબી આવી રહી છે.

પ્રશ્ન : શું સિદ્ધ ભગવંત જેટલો આત્મા કિંમતિ છે ?

જવાબ : હા, સો ટચના સોનાની કિંમત પૂરી ઉપજે છે, ચોખ્ખા દૂધનો ભાવ વધારે આવે છે. ભેળસેળ થાય તો કિંમત ઘટી જાય છે, તેમ કર્મના ભેળસેળથી આત્માની કિંમત ઘટી જાય છે. બાકી ત્રણે જગતની પૌદ્ગલિક રિદ્ધિ કરતાં આત્માની કિંમત વધી જાય છે. આત્મા ન હોય તો તેની કિંમત કરનાર કોણ ? આત્માએ પોતાની કિંમત ભૂલી જઈ જડની કિંમત કરી માટે જ જડ કર્મો ચોંટ્યા છે. માટે હવે આત્માની કિંમત ઓળખો અને એનું સાચુ મૂલ્ય પ્રાપ્ત કરો.

પ્રશ્ન : મૂળ સ્વભાવે આવો શક્તિમાન્ સુખી આત્મા હોવા છતાં સંસારી જીવો દુ:ખી કેમ દેખાય છે ?

જવાબ : લોઢું જો અગ્નિનો સંગ ન કરે તો ઘનોથી ટીપાય નહિ. પણ જ્યારે અગ્નિનો સંગ થાય છે ત્યારે ટીપાય છે. તેમ આત્મા કર્મનો (રાગદ્વેષથી ખેંચી) સંગ કરે છે ત્યારે ટીપાય છે અને દુ:ખી દેખાય છે. પોતાના સ્વભાવમાં મગ્ન રહેનાર આત્માને શરીર કર્મની ઉપાધી હોવા છતાં તમે પ્રત્યક્ષ સુખી જોઈ શકો છે. તો પછી સિદ્ધ મોક્ષમાં જ્યાં કર્મ-શરીરાદિનો સંગ નથી ત્યાં કેટલું અપૂર્વ સુખ હોઈ શકે ? કર્મરૂપ વાદળ ખસી જતાં તો આત્મા સૂર્યની જેમ ઝળહળે છે. જ્યોતિ સ્વરૂપ પ્રકાશે છે.

પ્રશ્ન : કેટલાક કર્મને બદલે ઈશ્વર માને છે તો તેથી શું દોષ ?
જવાબ : ઈશ્વર તો અનંત કરૂણામય હોય ને ? તો આવો દુ:ખમય સંસાર કેમ બનાવે ? આવા જન્મ-મરણનાં દુ:ખો કેમ ? નરક તિર્યંચોના અસહ્ય દુ:ખો શા માટે ? દયાળુ ઈશ્વર આ સંસારરૂપી કેદખાનું શા માટે બનાવે ? અને એમાં નરક તિર્યંચ જેવી દુ:ખદાયી યોનિ બનાવવાથી ફાયદો શું ? એવી દુ:ખદાયી સજા કરવા કરતાં સર્વ શક્તિ સંપન્ન ઈશ્વર જીવોને ગુના કરતાં કેમ ન રોકે ? આદિ અવ્યવસ્થા થશે. માટે જ કહેવું પડશે કે આ સૃષ્ટિ અનાદિની છે. જીવો અનાદિનાં છે. કર્મ અનાદિ છે.
પ્રશ્ન : જીનેશ્વર પ્રભુની આજ્ઞા ન પાળે તો ?
જવાબ : કોઈ રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તે વધ બંધન, પ્રહાર, નિરોધ, છેદ અને મરણ સુધીનાં દુ:ખો પામે છે. તેમ જે કોઈ શ્રી જીનેશ્વર પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તે દુર્ગતિ અને જન્મ-મરણ નિગોદાદિનાં પારાવાર દુ:ખો પામે છે.



# સમવસરણ

શ્રી તીર્થંકર મહારાજાને કેવલજ્ઞાન થાય, ત્યારે વાયુકુમાર દેવતાઓ એક યોજન ભૂમિ શુધ્ધ કરે છે. મેઘકુમાર દેવો ભૂમિને સુગંધી પાણીથી વૃષ્ટિ કરી સિંચન કરે છે. વ્યંતર દેવો સુવર્ણ, માણિક્ય અને રત્નોથી ઉંચું ભૂમિતલ બાંધી સુગંધી પંચરંગી નીચે ડીંટ રહે એ રીતે જાનુ પ્રમાણ પુષ્પોની વૃષ્ટિ કરે છે. ચારે દિશામાં રત્નો, માણિક્ય અને સુવર્ણના તોરણો બાંધે છે. શ્વેત છત્રો તથા ધ્વજાઓ ત્યાં ફરકાવે છે. તોરણો નીચે સ્વસ્તિક આદિ અષ્ટ મંગલિક કરે છે.

સમવસરણ ભૂમિમાં દેવો ત્રણ ગઢ બનાવે છે, તેમાં પહેલો ગઢ રત્નમય અને તે ગઢ ઉપર કાંગરા મણિઓના હોય છે.

બીજો ગઢ સુવર્ણમય અને તે ગઢ ઉપર કાંગરા રત્નમય હોય છે.

ત્રીજો ગઢ ચાંદીનો અને તે ગઢ ઉપર કાંગરા સુવર્ણના હોય છે.

તે દરેક ગઢને ચાર બાજુ ચાર દરવાજા હોય છે. એંસી હજાર પગથીયા હોય છે. બીજા ગઢમાં પ્રભુના વિશ્રામ માટે દેવચ્છંદ બનાવેલ હોય છે.

પ્રથમ ગઢમાં પૂર્વ દ્વારમાં વૈમાનિક દેવો દ્વારપાળ થઈને ઉભા રહે છે.

દક્ષિણ દ્વારમાં વ્યંતર દેવો દ્વારપાળ થઈ ઉભા રહે છે.

પશ્ચિમ દ્વારમાં જ્યોતિષી દેવો દ્વારપાળ થઈ ઉભા રહે છે.


ઉત્તર દ્વારમાં ભુવનપતિ દેવો દ્વારપાળ થઈ ઉભા રહે છે.

બીજા ગઢના ચારે દ્વારે જયા, વિજ્યા, અજિતા, અપરાજિતા દેવીઓ ઉભી રહે છે.

ત્રીજા ગઢના ચારે દ્વારે તુંબરૂ, ખટ્વાંગધારી, માલાધારી, જટામંડિત નામે દેવો ઉભા રહે છે.

મધ્યમાં ત્રણ કોશ ઉંચુ અશોક વૃક્ષ રચે છે, તે વૃક્ષ નીચે રત્નોની પીઠિકા રચે છે. મધ્યમાં પૂર્વ દિશા તરફ રત્નમય સિંહાસન રચે છે. તેની ઉપર ત્રણ છત્રો રચે છે, સિંહાસનની બે બાજુ યક્ષો ચામર લઈ ઉભા રહે છે.

આવું અદ્ભુત સમવસરણ દરેક તીર્થંકર માટે દેવો રચે છે.



# ૨૪ તીર્થંકરોનાં સમવસરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | શ્રી આદિનાથનું | સમવસરણ | ૪૮ | ગાઉનું હોય છે. |
| ૨. | શ્રી અજિતનાથનું | સમવસરણ | ૪૬ | ગાઉનું હોય છે. |
| ૩. | શ્રી સંભવનાથજીનું | સમવસરણ | ૪૪ | ગાઉનું હોય છે. |
| ૪. | શ્રી અભિનંદનસ્વામિજીનું | સમવસરણ | ૪૨ | ગાઉનું હોય છે. |
| ૫. | શ્રી સુમતિનાથજીનું | સમવસરણ | ૪૦ | ગાઉનું હોય છે. |
| ૬. | શ્રી પદ્મપ્રભુજીનું | સમવસરણ | ૩૮ | ગાઉનું હોય છે. |
| ૭. | શ્રી સુપાર્શ્વનાથજીનું | સમવસરણ | ૩૬ | ગાઉનું હોય છે. |
| ૮. | શ્રી ચંદ્રપ્રભસ્વામીજીનું | સમવસરણ | ૩૪ | ગાઉનું હોય છે. |
| ૯. | શ્રી સુવિધિનાથજીનું | સમવસરણ | ૩૨ | ગાઉનું હોય છે. |
| ૧૦. | શ્રી શીતલનાથજીનું | સમવસરણ | ૩૦ | ગાઉનું હોય છે. |
| ૧૧. | શ્રી શ્રેયાંસનાથજીનું | સમવસરણ | ૨૮ | ગાઉનું હોય છે. |
| ૧૨. | શ્રી વાસુપૂજ્યસ્વામિજીનું | સમવસરણ | ૨૬ | ગાઉનું હોય છે. |
| ૧૩. | શ્રી વિમલનાથજીનું | સમવસરણ | ૨૪ | ગાઉનું હોય છે. |
| ૧૪. | શ્રી અનંતનાથજીનું | સમવસરણ | ૨૨ | ગાઉનું હોય છે. |
| ૧૫. | શ્રી ધર્મનાથજીનું | સમવસરણ | ૨૦ | ગાઉનું હોય છે. |
| ૧૬. | શ્રી શાંતિનાથજીનું | સમવસરણ | ૧૮ | ગાઉનું હોય છે. |
| ૧૭. | શ્રી કુંથુનાથજીનું | સમવસરણ | ૧૬ | ગાઉનું હોય છે. |
| ૧૮. | શ્રી અરનાથજીનું | સમવસરણ | ૧૪ | ગાઉનું હોય છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯. શ્રી મલ્લિનાથજીનું | સમવસરણ | ૧૨ | ગાઉનું | હોય છે. |
| ૨૦. શ્રી મુનિસુવ્રતસ્વામિજીનું | સમવસરણ | ૧૦ | ગાઉનું | હોય છે. |
| ૨૧. શ્રી નમિનાથજીનું | સમવસરણ | ૮ | ગાઉનું | હોય છે. |
| ૨૨. શ્રી નેમિનાથજીનું | સમવસરણ | ૬ | ગાઉનું | હોય છે. |
| ૨૩. શ્રી પાર્શ્વનાથજીનું | સમવસરણ | ૫ | ગાઉનું | હોય છે. |
| ૨૪. શ્રી મહાવીરસ્વામીજીનું | સમવસરણ | ૪ | ગાઉનું | હોય છે. |

| | | | | |
|---|---|---|---|---|
| સૌધર્મ | ઈન્દ્રે કરેલ સમવસરણ | ૮ | દિવસ | રહી શકે છે. |
| ઈશાન | ઈન્દ્રે કરેલ સમવસરણ | ૧૫ | દિવસ | રહી શકે છે. |
| સનત્કુમાર | ઈન્દ્રે કરેલ સમવસરણ | ૧ | માસ | રહી શકે છે. |
| માહેન્દ્ર | ઈન્દ્રે કરેલ સમવસરણ | ૨ | માસ | રહી શકે છે. |
| બ્રહ્મેન્દ્ર | ઈન્દ્રે કરેલ સમવસરણ | ૪ | માસ | રહી શકે છે. |
| અચ્યુતેન્દ્ર | ઈન્દ્રે કરેલ સમવસરણ | ૧૦ | દિવસ | રહી શકે છે. |
| જ્યોતિષ | ઈન્દ્રે કરેલ સમવસરણ | ૧૫ | દિવસ | રહી શકે છે. |

## શ્રી તીર્થંકર પરમાત્માની બાર પર્ષદા

(૧) સાધુ (૨) સાધ્વી (૩) વૈમાનિક દેવીઓ અગ્નિ ખૂણે બેસે છે. (૪) ભુવનપતિ (૫) વ્યંતર (૬) જ્યોતિષિની દેવીઓ નૈરૂત્ય ખૂણે બેસે છે. (૭) ભુવનપતિ (૮) વ્યંતર (૯) જ્યોતિષિ દેવો

વાયવ્ય ખૂણે બેસે છે. (૧૦) વૈમાનિક દેવો (૧૧) મનુષ્યો (૧૨) સ્ત્રીઓ ઈશાન ખૂણે બેસે છે.

આમ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, દેવ, દેવીઓની બાર પર્ષદા ગણાય છે. તેમાં ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષિ, વૈમાનિક દેવીઓ અને સાધ્વી ઉભા ઉભા દેશના સાંભળે છે. બાકીના બેઠા બેઠા સાંભળે છે.

## શ્રી ગૌતમસ્વામીજીનાં પ્રશ્નોત્તરો

ગૌતમ : હે ભગવંત ? ભવ્યજીવો પરમાધાર્મિકમાં ઉપજે ખરા ?

પ્રભુ : હે ગૌતમ ! જે કોઈ ઉત્તમ એવા હિતોપદેશની અવજ્ઞા કરે, અનાચારની પ્રશંસા કરે કે અનુમોદન કરે તે મહાતપ-અનુષ્ઠન કરવા છતાં પણ પરમાધાર્મિક અસુરમાં ઉત્પન્ન થઈ અનંત સંસાર ભમી દુઃખી થાય છે.

ગૌતમ : હે ભગવંત ? પરમાધાર્મિક દેવો મરીને કયાં ઉત્પન્ન થાય છે?

પ્રભુ : હે ગૌતમ ! લવણ સમુદ્રમાં અંડગૌલિક જલચર મનુષ્ય તરીકે વજ્રૠષભ નારાચ સંઘયણવાળા, માંસ મદિરામાં આસકત અને નિષ્ઠુર બને છે. તે જલચર મનુષ્યોની અંડગોલીકા ચમરી ગાયના પુચ્છના વાળથી ગુંથી તે કાને બાંધવાથી રત્ન માટે સમુદ્રમાં સુખે પેસી શકાય છે. તેથી બીજા જલચર જીવો પરાભવ કરી શકતા નથી.

ગૌતમ : અંડગોલીયા જલચર મનુષ્ય પકડાય ખરા ?

પ્રભુ : હા તેને પકડવા માટે તેના અર્થી ઘણા ઉપાયો અને સાહસ કરે છે. કવચ પહેરી હથિયારથી સજ્જ થઈ જીવના જોખમે તેને પકડે છે. પકડાતી વખતે તે અંડગોલીયા મનુષ્ય નારકીના દુઃખ જેટલું દુઃખ પામે છે.

ગૌતમ : અંડગોલિક કઈ વિધિથી પકડાય ?

પ્રભુ : તેને પકડનારા મનુષ્ય ઘંટીના આકારવાલા વ્રજશિલાના બે પડમાં મચ્છી, મધ ભેગા કરી લેપવાળા કરી પકાવેલા માંસના ટુકડાઓ તથા મધ મદિરાના ભાજનો ત્યાં ખાલી કરે છે. ત્યાં અંડગોલિયા આવી સ્વાદમાં આસકત બને છે ત્યારે બંને પડ અચાનક એકસાથે ભેગા કરી તેને છુંદી નાખવા (કાળા બળદો જોડી) ઘંટીથી ચક્રની જેમ એક વરસ (૬ માસ) સુધી તેને પીસવામાં આવે છે. તો પણ તેઓના હાડકાં વ્રજ જેવા હોવાથી તેઓનો જલદી પ્રાણ વિયોગ થતો નથી. ત્યાં ઘોર દારૂણ મહાદુઃખ અનુભવે છે. એક વરસ સુધી તો તેના હાડકાના બે ટુકડા પણ થતા નથી. ઘસારો પણ લાગતો નથી ફકત સાંધાના બંધન છુટા પડી જર્જરિત થાય છે.

ગૌતમ : હે ભગવંત ! કુશીલનો સંસર્ગ કરવાથી શું ફળ થાય ?

પ્રભુ : હે ગૌતમ ? પાખંડી નિન્હવ અને કુશીલનો સંસર્ગ કરે, અને તેને અનુકૂલ બોલે તેના સ્થાનમાં જાય. તેના ગ્રંથો સંયમ, જ્ઞાન અને પંડિતાઈની શ્લાઘા કરે તો તે સંયમ પાળવા છતાં દુર્ગતિમાં અનંતો કાળ રખડે છે માટે સંયમનું પ્રથમ પગથીયું કુશીલ સંસર્ગનો ત્યાગ કરવો અને

શીલ પાળનાર સુખ છોડતો નથી પણ સુખ મેળવે છે.

કુશીલ સંસર્ગમાં એક પહોર કે અડધો પહોર પણ વાસ ન કરવો.

ગૌતમ : હે ભગવંત ગચ્છ કેવો હોય ?

પ્રભુ : હે ગૌતમ ? શત્રુ મિત્ર પ્રત્યે સમભાવવાળો, નિર્મલ ચિત્તવાલો, આશાતનામાં ભીરૂ, સર્વનો ઉપકાર કરવામાં ઉદ્યમવાલો, છ જીવનિકાય વત્સલ, અત્યંત અપ્રમાદી, શાસ્ત્રોના પરમાર્થોને જાણનાર, પુરૂષાર્થ તથા બલ વીર્યને ન છુપાવનાર, અઢાર હજાર શીલાંગનો આરાધક, યથોપદિષ્ટ પ્રરૂપણા કરનાર, માર્ગસ્થિત, મહાસત્ત્વવાળો નાણ દંસણ ચરણ ગુણવાન્ આદિ ગુણયુક્ત ગચ્છ હોય.

## જ્ઞાન અને ક્રિયા

પરિણતિ કે પ્રવૃત્તિ વિનાનું શુષ્ક જ્ઞાન નિરર્થક છે, એવું જ્ઞાન તો અનંતિવાર આવી શકે છે.

ક્રિયાથી ચલિત કરવા શાસ્ત્રનું વચન કેટલાક ક્રિયાના ઉત્થાપકો શસ્ત્ર રૂપે બનાવે છે, અને કહે છે કે 'ઓઘા મુહપત્તિ મેરૂ જેટલા કર્યા'. પણ પરિણતિ જ્ઞાનપૂર્વકનાં ઓઘા મુહપત્તિ આઠ વખત થી વધારે વાર ન જ થાય. કલ્યાણની બુદ્ધિથી ગ્રહણ કરવામાં આવેલા ચારિત્રના ભવ આઠથી વધારે હોતા નથી. એવું ચારિત્ર ભવચક્રમાં આઠ વખત જ હોય

આગમોદ્ધારક

- સાગરાનંદ સૂરીશ્વરજીનાં પ્રવચનમાંથી

# અરિહંતના બાર ગુણ

**અશોકવૃક્ષઃ સુરપુષ્પવૃષ્ટિ ર્દિવ્યધ્વનિશ્ચામરમાસનં ચ,**
**ભામંડલં દુન્દુભિરાતપત્રં સત્પ્રાતિહાર્યાણિ જિનેશ્વરાણાં.**

(૧) અશોક વૃક્ષ : જયાં ભગવાન સમવસર્યા હોય ત્યાં પ્રભુના દેહથી બાર ગણું અશોક વૃક્ષ-આસોપાલવનું ઝાડ દેવતાઓ રચે છે. તેની નીચે બેસીને પ્રભુ દેશના આપે છે. અશોક વૃક્ષ શોકને દૂર કરે છે.

(૨) સુરપુષ્પવૃષ્ટિ : એક યોજન સમવસરણની પૃથ્વી ઉપર જલ અને સ્થલમાં નિપજેલા સુગંધીદાર પંચવર્ણના સચિત્ત ફૂલોની વૃષ્ટિ દેવતાઓ ઢીંચણ પ્રમાણ કરે છે.

(૩) દિવ્ય-ધ્વનિ : દેવતાઓ ભગવંતની માલકોસ રાગની વાણીમાં વીણા, વાંસળી આદિના સ્વરો પુરે છે.

(૪) ચામર : દેવો રત્નજડિત સોનાની દાંડીવાળા ધોળા ચાર જોડિ ચામરોથી સમવસરણ મધ્યે ભગવંતને વીંજે છે.

(૫) આસન : ભગવંતને બેસવા સારૂ રત્નજડિત સુવર્ણમય સિંહાસન દેવતાઓ રચે છે.

(૬) ભામંડલ : ભગવંતના મસ્તકની પાછળ સૂર્યના કિરણ જેવા જ્વાજલ્યમાન તેજવાળું ભામંડલ કાંતિના મંડલને દેવતાઓ રચે છે. તે ન હોય તો ભગવાનના મુખ સામું જોઈ શકાય નહિ.

(૭) દુન્દુભિ : દેવતાઓ આકાશમાં દેવ દુન્દુભિ વિગેરે ક્રોડો ગમે વાજિંત્રો વગાડે છે. તેથી જાણે તેઓ એમ કહેતાં ન હોય કે હે ભવ્યો ! પ્રમાદને દૂર કરી ને મુક્તિપુરીના સાર્થવાહ સમાન આ ભગવાનને તમે સેવો.

(૮) છત્ર : ભગવાનના મસ્તક ઉપર ઉપરા ઉપરી શરદ પૂનમના ચંદ્ર જેવા મોતીઓની માલાથી વિભૂષિત ત્રણ શ્વેત છત્રો દેવતાઓ ધરે છે. સમવસરણની નિશ્રાએ બાર છત્ર ધરે છે. તે જાણે એમ ન કહેતાં હોય કે ત્રણ ભુવનના પરમેશ્વર એવા ભગવંતને તમે સેવો.

એ રીતે આઠ પ્રાતિહાર્યના આઠ ગુણ થયા.

(૯) અપાયાપગમાતિશય : અપાય એટલે ઉપદ્રવ, તેનો અપગમ એટલે નાશ. જયાં ભગવંત વિચરતા હોય ત્યાં દરેક દિશાએ પચીસ પચીસ યોજન તથા ઉપર અને નીચે સાડાબાર સાડાબાર મળી સવાસો યોજનમાં પ્રાયઃ રોગ મરકી, વૈર, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુષ્કાળ આદિ થાય નહિ.

(૧૦) જ્ઞાનાતિશય : ભગવાન કેવળજ્ઞાન કેવળદર્શને કરી સર્વ લોકાલોકના ત્રણેય કાળના સર્વ ભાવો જાણે દેખે છે. એમનાથી કંઈ છાનું નથી.

(૧૧) પૂજાતિશય : ભગવાનને બળદેવ, વાસુદેવ, ચક્રવર્તિ તથા ચાર નિકાયના દેવો ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવતાઓ તથા તેમના ઈન્દ્રો વગરે જગત્ત્રયવાસી ભવ્ય જીવો તેમની સેવા કરે છે.

(૧૨) વચનાતિશય : ભગવંતની વાણી સંસ્કારાદિક ગુણોએ સહિત હોવાથી દેવ, મનુષ્ય, તિર્યંચ પોતપોતાની ભાષામાં સમજી શકે છે. તે વિષે એક ભિલ્લનું દષ્ટાંત કહે છે.

કોઈ એક ભિલ્લ પોતાની ત્રણ સ્ત્રીઓ સાથે એક દિવસ વનમાં જતો હતો. તે વખતે પહેલી સ્ત્રીએ કહ્યું મને ભૂખ લાગી છે. હરણીનું માંસ લાવી આપો બીજી બોલી કે મને તરસ લાગી છે તો પાણી લાવી આપો અને ત્રીજી બોલી કે મને કાંઈ સારૂ સંગીત સંભળાવો, આ ત્રણેના ઉત્તર ભિલ્લે એક જવાબથી આપ્યા (સરો નત્થિ). એથી પહેલી સ્ત્રી સમજી ગઈ કે (સરો નાસ્તિ) તીર નથી તો હરણને મારીને શી રીતે લાવે ? બીજી સ્ત્રી સમજી ગઈ કે (સરો નાસ્તિ) સરોવર નથી, તો પાણી કેમ લાવી આપે ? ત્રીજી સ્ત્રી સમજી ગઈ કે (સ્વરો નાસ્તિ) રાગ નથી તો ગીત કેમ કરી સંભળાવે. આ રીતે એક જ જવાબથી ત્રણે સ્ત્રી સમજી ગઈ તેમ ભગવંતની વાણી સર્વે પોત પોતાની ભાષામાં સમજી જાય, એ તેમનો ચોથો અતિશય થયો. એમ કુલ ૧૨ ગુણ થાય છે.



## શ્રીજ્ઞાનવિમલસૂરીજી કૃત

# દિવાલીના દેવવંદન

સ્થાપનાચાર્ય આગળ અથવા નવકાર, પંચિદિય વડે પુસ્તકની સ્થાપના સ્થાપીને પ્રથમ ઈરિયાવહી૰ તસ્સ ઉત્તરી૰ અન્નત્થ કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દેઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં, કહી યોગમુદ્રાએ બેસી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.

## પ્રથમ ચૈત્યવંદન

**વીર જિનવર વીર જિનવર, ચરમ ચૌમાસ, નયરી અપાપાયે આવીયા, હસ્તિપાલ રાજન સભાયે, કાર્તિક અમાવાસ્યા રયણિયે, મુહૂર્ત, શેષનિર્વાણ તાંહિ, સોલ પહોર દેઈ દેશના, પહોંચ્યા મુક્તિ મઝાર, નિત્ય દીવાલી નય કહે, મલિયા નૃપતિ અઢાર. ૧**

પછી જંકિંચિ૰ નમુત્થુણં૰ કહી સેવણા આભવમખંડા સુધી અર્ધા જયવીયરાય કહેવા.

પછી ખમાસમણ દઈ ઈચ્છ કારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરૂં? ઈચ્છં, કહી બીજું ચૈત્યવંદ કહેવું તે આ પ્રમાણે

## દ્વિતીય ચૈત્યવંદન

**દેવ મલિયા દેવ મલિયા, કરે ઉત્સવ રંગ, મેરઈયાં હાથે ગ્રહી, દ્રવ્ય તેજ ઉદ્યોત કીધો, ભાવ ઉદ્યોત જિનેંદ્રને ઠામ ઠામ એહ ઓચ્છવ પ્રસિધ્ધો, લખકોડી છઠ ફલ કરી, કલ્યાણક કરો એહ, કવિ નયવિમલ કહે ઈશ્યું, ધન ધન દહાડો તેહ. ૨**

પછી જંકિંચિ૰ નમુત્થુણં૰ કહી અરિહંત ચેઈયાણં કરેમિ કાઉસગ્ગં વંદણ વત્તિઆએ૰ અન્નત્થ૰ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી નમોડર્હત્૰ કહી પ્રથમ થોય કહેવી પછી લોગસ્સં૰ સવ્વલોએ અરિહંત૰ અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી બીજી થોઈ કહેવી પછી પુક્ખરવરદી૰ સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસગ્ગં વંદણવત્તિઆએ૰ અન્નત્થ૰ કહી ત્રીજી થોય કહેવી, પછી સિદ્ધાણં બુદ્ધાણં૰ વેયાવચ્ચ-ગરાણં૰ અન્નત્થ કહી ચોથી થોય કહેવી તે ચાર થોયો આ પ્રમાણે

## પ્રથમ વીરસ્તુતિ

**મનોહર મૂર્તિ મહાવીરતણી, જિણે સોલ પહોર દેશના પભણી, નવ મલ્લી નવ લચ્છી નૃપતિ સુણી. કહી શિવ પામ્યા ત્રિભુવન ધણી ॥૧॥ શિવ પહોત્યા રૂષભ ચઉ દશ ભકતે, બાવીશ લહ્યા શિવ માસ થિતે, છટ્ઠે શિવ પામ્યા વીર વલી, કાર્તિક વદી અમાવસ્યા નિરમલી ॥૨॥ આગામિ ભાવી ભાવ કહ્યા; દીવાલી કલ્પે જેહ લહ્યા, પુણ્ય**

**પાપ ફલ અજ્ઝયણે કહ્યાં, સવિ તહત્તિ કરી સદ્દહ્યાં ॥૩॥ સવિ દેવ મલી ઉદ્યોત કરે, પરભાતે ગૌતમ જ્ઞાન વરે ॥ જ્ઞાનવિમલ સદા ગુણ વિસ્તરે, જિનશાસનમાં જયકાર કરે ॥૪॥**

'પૂર્વની પેઠે નમુત્થુણં શરૂ કરી નીચેની થોયો કહેવી.'

## દ્વિતીય વીરસ્તુતિ

**જય જય ભવિ હિતકર, વીર જિનેશ્વર દેવ. સુર નરના નાયક જેહની સારે સેવ, કરૂણારસ કંદો, વંદો આણંદ આણી, ત્રિશલાસુત સુંદર, ગુણમણિ કેરો ખાણી. ૧ જસ પંચ કલ્યાણક, દિવસ વિશેષ સુહાવે, પણ થાવર નારક, તેહને પણ સુખ થાવે, તે ચ્યવન જન્મ વ્રત, નાણ અને નિર્વાણ, સવિ જિનવર કેરાં એ પાંચે અહિઠાણ. ૨ જિહાં પંચ સમિતિ યુત, પંચમહાવ્રત સાર, જેહમાં પરકાશ્યા, વલિ પાંચે વ્યવહાર, પરમેષ્ઠિ અર્હત્, નાથ સર્વજ્ઞને પાર, એહ પંચ પદે લહ્યો, આગમ અર્થ ઉદાર. ૩. માતંગ સિદ્ધાઈ, દેવી જિનપદ સેવી, દુઃખ દુરિત ઉપદ્રવ, જે ટાલે નિતમેવી, શાસન સુખદાયી, આઈ સુણો અરદાસ, શ્રી જ્ઞાનવિમલ ગુણ પૂરો વાંછિત આશ. ૪**

બેસી નમુત્થુણં૦ જાવંતિ ચેઈઆઈ૦ ખમાસમણ૦ જાવંત કેવિસાહૂ૦ નમોऽર્હત્ કહી સ્તવન કહેવું તે સ્તવન આ પ્રમાણે

# શ્રી મહાવીર જિન સ્તવન

(આજ સખી સંખેસરો. એ દેશી)

**શ્રી મહાવીર મનોહરૂં, પ્રણમું શિર નામી, કંત જશોદા નારિનો જિન શિવગતિ ગામી. ૧ ભગિની જાસ સુદંસણા, નંદીવર્ધનભાઈ, હરિલંછન હેજાલુઓ સહુકોને સુખદાયી. ૨ સિદ્ધાર્થ ભૂપતિ તણો, સુત સુંદર સોહે, નંદન ત્રિશલા દેવિનો, ત્રિભુવન મન મોહે, ૩ એક શત દશ અધ્યયન જે, પ્રભુ આપ પ્રકાશે, પુણ્ય પાપ ફલ કેરડાં, સુણે ભવિક ઉલ્લાસે. ૪ ઉત્તરાધ્યયન છત્રીશ જે, કહે અર્થ ઉદાર, સોલ પહોર દીયે દેશના, કરે ભવિ ઉપગાર. ૫ સર્વાર્થ-સિદ્ધ મુહૂર્તમાં, પાછલી જે રયણી, યોગ નિરોધ કરે તિહાં, શિવની નીસરણી. ૬ સ્વાતિ નક્ષત્ર ચંદ્રમા, જોગે શુભ આવે, અજરામરપદ પામીયા, જય જયરવ થાવે ૭ ચોસઠ સુરવર આવીયા, જિન અંગ પખાલી, કલ્યાણક વિધિ સાચવી, પ્રગટી દિવાલી ૮. લાખ કોડી ફલ પામીએ, જિન ધ્યાને રહીયે, ધીર વિમલ કવિરાજનો, જ્ઞાનવિમલ કહિયે ૯.**

પછી અર્ધા જયવીયરાય કહેવા. પછી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં, કહી ત્રીજું ચૈત્યવંદન કહેવું તે આ પ્રમાણે.

## તૃતીય ચૈત્યવંદન

**શ્રી સિદ્ધાર્થ નૃપકુલતિલો, ત્રિશલા જસ માત, હરિલંછન તનુ સાત હાથ, મહિમા વિખ્યાત, ત્રીસ વરસ ગૃહવાસ છંડી, લીએ સંયમ ભાર, બાર વરસ છદ્મસ્થ માન, લહી કેવળ સાર, ત્રીશ વરસ એમ સવિ મલીએ, બહાંતેર આયુપ્રમાણ, દિવાલી દિન શિવ ગયા, કહે નય તેહ ગુણખાણ ||૩||**

પછી જંકિંચિ૰ નમુત્થુણં૰ કહી આખા જયવીયરાય કહેવા.

## ગૌતમસ્વામી દેવવંદન

ઈરિયાવહી પડિક્કમી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરૂં? ઈચ્છં કહી પ્રથમ ચૈત્યવંદન કહેવું ?

## પ્રથમ ચૈત્યવંદન

**નમો ગણધર નમો ગણધર, લબ્ધિ ભંડારઃ ઈંદ્રભૂતિ મહિમા નિલો, વડ વજીર મહાવીર કેરો, ગૌતમ ગોત્રે ઉપન્યો, ગણિ અગ્યાર માંહે વડેરો. કેવલજ્ઞાન લહ્યું જિણે, દિવાલી પરભાત, જ્ઞાનવિમલ કહે જેહના, નામ થકી સુખશાત ૧.**

પછી જંકિંચિ૰ નમુત્થુણં૰ કહી અડધા જયવીયરાય કહેવા પછી ખમાસમણ દઈ બીજું ચૈત્યવંદન કહેવું.

## બીજુ ચૈત્યવંદન

**ઈંદ્રભૂતિ પહિલો ભણું, ગૌતમ જસ નામ, ગોબર ગામે ઉપન્યા, વિદ્યાના ધામ ૧. પંચ સયા પરિવાર શું, લેઈ સંયમ ભાર, વરસ પચાસ ગૃહે વસ્યા, વ્રતે વર્ષ જ ત્રીશ ૨. બાર વરસ કેવલ વર્યાએ, બાણું વરસ સવિ આય, નય કહે ગૌતમ નામથી, નિત્ય નિત્ય નવનિધિ થાય ૩.**

પછી જંકિચિ, નમુત્થુણં, અરિહંત ચેઈઆણં, અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી, પારી નમોડર્હત્ કહી પ્રથમ થોઈ કહેવી પછી લોગસ્સ સવ્વલોએ, અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી બીજી થોઈ કહેવી પછી પુક્ખરવરદી વંદણવત્તિઆએ, અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુદ્ધાણં વેયાવચ્ચગરાણં, અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી, પારી નમોડર્હત્ કહી ચોથી થોય કહેવી.

## પ્રથમ થોઈ જોડો

**ઈંદભૂતિ અનુપમ ગુણભર્યા, જે ગૌતમ ગોત્રે અલંકર્યાઃ પંચશત છાત્રશું પરિવર્યા, વીરચરણ લહી ભવજલ તર્યા ૧ ચઉ અઠ દશ દોય જિનને સ્તવે, દક્ષિણ પશ્ચિમ ઉત્તર પૂરવે, સંભવ આદિ અષ્ટાપદ ગિરિયે વલી, જે ગૌતમ વંદે લળી લળી ૨. ત્રિપદિ પામીને જેણે**

કરી, દ્વાદશાંગી સકલ ગુણે ભરી, દીયે દીક્ષા તે લહે કેવલસિરિ, તે ગૌતમને રહું અનુસરી ૩. જક્ષ માતંગને સિદ્ધાયિકા, સુરી શાસનની પરભાવિકા; શ્રી જ્ઞાનવિમલ દીપાલિકા, કરો નિત્ય નિત્ય મંગલ માલિકા ૪.

## દ્વિતીય થોઈ જોડો

**શ્રી ઈંદ્રભૂતિં ગણવૃદ્ધિભૂતિં શ્રી વીરતીર્થાધિપ મુખ્યશિષ્યમ્; સુવર્ણકાંતિં કૃતકર્મશાંતિં, નમામ્યહં ગૌતમગૌત્રરત્નમ્ ૧. તીર્થંકરા ધર્મધુરાધુરીણા, યે ભૂતભાવિપ્રતિવર્તમાનાઃ, સત્પંચ કલ્યાણકવાસરસ્થા દિશંતુ તે મંગલમાલિકાં ચ ૨. જિનેંદ્રવાક્યં પ્રથિત પ્રભાવં, કર્માષ્ટકાનેકપ્રભેદસિંહમ્, આરાધિતં શુદ્ધ-મુનીંદ્રવર્ગૈ-ર્જગત્યમેયં જયતાત્ નિતાંતમ્ ૩. સમ્ય ગ્દૃશાં વિઘ્નહરા ભવંતુ, માતંગયક્ષાઃ સુરનાયકાશ્ચ, દીપાલિકાપર્વણિ સુપ્રસન્નાઃ, શ્રી જ્ઞાનસૂરિર્વરદાયકાશ્ચ.**

પછી બેસીને નમુત્થુણં; જાવંતિ; ખમાસમણ દઈ જાવંત૦ નમોઽર્હત્ કહી બે સ્તવનો કહેવાં.

## શ્રી ગૌતમસ્વામીનું સ્તવન

(તુંગીયા ગિરિ શિખર સોહે-એ દેશી)

વીર મધુરી વાણી ભાખે; જલધિ જલ ગંભીર રે, ઈંદ્રભૂતિ ચિત્ત ભ્રાંતિ, રજકણ હરણ પ્રવર સમીર રે, વીર ૦૧. પંચભૂત થકી જે પ્રગટે, ચેતના વિજ્ઞાનરે, તેહમાં લયલીન થાયે, ન પરભવ સંજ્ઞાન રે, વીર૦ ૨. વેદ પદનો અર્થ એહવો. કરે મિથ્યારૂપ રે, વિજ્ઞાનઘન યદ વેદ કેરાં, તેહનું એહ સ્વરૂપ રે, વીર૦ ૩ ચેતના વિજ્ઞાનઘન છે, જ્ઞાન દર્શન ઉપયોગ રે, પંચભૂતિક જ્ઞાનમય તે, હોય તે વસ્તુ સંયોગ રે, વીર૦ ૪. જિહાં જેહવી વસ્તુ દેખિયે, હોય તેહવું જ્ઞાન રે, પૂરવ જ્ઞાન વિપર્યયથી હોય ઉત્તર જ્ઞાન રે, વીર૦ ૫. એહ અર્થ સમર્થ જાણી મ ભણ પદ વિપરીત રે, ઈણિપરે ભ્રાંતિ નિરાકરીને થયા શિષ્ય વિનીત રે, વીર૦ ૬. દીપાલિકા પ્રભાતે કેવલ, લહ્યું તે ગૌતમસ્વાતિ રે, અનુક્રમે શિવ સુખ લહ્યા, તેહને નય કરે પ્રણામ રે, વીર૦ ૭

## દ્વિતીય સ્તવન

(અલબેલાની દેશી)

દુઃખહરણી દીપાલિકા રે લાલ. પરવ થયું જગ માંહિ, ભવિ પ્રાણી રે, વીર નિવાર્ણથી થાપના રે લાલ, આજ લગે ઉચ્છાંહિ, ભવિ.૧.

સમકિતદષ્ટિ સાંભલો રે લાલ, એ આંકણી૦ સ્યાદ્વાદ ઘર ધોલીએ રે લાલ, દર્શનની કરી શુદ્ધિ ભવિ૦ ચારિત્ર ચંદ્રોદય બાંધિયેરે લાલ, ટાલો રજ દુઃકર્મ બુધ્ધિ. ભવિ૦ ૨. સમ૦ સેવા કરો જિનરાયની રે લાલ, દિલ દોઠાં મિઠાશ ભવિ૦ વિવિધ પદારથ ભાવના રે લાલ, તે પકવાનની રાશિ ભવિ૦ ૩. સમ૦ ગુણિજન પદની નામના રે લાલ, તેહિજ જુહાર ભટ્ટાર. ભવિ૦ વિવેક રતન મેરાઈયાં રે લાલ, ઉચિત તે દીપ સંભાર. ભવિ૦ સમ૦ સુમતિ સુવનિતા હેજશું તે લાલ, મન ઘરમાં કરો વાસ. ભવિ૦ વિરતિ સાહેલી સાથ શું રે લાલ, અવિરતિ અલચ્છી નિકાસ. ભવિ૦ ૫. સમ૦ મૈત્રાદિકની ચિંતનારે લાલ, તેહ ભલા શણગાર ભવિ૦ દર્શન ગુણ વાઘા બન્યા રે લાલ, પરિમલ પર ઉપગાર. ભવિ૦ ૬. પૂર્વ સિધ્ધ કન્યા પખેરે લાલ, જાનઈયા અણગાર. ભવિ૦ સિધ્ધશિલા વર વેદિકા રે લાલ, કન્યા નિવૃત્તિ સાર. ભવિ૦ ૭. સમ૦ અનંત ચતુષ્ટય દાયજો રે લાલ૦ શુદ્ધા યોગ નિરોધ. ભવિ૦ પાણિગ્રહણ પ્રભુજી કરે રે લાલ, સહુને હરખ વિબોધ. ભવિ૦ ૮. સમ૦ ઈણિ પરે પર્વ દીપાલિકા રે લાલ, કરતાં કોડી કલ્યાણ. ભવિ૦ જ્ઞાનવિમલ પ્રભુ ભક્તિશું રે લાલ, પ્રગટે સકલ ગુણ ખાણ. ભવિ૦ ૯. સમ૦

પછી અર્ધા જયવીયરાય કહી ખમાસમણ દઈ આ ત્રીજું ચૈત્યવંદન કરવું.

## તૃતીય ચૈત્યવંદન

**જીવકેરો જીવકેરો, અચ્છે મનમાંહિ, સંશય વેદ પદે કરી, કહી અર્થ અભિમાન વાર્યો. શ્રી મહાવીર સેવા કરી, ગ્રહી સંયમ આપ તાર્યો. ત્રિપદી પામી ગુંથીયા, પૂરવ ચઉદ ઉદાર. નય કહે તેહના નામથી હોયે જય જયકાર.**

પછી નમુત્થુણં કહી પુરા જયવીયરાય કહેવા.

## દિવાલીનું ગણણું

**૧. શ્રી મહાવીરસ્વામી સર્વજ્ઞાય નમઃ**

**૨. શ્રી મહાવીરસ્વામી પારંગતાય નમઃ**

**૩. શ્રી ગૌતમસ્વામી સર્વજ્ઞાય નમઃ**

દેરક પદની વીસ-વીસ નવકારવાળી ગણવી.

## સ્યાદ્વાદ

જુદા જુદા દષ્ટિબિંદુથી વસ્તુનું અવલોકન કરવું કે કથન કરવું તે સ્યાદ્વાદ છે. જેમ એક જ પુરૂષ પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર, અને પોતાના પુત્રની અપેક્ષાએ પિતા છે. વળી પોતાના ભત્રિજા અને ભાણેજની અપેક્ષાએ કાકો અને મામો પણ છે. આમ પરસ્પર વિરૂધ્ધ દેખાતી બાબતોમાં પણ અપેક્ષાએ માનવનો દરેકનો અનુભવ છે.

આ પ્રમાણે નિત્યત્ત્વ અને અનિત્યત્ત્વ વગેરે ધર્મો પરસ્પર વિરૂધ્ધ હોવા છતાં એક જ વસ્તુમાં પણ માની શકાય છે. કેમકે સર્વ પદાર્થોમાં ઉત્પત્તિ, નાશ અને સ્થિરપણું પ્રત્યક્ષ અનુભવાય છે. ''ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તંસત્'' (તત્ત્વાર્થ સૂત્ર શ્રી ઉમાસ્વાતિજી કૃત)

દષ્ટાંત તરીકે જેમ સોનાનું કુંડલ ભાંગી વીંટી બનાવી તો કુંડલનો નાશ થયો, અને વીંટી ઉત્પન્ન થઈ. અહીં કુંડલનો નાશ એટલે કુંડલના આકારનો નાશ, વીંટીની ઉત્પતિ એટલે વીંટીનો આકાર ઉત્પન્ન થયો, પરંતુ એ કુંડલ અને વીંટીનું સુવર્ણ તો તેનું તે જ છે. આ પ્રમાણે ઉત્પાદ-વ્યય અને સ્થિતિ (ધ્રુવત્ત્વ) એ ત્રણે બાબતો અહિં સુવર્ણમાં જેમ ઘટે છે તેમ સર્વત્ર જાણી લેવું.

આમ ત્રિકાલિક બધા પદાર્થો સ્થૂલરૂપે અથવા સૂક્ષ્મરૂપે એટલે છેવટે પરમાણુ રૂપે તો જગતમાં અવશ્ય રહે છે. આથી કોઈપણ વસ્તુનો (દ્રવ્યથી) સર્વથા નાશ થયો કહી શકાય નહિ. કોઈપણ સ્થૂલ વસ્તુ વિખરાઈ જતાં, તેના અણુઓ તો એક યા બીજા સ્વરૂપે કાયમ રહે જ છે. જેમ સૂર્ય કિરણથી પાણી સુકાય ગયું, છતાં તે વરાળ આદિ રૂપે જગતમાં કાયમ છે. સૂક્ષ્મ અવસ્થામાં રહેલ વસ્તુનું દર્શન ન થાય એ બનવા જોગ છે. જૈન શાસ્ત્રમાં ઉત્પાદ અને વિનાશને પર્યાય રૂપે માન્યા છે અને જે મૂળ વસ્તુ સ્થાયી છે તેને દ્રવ્ય રૂપે માન્યો છે. આમ દ્રવ્યથી દરેક પદાર્થ નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે. એટલે પ્રત્યેક વસ્તુ નિત્યાનિત્યરૂપે માનવી એનું નામ સ્યાદ્વાદ.

('વિજ્ઞાનશાસ્ત્ર' પણ વસ્તુના સ્વભાવમાં મૂળ પ્રકૃતિને સ્થિર-ધ્રુવ માને છે. જેમ દૂધ નષ્ટ થતાં દહીં રૂપે ગોરસ તરીકે કાયમ છે. આ રીતે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યના જૈન સિદ્ધાંતને વિજ્ઞાન બરાબર સમર્થન કરે છે.)

## નય

અનેક ધર્મવાળી એક જ વસ્તુ તે સપ્રયોજન યથાર્થ દષ્ટિબિંદુઓથી જોનાર અભિપ્રાયો-વિશેષ તે નય કહેવાય. જેમ એક જ મનુષ્યને કાકો, મામો, ભત્રીજો અને ભાણેજ વગેરે કહેવાય છે.

આત્મા ચારે ગતિમાં ભ્રમણ કરે છે તેથી તે એકાંત નિત્ય કે અનિત્ય ન કહેવાય પણ નિત્યાનિત્ય કહેવાય છે. દૂધ અને પાણી જેમ ઓતપ્રોત થઈ જાય છે, તેમ આત્મા પણ શરીરમાં વ્યાપીને રહ્યો છે. શરીરના કોઈપણ ભાગને ઈજા થાય કે તરત આત્માને વેદના થવા લાગે છે. કેમ કે આત્મા શરીરથી જુદો હોવા છતાં કારણે કથંચિત્ અભિન્ન છે.

(૧) નિશ્ચય નયે-આત્મા શુદ્ધ, બુદ્ધ, નિરંજન-સચ્ચિદાનંદ મય છે.

(૨) વ્યવહાર નયે-આત્મા મોહવાન્-અવિદ્યાવાન્, રાગ-દ્વેષ યુક્ત છે.

નયો સાત છે. દ્રવ્યાર્થિક નય-મૂળ પદાર્થની સત્તા ઉપર લક્ષ્ય રાખે છે, પર્યાયાર્થિક નય-પર્યાય-ઉપર લક્ષ્ય રાખે છે.

૧. નૈગમ-કલ્પનાથી થતો વ્યવહાર, તે ત્રણ પ્રકારે છે. (૧) ભૂત નૈગમ-

ગઈ વસ્તુને વર્તમાન રૂપે વ્યવહાર કરે છે. જેમ 'આજે દિવાળી છે' (૨) ભવિષ્યદ્ નૈગમ થનારી વસ્તુને થઈ કહેવી. જેમ ચોખાને ચૂલેથી ઉતારવાની વાર હોય છતાં કહેવું કે 'ચોખા રંધાઈ ગયા.' (૩) વર્તમાન નૈગમ-રાંધવાની તૈયારી કરનાર કહે છે કે 'હુ ચોખા રાંધુ છું.'

૨. સંગ્રહ-વસ્તુઓનો સમુચ્ચય કરી કહેવું કે 'બધા આત્માઓ પ્રદેશ વિભાગ કરીને એક સરખા છે.'

૩. વ્યવહાર-વિશેષરૂપે વસ્તુને પૃથક્કરણ કરી બતાવે છે, જેમ આત્માનું વિભાગવાર વિશેષ પ્રકારે વિવેચન કરવું.

૪. ઋજુસૂત્ર-વર્તમાનમાં રહેલા રૂપાન્તરો જુએ છે.

૫. શબ્દ-અનેક પર્યાય શબ્દોનો એક અર્થ માને છે.


૬. સમભિરૂઢ-પર્યાયના ભેદથી અર્થનો ભેદ માને છે.

૭. એવં ભૂત-શબ્દોની વ્યુત્પત્તિથી જે ભાવ નીકળતો હોય તે ક્રિયામાં પ્રવર્તતો હોવો જોઈએ એમ માને છે.

ઉપરના સાતે જુદા જુદા દષ્ટિબિંદુઓ છે. જૈન દર્શન સ્યાદ્વાદના સિદ્ધાંતથી સમન્વય કરતાં શીખવે છે અને કોઈ પણ દષ્ટિબિંદુને તોડી ન પાડતા સાપેક્ષ ભાવે મધ્યસ્થ દષ્ટિએ દરેક આત્માને રાગદ્વેષ ટાળી નિર્મલ બનવાની યોગ્ય દષ્ટિ અને પ્રેરણા આપે છે.

આપણો ધર્મ અને આદર્શો ગમે તેટલા ઊંચા અને મહાન હશે ? પરંતુ આપણે ધાર્મિક અને સાંસ્કૃતિક સાહિત્યના પ્રચારમાં બીજાઓ કરતાં ઘણા જ પછાત છીએ એ કટુ સત્યનો સ્વીકાર કરવો જ જોઈએ.

આપણી નવી પેઢી સ્વધર્મ અને સ્વ.સંસ્કૃતિના જ્ઞાન-ક્રિયા તથા શ્રધ્ધાવાળી બને તે માટે પૂરતા પ્રયત્નની જરૂર છે. તેના માટે સુગમ અને સરળ સાહિત્યનો પ્રચાર પણ ઉપયોગી છે. પૂ. ગુરૂ મહારાજ તથા સદ્સમાગમના અભાવમાં આવા પુસ્તકો ભવ્ય આત્માને પ્રેરક બનશે.



જે ભાગ્યશાળીને આ પુસ્તકની જરૂર ન જણાય તેઓને આશાતનાથી બચવા માટે ઉપયોગ કરનાર સાધુ-સાધ્વી યા વિવેકવાળા ગૃહસ્થને યા દેરાસર, ઉપાશ્રય કે જ્ઞાન મંદિર પુસ્તકાલયમાં ભેટ આપી જ્ઞાન-ભક્તિનો લાભ લેવો.

કોઈ સંજોગોમાં આ પુસ્તક કચરાપટ્ટી કે રદ્દી પસ્તીમાં ન જાય તેમ કરવા વિનંતી છે.

- સંપાદક

# પદ્માવતી પ્રકાશન મંદિર

## આજીવન સભ્ય યોજના રૂા. ૧૦૦૧/-

| | | |
|---|---|---|
| ૧. | આવો બાળકો વાર્તા કહું | ૬૫.૦૦ |
| ૨. | જીવતત્વ-નવ-તત્વ-નારકી ચિત્રાવલી | ૧૨૦.૦૦ |
| ૩. | યુગાદિદેશના પુસ્તક સચિત્ર | ૫૧.૦૦ |
| ૪. | યુગાદિદેશના પ્રતાકારે | ભેટ |
| ૫. | પુષ્પાવતી રાસ પ્રતાકારે | ભેટ |
| ૬. | ભગવાન મહાવીર દર્શન - મોટી | ૩૫.૦૦ |
| ૭. | ભગવાન મહાવીર દર્શન - નાની | ૧૦.૦૦ |
| ૮. | શ્રી નેમિનાથ ચરિત્ર - પ્રતાકારે | ભેટ |
| ૯. | શ્રી નેમિનાથ ચરિત્ર - પુસ્તકારે | ૫૧.૦૦ |
| ૧૦. | આત્મોત્થાન | ૩૫.૦૦ |
| ૧૧. | જીવનનું અંતિમ માંગલ્ય - ૭મી આવૃતિ | ૨૫.૦૦ |
| ૧૨. | ભક્તિથી મુક્તિ | ૧૫.૦૦ |
| ૧૩. | જપો મંત્ર સદા નવકાર | ૧૦.૦૦ |
| ૧૪. | પાપને પેલે પાર (બાર વ્રત-ભવ આલોચના) | ૧૦.૦૦ |
| ૧૫. | ભક્તામર રત્નાકર પચ્ચીસી, અરિહંત વંદનાવલી | ૧૫.૦૦ |
| ૧૬. | પર્યુષણ પર્વ પરાગ | ૧૫.૦૦ |
| ૧૭. | ભક્તિથી મુક્તિ-ભાગ ૪ (અંતરાય કર્મ પૂજાના અર્થ) | ૧૫.૦૦ |
| ૧૮. | કાવ્યમય પ્રકરણ - ભાષ્ય દીપિકા | ૨૫.૦૦ |
| ૧૯. | દિવ્ય જીવનને પગલે પગલે | ૧૦૧.૦૦ |
| ૨૦. | મારો સોહામણો ધર્મ | ૪૦.૦૦ |
| ૨૧. | શોર્ટ જૈન સ્ટોરીઝ (ઈંગ્લીશ સચિત્ર કથા) | ૫૧.૦૦ |
| ૨૨. | વ્રત ધરીએ ગુરૂ શાખ (બાર વ્રતની સચિત્ર કથાઓ) | ૩૦.૦૦ |
| ૨૩. | ગણધરવાદ (ગૌ[illegible] પ્રશ્નોતરો) | ૩૫.૦૦ |
| ૨૪. | અરિહંત વંદનાવ[illegible] (પરમાત્માના જ[illegible] | ૧૫.૦૦ |

શ્રી ઝવેરી [illegible] -૩૯૫૦૦૨.